Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2019-20,posted at rajkot-RMS
published & posting dt.-daily (evening) VALID UP TO 31-12-2020

Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:38 Dt.25-11-2020 (Wednesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

કોંગ્રેસના દિગ્ગજ અડીખમ નેતા અહેમદ પટેલની ચિરવિદાય

કોંગ્રેસમાં શોકનું મોજુ : રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિતના નેતાઓની શ્રધ્ધાંજલિ

પક્ષ અને ગાંધી પરિવારને આજીવન વફાદાર રહેનાર અગ્રણી ૧ મહિના લડત આપ્યા બાદ આખરે કોરોના સામે હારી ગયા : સાંજે વતન પીરાણામાં દફન વિધિ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સદ્‌ગતના પુત્ર ફૈઝલને ફોન પર સાંત્વના પાઠવી ઘેરા શોકની લાગણી વ્યકત કરી

રાષ્ટ્રીય સ્તરે દિલ્હીની સત્તાની ગલીઓમાં ગુજરાતનો અવાજ ઉંચો કરનાર નેતા તરીકે અહેમદભાઇ હમેશા યાદ રહેશે

સોનિયા ગાંધીએ કહયું એક મીત્ર વફાદાર સહયોગી ગુમાવી દીધા એમની ખોટ કદી નહીં પુરાય

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

નવી દિલ્હી, તા.૨૫

કોંગ્રેસના વરીષ્ઠ દિગ્ગજ નેતા અને ગાંધી પરીવાર તથા પક્ષને આજીવન વફાદાર રહેનાર કદાવર અગ્રણી રાજયસભાના સભ્ય અહેમદભાઇ પટેલનું આજે દુખદ અવસાન થયું હતું.

કોરોના સંક્રમીત થયા બાદ નવી દિલ્હીની મેદાંતા હોસ્પિટલમાં ૧ મહિના સુધી કોરોના સામે લડત ચલાવીને આખરે વરિષ્ઠ આગેવાને મલ્ટીઓર્ગોન ફેલ્યરને કારણે આજે આખરી શ્વાસ લીધા હતા. આજે સવારે ૩:૩૦ વાગ્યે એમનું નિધન થયાના સમાચાર પ્રસરતા જ કોંગ્રેસમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

ગુજરાત કોંગ્રેસના સિનિયર નેતાઓ અંતિમ વિધિમાં હાજરી આપશે

દેશભરના તમામ પક્ષોના તોચના નેતાઓ એ શ્રધ્ધાંજલી અર્પી હતી અને ઘેરા શોક અને દુખની લાગણી વ્યકત કરી હતી.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન સહિતના ટોચના આગેવાનોએ આઘાત વ્યકત કર્યો હતો. અને સદ્‌ગતની સામાજીક સેવાઓને બિરદાવી તેમની પરિવારને ઉંડી દિલસોજી પાઠવી હતી. આજે સાંજે ૬ વાગ્યા બાદ સદ્‌ગતના વતન ભરૂચના પિરાણા ગામ ખાતે દફન વિધિ કરવામાં આવશે. જેમાં ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ હાજરી આપશે. આજીવન કોંગ્રેસ માટે મજબૂત આધાર સ્તંભ સમાન બની રહેલા અહેમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલે ટ્વીટ કરીને આ દુખદ સમાચાર આપ્યા હતા. વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ફૈઝલ સાથે ટેલીફોનીક વાત કરી એમને સાંત્વના પાઠવી હતી. ફૈઝલે જણાવ્યું હતું કે, મારા પિતા અને રાજયસભાના સાંસદ અહેમદભાઇ પટેલે બુધવારે સવારે ૩:૩૦ વાગ્યે ૭૧ વર્ષની વયે આખરી શ્વાસ લીધા હતા. અત્યંત દુ:ખ સાથે હું જણાવા માંગુ છુ કે, કોરોનાને કારણે મારા પિતાના શરીરના અનેક અંગ કામ કરતા બંધ થય ગયા હતા. અલ્લાહ એમને જન્નત અતા કરે એવી દુઆ એમને પોતાના શુભ ચિંતકોને કોરોના ગાઇડલાઇનસનું પાલન કરવા અને સોશિયલ ડિસ્ટન્સ જાળવવા અપિલ કરી હતી.

એક મહિના પહેલા અહેમદ પટેલને કોરોના લાગુ થયો હતો. અને ગુરૂગ્રામની મૈદાંતા હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. વડા પ્રધાન મોદીએ ટ્વીટ કરીને શોક દર્શાવ્યો હતો. અને કહયું હતું કે, અહેમદભાઇ સામાજીક સેવા માટે આજીવન સમર્પિત રહયા તેવો કુશાગ્રહ બુધ્ધી ચાતુર્ય માટે જાણીતા હતા. કોંગ્રેસને મજબુત કરવા માટે એમને હમેશા યાદ કરવામાં આવશે. ભગવાન એમતા આત્માને શાંતિ આપે. કોંગ્રેસના વરિષ્ઠ સોનીયા ગાંધીએ ભારે દુ:ખ સાથે જણાવ્યું હતું કે, એક મીત્ર અને આજીવન વફાદાર સહયોગી અમે ગુમાવી દિધા છે. તેમનું આખુ જીવન કોંગ્રેસને સમર્પિત હતું. કામ પ્રતિ સમર્પણ, બીજાને મદદ કરવાનો ગુણ એમને અન્યો કરતા અલગ બનાવે છે. એમની ખોટ કદી પુરાશે નહીં. મારી સ્વેદના એમના પરિવાર સાથે છે. રાહુલ ગાંધીએ કહયું કે, આજે ખુબ દુ:ખદ દિવસ છે.

અહેમદ પટેલ કોંગ્રેસના સ્થંભ હતા. મુશ્કેલ સમયમાં તેઓ હમેશાં પક્ષની સાથે રહયા. એમની ખોટ હમેશા વર્તાશે. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિતભાઇ ચાવડા સહિતના નેતાઓએ ઘેરા શોકની લાગણી વ્યકત કરી હતી. અમિત ચાવડા અને વિપક્ષી નેતા પરેશભાઇ ધાનાણી સહિતના તમામ વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ દફન વિધિમાં હાજરી આપશે.

અહેમદ પટેલ : ઝળહળતી રાજકીય સફર પર એક નજર

રાજીવ ગાંધી થી માંડીને સોનીયા ગાંધી સુધીના કોંગ્રેસના દિગ્ગજ નેતાઓના રાજકીય સલાહકાર રહેલા અહેમદ પટેલ રાજકીય લેખે કુશાગ્રહ, બુધ્ધી ક્ષમતા અને કાબેલ સંગઠન શકિત માટે વિખ્યાત હતા. તેમનો જન્મ ૨૧ ઓગષ્ટ ૧૯૪૯ના રોજ ભરૂચ જિલ્લાના પીરામણ ગામે થયો હતો. તેઓ ત્રણ વખત લોકસભા સાંસદ (૧૯૭૭–૧૯૮૯) અને ચારવાર રાજયસભા સાંસદ (૧૯૯૩–૨૦૨૦) રહયા હતા. તેમણે લોકસભાની પહેલી ચૂંટણી ૧૯૭૭માં ભરૂચ બેઠક પરથી લડી હતી. અને જંગી બહુમતીથી વિજેતા થયા હતા. એ સમયે એમની ઉંમર માત્ર ૨૮ વર્ષની હતી. ૧ જાન્યુઆરી થી સપ્ટેમબર ૧૯૮૫માં તેઓ રાજીવ ગાંધીના સાંસદીય સચિવ રહયા હતા. ૨૦૦૧થી તેઓ સોનીયા ગાંધીના રાજકીય સલાહકાર રહયા હતા. ૧૯૮૬ માં તેઓ ગુજરાત કોંગ્રેસ પ્રમુખ બન્યા હતા. તેમણે કોંગ્રેસમાં અનેક ટોચના હોદ્દા પર રહીને કોંગ્રેસને હમેશા સચ્ચોટ દોરવણી આપી હતી. ખુબજ સાદગી ભર્યા અને મળતાવડા સ્વભાવને કારણે તેઓ હરીફ પક્ષોમાં પણ લોક પ્રિયતા ધરાવતા નેતા હતા. દિલ્હીમાં ગુજરાતનો અવાજ ઉચ્ચો કરનારા નેતા તરીકે તેમને હમેશા યાદ કરવામાં આવશે.

કેવડિયામાં સ્પીકર મહાસંમેલનનો શુભારંભ

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ઉદ્‌ઘાટન ગવર્નર, મુખ્યમંત્રીની હાજરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

કેવડિયા, તા.૨૫

કેવડિયા કોલોની ખાતે આજે સવારે ૮૦મી અખીલ ભારતીય પીઠાસીન અધિકારીઓની પરિષદનો શુભારંભ થયો હતો. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના હસ્તે સ્પીકર મહાસંમેલનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સંમેલનમાં ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી, રાજયસભાના ઉપાધ્યક્ષ હરિવંશ નારાયણસિંધ અને ગુજરાત વિધાનસભાના સ્પીકર રાજેન્દ્ર ત્રિવેદીએ હાજરી આપી હતી. આપેલા વડોદરાથી હવાઇ માર્ગે કેવડિયા આપી પહોંચેલા રાષ્ટ્રપતિ કોવિંદનું ઉપરાષ્ટ્રપતિ વૈનકૈયા નાયડુ, લોકસભાના સ્પીકર ઓમ બીરલા અને મુખ્યમંત્રી રૂપાણી વગેરે ઉષ્મા ભર્યું સ્વાગત કર્યુ હતું. ટેન્ટ સીટી પરીષદમાં મહેમાનોના સ્વાગત માટે છોટા ઉદયપુર જિલ્લાના સજુલી ગામના આદિવાસી કલા વૃંદે નૃત્ય શરૂ કર્યા હતા. અને ઠોલ વાદન દ્વારા મહેમાનોને આવકાર આપ્યો હતો. આ મહાપરિષદનો શુભારંભ રાષ્ટ્રગાનથી કરવામાં આવ્યો હતો. ત્રણ અલગ-અલગ સત્રનું આજે આયોજન કરવામાં આવ્યું છે. તમામ રાજયોની વિધાનસભાના સ્પીકર અને ઉપાધ્યાક્ષો હાજરી આપી રહયા છે.

સર્વ પ્રથમ વિજયભાઇ રૂપાણીએ પ્રવચન કરીને આવનારા દિગ્ગજો અને મહેમાનોનું સ્વાગત કર્યુ હતું. આ મહાસંમેલનમાં વિધાયિકા, કાર્યપાલિકા અને ન્યાય પાલિકાનો આદર્શ સમનવય જોવા મળી રહયો છે. સંમેલનની સાથે સાથે ભારતના પ્રાચીન લોકસાહી ઇતિહાસની જાખી કરાવતું પ્રદર્શન પણ ખુલ્લુ મુકાયું હતું.

પગાર પ્રશ્ને આજે BSNL કર્મચારીઓની દેશવ્યાપી હડતાલ

(એજન્સી સમાચાર)

રાજકોટ તા. ૨૫ : ત્રીજા બેઇઝ રીવીઝન એટલે કે ત્રીજા પગાર પંચ પ્રશ્ન સહિતના એક ડઝન મુદ્દા અંગે આજે રાજકોટના ૩૫૦ સહિત દેશભરના ૭૦ હજારથી ઇજગાક કર્મચારીઓ એક દિવસની રાષ્ટ્રવ્યાપી હડતાલ ઉપર ઉતરી જશે. યુનિયન આગેવાનોના જણાવ્યા પ્રમાણે અનેક વખત રજૂઆતો – મંત્રણા છતાં સરકારે કોઇ ઉકેલ નહી લાવતા તમામ યુનિયનોએ એક સાથે હાકલ કરી હડતાલનું એલાન આપ્યું છે, આ હડતાલમાં રાજકોટ શહેર – જિલ્લાના ૩૫૦ ઉપરાંત ગુજરાતના ૬ હજાર સહિત દેશભરમાં ૭૦ હજાર કર્મચારીઓ હડતાલમાં જોડાશે.

૪જી સેવા – અનિયમીત પગાર – મેડીકલ બીલ સહિતના મુદ્દા અંગે લડત

પગારપંચ ઉપરાંત ૪જી સેવામાં થતાં ઠાગાઠૈયા, દર મહિને અનિયમીત પગાર, કોન્ટ્રાકટ બેઇઝ હેલ્પરો – કર્મચારીઓના બાકી ભથ્થા, મેડીકલ બીલ સહિત કુલ ૧૦ થી ૧૨ પ્રશ્નો અંગે કર્મચારીઓએ હડતાલ શરૂ કરી છે. દરમિયાન આજે મોંઘવારી કાપના મુદ્દે બપોરે ૨ વાગ્યે રાજકોટ સહિત દેશભરમાં કર્મચારીઓએ દેખાવો – સૂત્રોચ્ચાર કર્યા હતા, કાલે હડતાલને કારણે બીલીંગ સહિતની અનેક સેવાઓ ઠપ્પ થશે, કાલે પણ કર્મચારીઓ દ્વારા દેખાવો યોજાશે તેમ સૂત્રોએ ઉમેર્યું હતું.

રાજકોટમાં ૧.૨૫ લાખ અને ગોંડલ માર્કેટ યાર્ડમાં મગફળીની ૧ લાખ ગુણીની આવક, વિદેશમાં નિકાસ ચાલુ હોવાથી ૭૨૫થી ૧૧૨૧ સુધી ભાવ બોલાયા

આવતીકાલે દેશવ્યાપી બેન્ક હડતાલનું એલાન

સ્ટેટ બેન્ક અને આઇઓબી સિવાયની જાહેર ક્ષેત્રની બેન્કોના કર્મચારીઓ કામકાજથી દૂર રહેશે: સહકારી બેન્કો પણ ચાલુ રહેશે: ડિઝિટલ બેન્કીંગ અને એટીએમ ચાલુ રહેશે

નવી દિલ્હી, તા. ૨૫ :.

આવતીકાલે કેન્દ્ર સરકારની શ્રમ વિરોધી નીતિઓના વિરોધમાં ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનોએ આપેલા હડતાલના એલાનને બેન્ક કામદારોના સૌથી મોટા યુનિયન એઆઇબીઇએ એ પણ ટેકો આપતા આવતીકાલે મોટાભાગની બેન્કો બંધ રહેશે. સ્ટેટ બેન્ક અને ઈન્ડીયન ઓવરસીઝ બેન્કના કર્મચારીઓ હડતાલમાં નહિ જોડાય. આ હડતાલમાં સહકારી બેન્કો પણ સામેલ થવાની નથી.દેશભરની મોટાભાગની બેન્કોમા આવતીકાલે કામકાજ ઠપ્પ થઈ જશે. જો કે ડીઝીટલ બેન્કીંગ કામકાજ ચાલુ રહેશે. એટીએમ પણ ચાલુ રહેવાના છે. ૨૬ તારીખ એટલે કે ગુરૂવારના રોજ હડતાલ બાદ શુક્રવારે બેન્કો ચાલુ રહેશે પરંતુ ફરી ૨૮મીએ ચોથો શનિવાર અને ૨૯મીએ રવિવારના કારણે બેન્કો બંધ રહેવાની છે.

કોરોના કાબુમાં ન આવે ત્યાં સુધી રાત્રી કર્ફયુ રહેશે : રૂપાણી

હજુ આકરા પગલા આવે છે ચાર શહેરોમાં પાનના ગલ્લા, ચાની કીટલીઓ બંધ થવાની શકયતા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ગાંધીનગર, તા.૨૫

કોરોનાના વધતા કેસો વચ્ચે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ આજે મહત્વ પૂર્ણ સ્પષ્ટા કરી હતી કે જયાં સુધી કોરોનાની સ્થિતી અંકુશમાં નહી આવે ત્યાં સુધી રાજયના ચાર શહેરોમાં રાત્રી કર્ફયુ યથાવત રાખવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, રાજય સરકારે પુરતા પગલાં લીધા હોવાથી કોરોના નિયત્રણમાં છે. પુરતા પ્રમાણમાં કોવિડ બેડ પણ ઉપલબધ છે.

જોકે સુમાહિતગાર સુત્રો જણાવે છે કે, સુપ્રિમ કોર્ટની ફટકાર અને વડાપ્રધાન સાથે મુખ્યમંત્રીની વર્ચ્યુઅલ વીડિયો કોન્ફરન્સ સાથે રાજયમાં વધુ આકરા પગલા લેવાનું રાજયસરકાર નકકી કરે એવી શકયતા છે. ખાસ કરીને ગુજરાતના ચાર શહેરોમાં સુપરસ્પ્રેડર બનતા જતા પાનના ગલ્લા અને ચાની કીટલીઓ ફરીથી બંધ કરવવામાં આવે તેવી પુરી શકયતા દેખાય છે. ગુજરાતની સરહદો સીલ કરવા સહિતના કઠોળ પગલા લેવાય તેવી પુરી શકયતા છે.

ખેડાનું સુપ્રધ્ધિ ફાગવેલ મંદિર સાંજે ૬ પછી બંધ રખાશે

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

આકાંશા ગોંડલીયાનો આજે જન્મદિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

આજે આકાંશા ગોંડલિયાનો જન્મદિવસ છે. તેઓ ૯૨.૭ બીગ એફ.એમ.માં જુનીયર આર.જે તરીકે પસંદગી પામેલ હતા તેમજ તેઓ વકતૃત્વના ટા આગળ વધવાની ઈચ્છા છે. જન્મદિવસ નિમિતે સગા સ્નેહીઓ તરફ શુભેચ્છાઓનો વરસાદ વહી રહ્યો છે. સૌરાષ્ટ્ર ક્રાંતિ પરિવાર તરફથી આકાંશાને જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ...

જયદિપસિંહ જાડેજાનો જન્મદિવસ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

તોરણીયા ધામ નંકલક રામામંડળના પ્રમુખ જયદિપસિંહ જાડેજાનો આજે જન્મદિવસ છે. તેઓએ તેમના યશસ્વી જીવનના ૨૧ વર્ષ પૂર્ણ કરી ૨૨ વર્ષમાં મગલ પ્રવેશ કર્યો છે. તેમના શાંત અને સરળ સ્વભાવથી તેઓએ બધાના દિલ જીતી લીધા છે. ત્યારે જયદિપસિંહનો બહોળા મિત્ર વર્તુળ તેમજ સગા-સ્નેહીઓ દ્વારા મો. ૯૯૦૪૪ ૪૩૯૦૨૫૨ શુભેચ્છાઓનો ધોધ વર્ષી રહ્યો છે. ત્યારે સૌરાષ્ટ્રક્રાંતી પરિવાર તરફથી જયદિપસિંહને જન્મદિવસની ખુબ-ખુબ શુભેચ્છાઓ.....

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી **Sk News** એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

Whatsapp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો
તમારી આસપાસ બનતી કોઈપણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસવીરને અમારા સુધી પહોંચાડો.
કોઇપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર **Whats App** કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

શ્રધ્ધાજંલિ / બેસણું

જાહેર ખબર પ્રકાર	આવૃતિ	સાઈઝ	ભાવ
બેસણું/શ્રધ્ધાજંલિ	રાજકોટ	5x2	200

5% GST

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

125, સ્ટાર ચેમ્બર,
હરિહર ચોક,
પંચનાથ પ્લોટ,
રાજકોટ-360001

મોભો એ જ, માધ્યમ નવું

યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા

આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્કાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ | saurashtrakrant
SAURASHTRAKRANTI | SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક

ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426

આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

ગુજરાતમાં કોરોના 2 લાખને પાર

આખરે ભુલ કોની ???

માસ્ક-સોશિયલ ડિસ્ટન્સ વગર હજારોની સંખ્યામાં લોકોની અવર-જવર તો ક્યાંક તંત્રની ઢીલાશ પણ જવાબદાર ગણી શકાય?

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨

રાજ્યમાં કોરોના સંક્રમણનો વિસ્ફોટ થતાં સ્થિતિ જોખમી બની રહી છે. દરરોજના નવા કેસ તેમજ મોતની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૫૧૦ કેસ નોંધાયા છે. આ સાથે રાજ્યમાં કોરોના બે લાખને પાર પહોંચી ગયો છે. હાલ ગુજરાતમાં ૧૪ હજારથી વધુ એક્ટીવ કેસ છે. છેલ્લા કેટલાક સમયથી કોરોના કેસમાં મોટો વધારો જોવા મળ્યો છે. ત્યારે ડિસ્ચાર્જ થનારા દર્દીઓની સંખ્યા પણ ઘટી છે. ઓગસ્ટ-સપ્ટેમ્બર મહિનામાં અમદાવાદમાં કોરોનાની ગતિ ઓછી થઈ હતી. લોકલ સંક્રમણ અન્ય શહેરો કરતાં ઓછું જોવા મળ્યું હતું, પરંતુ દિવાળીના તહેવારોમાં ફરી અમદાવાદમાં કોરોનાનો કહેર વર્સી રહ્યો છે. હાલમાં વધી રહેલા લોકલ સંક્રમણ પાછળ લોકોની બેદરકારી જણાઈ રહી છે. ગુજરાતીઓ ખાવાના ખૂબ જ શોખીન હોય છે. ખાસ કરીને તહેવારોના સમયમાં લોકો પોતાના પરિવારો સાથે મોટી સંખ્યામાં શહેરના અલગ-અલગ ફૂડ ઝોનમાં ઊમટી પડે છે, ફુડઝોનમાં જ્યાં લોકો મોડી રાત સુધી ભીડ જમાવીને બેઠા હોય છે.

સરકાર દ્વારા રેસ્ટોરાં પણ ૧૧ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની છૂટ અપાઈ હતી. ખાણી-પીણીના જાણીતા ફૂડ જોન પણ મોડી રાત સુધી ધમધમવા માંડ્યા હતા, પરંતુ તહેવારોમાં લોકો ત્યાં ભેગા થઈને કોરોનાનો ભય હોવા છતાં કોઈપણ પ્રકારના નિયમોનું પાલન કરતા નહોતા. યુવાનો ટોળે વળીને પોતાનાં વાહનો લઈ જે-તે સ્થળે બેસતા હતા, પરંતુ સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવતા નહોતા તથા માસ્ક પણ પહેરતા નહોતા. તંત્ર દ્વારા ઘણીવાર સૂચના તેમજ કડક કાર્યવાહી કરવા છતાં ઘણા લોકો આજે પણ જાહેરમાં માસ્ક પહેરવાનું ટાળે છે અથવા તો ખોટી રીતે માસ્ક પહેરે છે.

કોરોના સંક્રમણને લઈ ગુજરાત સહિત ૪ રાજ્યની સુપ્રીમ કોર્ટના આદેશ બાદ ગણતરીની કલાકોમાં જ સરકાર દ્વારા લગ્ન પ્રસંગ માટે ૨૦૦ વ્યક્તિની છૂટછાટને તાત્કાલિકપણે અડધી કરી દેવાઈ છે, એટલે કે હવે ૧૦૦ લોકો જ હાજર રહી શકશે, પરંતુ દિવાળી સહિત કેટલાક લગ્ન પ્રસંગમાં ૨૦૦ કરતાં વધુ તેમજ જે લોકો આવ્યા છે તેમને પણ માસ્ક તેમજ સોશિયલ ડિસ્ટન્સ રાખ્યા વગર એકબીજાને અડીઅડીને બેસવું તેમજ ટીજેના તાલે નાચતા જોવા મળ્યા હતા. ભોજન સમયે પણ મોટા કુંડાળા કરીને લોકો એકસાથે જમતા હોય છે. તો જો આમાંથી કોઈ એકને પણ કોરોનાનાં લક્ષણ હોય તો મોટી સંખ્યામાં કોરોનાનો વિસ્ફોટ થઈ શકે છે.

દિવસ દરમિયાન વધુમાં વધુ લોકોના સંપર્કમાં આવતા હોય તેવા ફેરીયા, શાકભાજીવાળા, કરિયાણાના વેપારી, મીડિયા કર્મચારીઓ વગેરેની ગણતરી કોરોનાના સુપર સ્પ્રેડર તરીકે કરવામાં આવતી હોય છે.

કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સભા, સરઘસ અને રેલી પર દરેક જિલ્લા કલેક્ટરો અને પોલીસ સત્તાવાળાઓએ જાહેરનામાથી પ્રતિબંધ ફરમાવ્યો છે. આ પ્રતિબંધની ઐસીતૈસી કરી મંજૂરી મેળવ્યા વગર અનેક જગ્યાએ રાજકીય પક્ષો સ્વાગતમાં ઠેર ઠેર રેલી, મીટીંગજેવા આયોજનો મોટાપાયે કરવામાં આવ્યા હતા. રેલીના આયોજકો કે ભાજપ સામે કોઈ પ્રકારના કેસ કરવામાં આવ્યા નથી પરંતુ કોરોનાના કેસ મોટા પ્રમાણમાં થયા છે.

તામિલનાડુ-પુડુચેરીના દરિયાકાઠે 'નિવાર' પહોંચવાની સંભાવના

૧૪૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે

(એજન્સી સમાચાર)

રાજકોટ,તા.૨૫

બંગાળની ખાડીમાં સર્જાયેલા તોફાન નિવારે ઝડપ પકડી છે. ચેન્નઈમાં છેલ્લા ૨૪ કલાકથી સતત વરસાદ પડી રહ્યો છે. સ્થિતિ એ છે કે અનેક વિસ્તારોમાં પાણી ભરાયાં છે. પૂર્વ સીએમ કરુણાનિધિના ઘરમાં પણ પાણી ભરાયાં છે અને એનો વિડિયો વાઇરલ થઈ રહ્યો છે. હવામાન વિભાગે નિવાર ચક્રવાત એક જોખમી સાઇક્લોનમાં ફેરવાઈ શકે છે એની શક્યતાઓ રજૂ કરી છે.

ચેન્નઈના સાઇક્લોન વોર્નિંગ સેન્ટરના જણાવ્યા પ્રમાણે, નિવાર સાઇક્લોન હાલ ચેન્નઈથી ૩૫૦ કિમી દૂર દક્ષિણ-પૂર્વમાં છે. એ ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધી રહ્યું છે. આ મોડી સાંજે અથવા રાતે કરાઇકલ (આંધ્રપ્રદેશ) અને મહાબલીપુરમ (તામિલનાડુ)ને ક્રોસ કરશે. સાઇક્લોન

અહીંથી પસાર થતી વખતે ૧૪૫ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

આ તોફાનનો સામનો કરવા માટે તામિલનાડુ, પુડુચેરી અને આંધ્રપ્રદેશમાં ૧૨૦૦ રેસ્ક્યૂ ટૂપર્સ તહેનાત કરાયા છે. એવા ૮૦૦ ટૂપર્સ સ્ટેન્ડબાય રખાયા છે. રેલવેએ ૧૨ અપડાઉન ટ્રેન રદ કરી છે.

નિવારમુદ્દે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે તામિલનાડુ અને પુડુચેરીના મુખ્યમંત્રી સાથે વાત કરી હતી. મોદીએ નીચાણવાળા વિસ્તારો ખાલી કરાવવા અને લોકોને સુરક્ષિત જગ્યાએ ખેસડવાની વાત પર ભાર આપ્યો હતો. મોદીએ બંને સીએમને શક્ય એટલી મદદ કરવાનો વિશ્વાસ અપાવ્યો છે.

દિલ્હીના વૈજ્ઞાનિક આરકે જેનામણિએ કહ્યું છે કે નિવાર ચક્રવાત મંગળવારે બપોરે ચેન્નઈના દક્ષિણ-પશ્ચિમમાં ૫૦ કિલોમીટરના અંતરે હતું. એ પશ્ચિમ તરફ વધી રહ્યું છે. એ તામિલનાડુ તટ તરફ આગળ વધશે તેવો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. પુડુચેરીના તટથી બુધવારે સાંજે ૫ વાગે અથડાશે. એમાં વધુ ઝડપ આવવાની શક્યતા છે. કોસ્ટ ગાર્ડનાં ૮ શિપ, ૨ એરક્રાફ્ટ તહેનાત વિનાશક તોફાન નિવારને લીધે બંગાળની ખાડીની દક્ષિણ-પૂર્વ દિશાએ તામિલનાડુ અને પુડુચેરી તટની નજીક કોસ્ટગાર્ડનાં ૮ શિપ અને ૨ એરક્રાફ્ટ તહેનાત કરાયાં છે. એના દ્વારા મર્ચન્ટ શિપ અને માછલી પકડનારી બોટને તોફાનની ચેતવણી અપાઈ રહી છે. એનડીઆરએફની ટીમો લોકોને ખરાબ હવામાનથી બચવાના ઉપાયો પણ જણાવી રહી છે.

રાહત-બચાવ માટે એનડીઆરએફની ૩૦ ટીમ તૈયાર

નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ (એનડીઆરએફ)ના ડીજી એસ. એન. પ્રધાને કહ્યું હતું કે નિવાર તોફાનને ધ્યાને લઈને તામિલનાડુ, પુડુચેરી અને આંધ્રપ્રદેશમાં કોસ્ટ ગાર્ડની ૧૨ ટીમે તહેનાત કરાઈ છે. આ રાજ્યોમાં ૧૮ ટીમને સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

ચાર રાજ્યમાં ભારે વરસાદની ચેતવણી

તોફાનને કારણે તામિલનાડુ, પુડુચેરીની સાથે આંધ્રપ્રદેશ અને તેલંગણામાં વધુ ભારે વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગે આ માટે ચેતવણી જારી કરી છે. ૨૪, ૨૫ અને ૨૬ નવેમ્બરે અહીં વરસાદનું અનુમાન છે.

કોરોના ઈફેક્ટઃ સૌ.યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ ઓનલાઈન યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

રાજકોટમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ ઓનલાઈન યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દર વર્ષે પદવીદાન સમારોહમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓની હાજરીમાં પદવીદાન સમારોહ યોજાય છે. પરંતુ આ વર્ષે કોરોના મહામારીને કારણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પદવીદાન સમારોહ ઓનલાઈન યોજવામાં આવશે. જેમાં રાજ્યપાલ વર્ચ્યુઅલ શુભેચ્છા પઠાવશે. ૧૯ ડિસેમ્બરના રોજ પદવીદાન સમારોહ યોજાશે.

હાલ રાજકોટ સહિત સમગ્ર ગુજરાતભરમાં કોરોના વાયરસનો કહેર યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે રવિવારના રોજ રાજ્ય સરકાર દ્વારા રાજકોટ, વડોદરા, સુરત અને અમદાવાદમાં રાત્રિ કર્ફ્યૂ યથાવત રહેશે તેવી જાહેરાત પણ કરી હતી. ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પહેલી ડિસેમ્બરથી ઇએ,ઇ.ભજ્ઞળ, ઇજ્ઞ સેમેસ્ટર ૫ સહિતની ૨૭ પરીક્ષા શરૂ થવાની હતી તે પરીક્ષાઓ મોકૂફ રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે હાલ કેટલીક કોલેજોમાં પરીક્ષા માટેના ફોર્મ ભરાય ચૂક્યા છે. તો કેટલીક કોલેજોમાં પરીક્ષા માટેના ફોર્મ ભરવા માટે વિદ્યાર્થીઓને તારીખ અને સમય પણ આપી દેવામાં આવ્યો છે. પરીક્ષાની તારીખ પાછી ઠેલાતા કેટલાક વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હોવાનું પણ સામે આવ્યું છે. કારણ કે સતત કોરોના મહામારીના કારણે ચાલુ વર્ષે કેટલીક કોલેજોમાં ઓનલાઇન શિક્ષણ મોડું શરૂ થયું હતું. જેના કારણે કેટલીક કોલેજો દ્વારા સમયસર અને પદ્ધતિસર વિદ્યાર્થીઓને સેમસ્ટરમાં આવતા વિષયોનું પુરતું જ્ઞાન ન આપ્યું હોવાની પણ ફરિયાદો ઉઠતી રહી છે.

રાજ્યપાલ વર્ચ્યુઅલ શુભેચ્છા પાઠવશે

ભાવનગરમાં વહેલી સવારે ભૂકંપના ૨ની તીવ્રતાના બે આંચકા

ભૂકંપનું કેન્દ્રબિંદુ ભાવનગર અને સુરત વચ્ચે દરિયામાં નોંધાયું

(એજન્સી સમાચાર)

ભાવનગર,તા.૨૫

ભાવનગરમાં વહેલી સવારે ૪ વાગ્યે ભૂકંપના બે આંચકા અનુભવાયા હતા. ૪ વાગ્યે ૨ની તીવ્રતાનો એક આંચકો અને બીજો ૪.૦૨ વાગ્યે ૨ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપના આંચકાથી લોકોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ૪ વાગ્યે આંચકો અનુભવાયો હતો તેનું કેન્દ્રબિંદુ ભાવનગરથી ૪૬ કિલોમીટર દૂર દરિયામાં નોંધાયું હતું જ્યારે ૪.૦૨ વાગ્યેઅનુભવાયેલા ભૂકંપના આંચકાનુંકેન્દ્રબિંદુ ભાવનગરથી ૪૪ કિલોમીટર દૂર દરિયામાં નોંધાયું હતું સૌરાષ્ટ્રમાં ભૂકંપના આંચકા અવારનવાર અનુભવાય રહ્યા છે. ત્યારે રાજકોટમાં ૩ મહિના પહેલા ભૂકંપના ત્રણ આંચકા અનુભવાયા હતા. જેમાં પહેલો આંચકો સવારે ૧૧.૩૧ વાગે ૧.૫ની તીવ્રતાનો, બીજો આંચકો બપોરના ૧.૩૬ વાગે ૧.૬ની તીવ્રતાનો અને સાંજે ૭.૦૮ વાગે ૧.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

શેરડી અને જીંજરાની ધૂમ આવક

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)રાજકોટઃ ગત ચોમાસામાં રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છ અને રાજ્યભરમાં ખૂબ જ સારો વરસાદ થવા પામ્યો હતો. આ વરસાદના પગલે ખાસ કરીને સૌરાષ્ટ્રમાં ચણા અને શેરડીનું ભરપુર વાવેતર કરાયું હતું. હવે શિયાળાની શરુઆત થઈ જવા પામી છે ત્યારે બજારમાં લીલા ચણા (જીંજરા) અને સફેદ તથા લાલ શેરડીની ભરપુર આવક થવા લાગી છે અને લોકો શિયાળામાં કોરોના મહામારી વચ્ચે તંદુરસ્તી બનાવવા માટે શેરડી અને ચણાની ભરપુર ખરીદી પણ કરી રહ્યા છે. દરમ્યાન ખાસ કરીને આવતીકાલે દેવદિવાળીનો તહેવાર હોય આ તહેવારમાં ઘરના આંગણે તુલસી ક્યારા પાસે શેરડીનો સાંઠો રાખવાની રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં એક પરંપરા છે જેના પગલે આજરોજ રાજકોટની બજારોમાં ઠેર ઠેર શેરડીના ઢગલા નજરે પડયા હતા. લોકોએ દેવદિવાળી અનુસંધાને શેરડીના સાંઠાની ધૂમ ખરીદી પણ કરી હતી.

કર્ફ્યૂ શરૂ થતાં જ રાજકોટની હવા શુધ્ધ બની, એર ક્વોલિટી ગ્રીન ઝોનમાં પહોંચી

હવાની ગુણવત્તામાં ૫૦ ટકાનો સુધારો નોંધાયોઃ ૯ વાગ્યા પહેલા એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૦૦થી વધુ હોય છે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

રાજકોટમાં રાત્રીના ૯ વાગ્યા બાદ કર્ફ્યૂ લાગી જાય છે અને રસ્તાઓ તેમજ બજાર સૂમસામ બની જાય છે. આ કારણે શહેર શાંત તો લાગે છે પણ સાથે સાથે પ્રદૂષકોમાંથી પણ છુટકારો મળતા હવા પણ શુદ્ધ બની જાય છે. કરફ્યૂના કારણે સાંજે સાતથી નવ વાગ્યા સુધીમાં જ લોકો પોતપોતાના ઘરે પહોંચી જાય છે. અને ૯ વાગ્યા બાદ રસ્તા સુમસામ બની જાય છે. વાહનો બંધ થતા ધુમાડો નહીંવત હોય છે તેમજ ઘણા ધંધા રોજગાર અને નાના મોટા ઉદ્યોગ બંધ રહેતા તેનો ધુમાડો તેમજ રજકણો રાત્રીના સમયે ઓછા થઈ જાય છે. મનપાના સેન્ટર ૨૪ કલાક સતત પ્રદૂષણ માપતા હોય છે. ૯ વાગ્યા પહેલા રાજકોટ શહેરની મધ્યમાં રાખેલા સેન્સર જેમ કે મનપાની સેન્ટ્રલ ઝોન ઓફિસમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૧૦૧ સુધી પહોંચી જાય છે. હવાની ગુણવત્તા ઓરેન્જ ઝોન સુધી પહોંચવાની નજીક હોય છે. જો કે ૯ વાગ્યા બાદ વાહનો

બંધ થતા માત્ર એક જ કલાક એટલે કે ૧૦ વાગ્યાની સ્થિતિએ એર ક્વોલિટી ઈન્ડેક્સ ઘટીને સીધો ૫૦ પર પહોંચી જાય છે. શહેરના બીજા વિસ્તારોમાં તો આ ઈન્ડેક્સ ૨૫થી ૩૦ એટલે કે ગ્રીન ઝોન સુધી પહોંચી જાય છે. વહેલી સવારે પણ એકદમ શુદ્ધ હવાનો અનુભવ લોકોને થાય છે.

બેડી યાર્ડ બહાર મગફળી ભરેલા વાહનોની લાંબી લાઈન

૭૦ હજાર ગુણીની આવક થવાનું અનુમાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

રાજકોટના બેડી માર્કેટ યાર્ડમાં આવતીકાલથી ફરી મગફળીની હરાજી શરૂ થશે. આથી માર્કેટ યાર્ડમાં લાભપાંચમ બાદ બીજી વખત મગફળીની મબલક આવક થઈ છે. માર્કેટ યાર્ડ બહાર ૪ કિલોમીટર સુધી મગફળી ભરેલા વાહનોની લાંબી લાઈન લાગી છે. અંદાજીત ૭૦ હજાર બારદાનની આવક થયાનું અનુમાન છે. ટેકાના ભાવ કરતા ખુલ્લા માર્કેટમાં સારા ભાવ મળતા હોવાથી મગફળીની બમ્પર આવક થઈ છે. ટેકાના ભાવમાં મગફળી જાય તો ડેમેજ અને ગુણવત્તા ઓછી આવતી હોવાથી રિજેક્ટ થાય છે. દિવાળી બાદ લાભપાંચમથી મગફળીની આવક થવા દેવામાં આવી હતી. તે મગફળીનું આજે પૂરુ વેચાણ થઈ જતા આજે નવી મગફળીની આવક કરવામાં આવી છે. અત્યારે વાહનોની લાઈન લગાડી દેવામાં આવી છે. અંદાજે ૬૦થી ૭૦ હજાર ગુણી મગફળીની આવક થશે. અતિવૃષ્ટિને કારણે ઘણા ખેડૂતોને મગફળીનું ઉત્પાદન ઓછુ આવ્યું છે. ટેકાના ભાવમાં મગફળી જાય

તો ડેમેજ અને ગુણવત્તા ઓછી હોવાને કારણે રિજેક્ટ થવાના ભયથી ખેડૂતો ખુલ્લા માર્કેટમાં મગફળી વેચી રહ્યાં છે. રાજકોટ માર્કેટ યાર્ડમાં ૨૦ કિલો મગફળીનો ભાવ ૯૫૦થી ૧૦૭૦ સુધી બોલાય રહ્યો છે. ટેકાના ભાવે જે ખરીદી થાય છે તેના કરતા સારા ભાવ માર્કેટ યાર્ડમાં મળી રહ્યાં છે. ટેકાના ભાવે મગફળી વેચવામાં આવે તો એક કે બે મહિને ખેડૂતોને પૈસા મળે છે. જ્યારે માર્કેટ યાર્ડમાં વેપારીઓ તુરંત જ ખેડૂતોને પૈસા આપી દે છે. આથી ખેડૂતો માર્કેટ યાર્ડમાં મગફળી વેચવાનું વધારે પસંદ કરે છે.

તંત્રી સ્થાનેથી...

દેશમાં કોરોના સંક્રમણની બીજી લહેર, પ્રજા પર દોષનો ટોપલો શા માટે...?

દેશમાં કોરોનાએ પુનઃ પોતાનો કાળમુખો પંજો ફેલાવ્યો છે. દેશમાં કોરોના સંક્રમિતોનો આંક ૮૯ લાખને પાર થઈ આગળ વધી રહ્યો છે. જ્યારે કેટલાક ૨૪ કલાકમાં ૩૮,૬૧૭ નવા કેસ નોંધાયા છે. જ્યારે એક્ટીવ કેસો ૪,૪૬,૮૦૫ ની સઘન સારવાર ચાલી રહી છે. આવા સમયે દિલ્હીમાં કોરોના વાયરસનો ત્રીજો તબક્કો શરૂ થઈ ગયો છે અને એક જ દિવસમાં એક લાખથી વધુ પોઝેટીવ કેસો નોંધાતા કેજરીવાલ સરકારે તાકીદે દિલ્હી પ્રવેશની બોર્ડરો પર મેડિકલ ટીમો ઉતારીને પ્રવેશ સ્થળો પર કોરોના ટેસ્ટીગ શરૂ કરાવી દીધું છે તે સાથે વિવિધ હોસ્પિટલોમાં કોરોના દર્દી માટેના વોર્ડ વધારવા સાથે સઘન સારવાર મળી રહે તેવું આયોજન કરી દીધું છે. તેમજ મહારાષ્ટ્ર સરકારની જેમ નદી, તળાવ જેવા સ્થળો પર જાહેરમા છઠ્ઠ પૂજા સેવા પર પાબંદી ફરમાવી દઈ ઘરમાં રહીને છઠ્ઠ પૂજા કરવા અપીલ કરી છે. લગ્ન પ્રસંગમાં કે સમારંભોમાં ૨૦૦ ની સંખ્યા હતી તે ઘટાડીને ૫૦ વ્યક્તિની કરી દેવામાં આવી છે. ઉપરાંત કેટલાક વિસ્તારોમાં લોકડાઉન કરવા માટે કેન્દ્ર સરકાર પાસે મંજૂરી માંગી છે. મતલબ કે કોરોના કેસોનો વિસ્ફોટ થયો છે.! મહારાષ્ટ્રમાં કોરોના કેસો વધે નહીં તે માટે મહાનગરપાલિકાએ મુંબઈના દરિયા કિનારા, તળાવો, નદીઓના કિનારાઓ પર છઠ્ઠ પૂજા ઉજવવા પર પ્રતિબંધ મૂકી દીધો છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાએ ૧,૩૦,૯૯૩ લોકોને મોતના મુખમાં ધકેલી દીધા છે. કર્ણાટક, તમિલનાડુ, દિલ્હી, મહારાષ્ટ્ર,બિહાર, ઉત્તર પ્રદેશમાં કોરોના કેસનો બીજો કે ત્રીજો તબક્કો શરૂ થયો છે. ગુજરાતમાં કોરોના સંક્રમિતોના નવા કેસ ૯ હજારથી વધુ નોંધાયા છે. આજદીન સુધીમાં ૩૮૧૫ ના મૃત્યુ નોંધાયા છે. ગુજરાતમાં કોરોનાએ છેલ્લા ૨૪ કલાકમાં પોતાના બાહુપાશમાં ૧૦૦ ને ઝડપ્યા છે અને ૭ દર્દીના મોત થયા છે. આજ સુધીમાં કોરોના કેસોનો આક ૧.૯૦ લાખનેપાર થઈ ગયો છે. વિશ્વમાં આજે દીન સુધીમાં કોરોના રસીની સફળતાનો રશિયા સિવાય કોઈપણ દેશે દાવો કર્યો નથી. પરંતુ રશિયાના પ્રમુખ પુતીને દાવો કર્યો છે કે કોરોના રસી સ્પુટનિક ૫ નુ ઉત્પાદન ભારતમાં કરવામાં આવી શકે. ભારતમાં ભારત બાયોટેક અને સિરમ ઈન્સ્ટીટ્યુટની કોરોના દર્દીનું ટેસ્ટીગ ત્રીજા તબક્કામાં પહોંચ્યું છે. તેમજ ટ્રાઈઝર કંપની કોરોના રસી નાતાલ પહેલા બ્રિટનમાં લોન્ચ થવાની શક્યતા છે. ત્યારે લોકોમાં સવાલી ચર્ચા છે કે ભારતમાં કોરોનાને મહાત આપેલ દર્દીઓને જે દવાથી સારવાર કરવામાં આવી માતા-પિતા દર્દીઓને જે દવા સારવાર કરવામાં આવી તે દવા અન્યને કેમ નહીં.?જ્યારે આયુષ મંત્રાલયની આયુર્વેદિક દવાથી અનેકો સાજા થયા છે તો તે દવાની સારવાર અન્ય દર્દીઓ ઉપર કેમ નથી કરવામાંઆવતી.?

ભારત માં કોરોના કિસોમાં ઘટાડો થવા સાથે સાજા થયેલા કોરોના દર્દીઓની સંખ્યા પણ સતત વધતી રહી હતી.પરંતુ હવે કોરોના કેસોની સંખ્યા વધવા નું કારણ શું.? દેશમાં કોરોના માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરાવવામાં આવતું હતું. મોઢા પર માસ્ક,ડિસ્ટન્સ જાળવવું, સેનેટાઈઝર ઉપયોગ, હાથ ધોવા સહિતની બાબતો માટે વડાપ્રધાન શ્રીમોદીજી, આરોગ્ય મંત્રી તેમજ તજજ્ઞોની સલાહ અને અપીલ છતાં દેશમાં કોરોના કેસો કેમ વધી ગયા તેની સવાલી ચર્ચા આમ પ્રજામાં ચાલી રહી છે. જેમાં ચૂંટણી જાહેર થયા બાદ ચૂંટણી વિસ્તારોમાં કોરોના નિયમનું પાલન નાના મોટા નેતાઓ કાર્યકરો કરતા ન હતા તેમ કહેવું ખોટું નથી. લોકો મોટાભાગે નેતાઓનું જ અનુકરણ કરે છે. તે બાબત રાજકિય નેતાઓએ સમજવાની જરૂર હતી.

દૈનિક રાશીફળ

તા.૨૫-૧૧-૨૦૨૦ બુધવાર

મેષ(અ.લ.ઈ.) :- મહત્વના કાર્યમાં અનુકુળતા રહેવાની નવી ઓળખાણ બાબત જાળવવું કર્જમાં રાહત રહે.

વૃષભ(બ.વ.ઉ.) :- સામાજીક કાર્યોમાં સ્નેહીજનોની મદદ મલવાની છે નોકરીમાં ચીવટ રાખવી ધાર્મિક કાર્યની રૂચીમાં વધારો થાય.

મિથુન(ક.છ.ઘ.) :- વડીલોનું માર્ગદર્શન ઉપયોગી રહેવાનું પ્રવાસ લાભદાયક રહેશે આર્થિક સમસ્યાઓ દૂર થવાની.

કર્ક(ડ.હ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થવાનો લાગણીઓને કાબુમાં રાખજો રચનાત્મક કાર્યમાં સફળતા.

સિંહ(મ.ટ.) :- અચાનક કોઈ નાણાકીય લાભ મલે મિલ્કતના પ્રશ્નોમાં ધીરજ રાખવી. આધ્યાત્મિક વિચારો અપનાવવા.

કન્યા(પ.ઠ.ણ.) :- આવકની સાથે ખર્ચ પણ રહેવાનો છે રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.

તુલા(ર.ત.) :- તમારૂ અજ્ઞાન છુપાવવા બીજાની ટીકા કરવાથી દૂર રહેજો અધિકારીઓ સાથે મતભેદો ટાળજો કર્જમાં રાહત રહે.

વૃશ્ચિક(ન.ય.) :- સંતાનોની પ્રગતિ માટે ઉત્તમ દિવસ રહેવાનો મિલ્કતના પ્રશ્નોમાં ઉતાવળ ન કરવી પ્રવાસમાં અનુકુળતા રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- સંસ્થાના કાર્યને લઈને પ્રવાસ થાય. મહત્વના કાર્યો હાથ ઉપર આવે. કાનૂની પ્રશ્નોથી દૂર રહેજો.

મકર(ખ.જ.) :- સામાજીક કાર્યોમાં સફળતા મલવાની વિદેશના પ્રવાસનું આયોજન થાય. કાર્યક્ષેત્ર વધારવાની ઈચ્છા ફળવાની.

કુંભ(ગ.શ.સ.) :- વાંચન પ્રત્યે રૂચી વધારજો. થોડી ધીરજ કેળવવી ગેબી શક્તિની મદદ મલે. ઓફિસમાં લકઝરી ફેરફારો થાય.

મીન(દ.ચ.ઝ.) :- આવક કર્તા ખર્ચ ન વધે તેનું ધ્યાન તમારે રાખવાનું છે આળસવૃતિ ટાળજો સીઝનલ ધંધામાં લાભ રહેશે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨,વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા. ૨૫-૧૧-૨૦૨૦, બુધવાર, નિજ કારતક સુદ-૧૧, સૂર્યોદય-૭-૦૬, સૂર્યાસ્ત-૬-૦૦, જૈન નવકારશી-૭-૫૪, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ ઉત્તરભાદ્રાપદ

સૂર્ય-કુંભ ચંદ્ર-કર્ક મંગળ-ધન બુધ-કુંભ ગુરૂ-ધન શુક્ર-મેષ શનિ-મકર રાહુ-મિથુન કેતુ-ધન હર્ષલ-મેષ નેપ્ચ્યુન-કુંભ પ્લુટો-મકર	- શુભ ચોઘડીયા - ૭-૦૭થી લાભ-અમૃત-૯-૫૧ સુધી, ૧૧-૧૨ થી શુભ-૧૨-૩૪ સુધી, ૧૫-૧૭થી ચલ-લાભ-૧૮-૦૧ સુધી, ૧૯-૩૯થી શુભ-અમૃત-ચલ-૨૪-૩૪ સુધી - શુભ હોરા- ૭-૦૭થી ૯-૫૬ સુધી,૯-૫૧ થી ૧૦-૪૫ સુધી,૧૨-૩૪ થી ૧૫-૧૭ સુધી,૧૬-૧૨થી ૧૭-૦૬ સુધી

અત્યાર સુધી સરકારે ચીનની ૨૨૦ મોબાઈલ એપ.પર પ્રતિબંધિત કરી

ડિજિટલ સ્ટ્રાઈકઃ વધુ ૪૩ મોબાઈલ એપ્લિકેશન પર પ્રતિબંધ

એપ્લિકેશન પર ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટના સેક્શન ૬૯-એ હેઠળ કરવામાં આવી કાર્યવાહી

ચીન પર મોદી સરકારની ચોથી ડિજિટલ સ્ટ્રાઈકઃ અલીબાબા, કેમકાર્ડ અને કાર્ડરીડરનો સમાવેશ

(એજન્સી સમાચાર)

ન્યુ દિલ્હી,તા.૨૫

કેન્દ્રની મોદી સરકારે વધુ એક ડિજિટલ સ્ટ્રાઈક કરતાં એપ્લિકેશન પર સપાટો બોલાવી દીધો છે. આ વખતે મોદી સરકારે વધુ ૪૩ એપ પર બેન મુકી દીધો છે. આ એપ્લિકે શનમાં અલી બાબા એક્સપ્રેસ, અલી એક્સપ્રેસ, લાલામુવ ઈન્ડિયા (ડિલિવરી એપ), સ્નેક વીડિયો સહિતની ૪૩ એપ પર પ્રતિબંધ મુકી દીધો છે.

.સરકારને આ ઍપ્સને લઇને ફરિયાદ મળી હતી કે આ ઍપ્સ ભારતીય સુરક્ષા અને કાયદો વ્યવસ્થા માટે ખતરારૂપ સાબિત થઇ શકે છે. જે બાદ સરકારે આગમચેતીરૂપે આ ૪૩ ઍપ્સને બંધ કરી દીધી હતી.

કેન્દ્રની મોદી સરકારે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ ૬૯-એ હેઠળ આ તમામ ચાઈનીઝ એપ્સ પર પ્રતિબંધ લગાવ્યો છે. કેન્દ્રએ એપ બેનને લઈને જણાવ્યું છે કે, આ એપ એવી ગતિવિધિઓમાં સંડોવાયેલી છે, જેનાથી દેશની એકતા, અખંડિતતા, સુરક્ષા માટે ખતરો છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ મોદી સરકારે ચાર વખત ચાઈનીઝ એપ્સ પર સપાટો બોલાવ્યો છે.

૧૫ જૂને ગલવાન ઘાટીમાં ભારત અને ચીની સેના વચ્ચે થયેલ હિંસક અથડામણ બાદ પહેલીવાર મોદી સરકારે ૨૯ જૂનના રોજ ૫૯ એપ્સ પર પ્રતિબંધ મૂક્યો હતો. અને તે બાદ આ સિલસિલો ચાલુ જ રહ્યો છે. ૨૭ જુલાઈએ પણ ૪૭ એપ્સ, ૨ સપ્ટેમ્બરે ૧૧૮ પબજી સહિત ૧૧૮ એપ્સ પર બેન મુકી દીધો હતો. અને આજે હવે ફરીથી વધુ ૪૩ એપ્સ પર સરકારે પ્રતિબંધ લગાવી દીધો છે.

વેક્સિન અંગે થઈ શકે છે મોટી જાહેરાત

વડાપ્રધાન મોદી શનિવારે પૂણેના સીરમ ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત લેશે

(એજન્સી સમાચાર)

પૂણે,તા.૨૫

દેશમાં કોરોનાની વેક્સિન બનાવવા માટે ચાલી રહેલી તૈયારીઓ વચ્ચે ૨૮ નવેમ્બરે પીએમ મોદી પૂણેના સીરમ ઈન્સ્ટિટ્યૂટની મુલાકાત લેવાના છે.

સિરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા દ્વારા હાલમાં ઓક્સફર્ડ યુનિવર્સિટીએ બનાવેલી વેક્સિનની ત્રીજા સ્ટેજની ટ્રાયલનુ સંચાલન થઈ રહ્યુ છે.જોકે બીજા દેશોમાં આ વેક્સિનની ત્રીજી ટ્રાયલ ખતમ થઈ ગઈ છે અને બ્રિટનમાં તો વેક્સિન માટે સરકારની મંજૂરી માંગતો પ્રસ્તાવ મુકાયો છે.

સિરમ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા પણ વેક્સિન પ્રોડક્શનની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.જેથી ત્રીજા તબક્કાની ટ્રાયલ પૂરી થયા બાદ વેક્સિનને લોકો માટે બજારમાં ઉતારી શકાય.કદાચ આ જ સંદર્ભમાં પીએમ મોદી ઈન્સ્ટિટ્યુટની મુલાકાત લઈને વૈજ્ઞાનિકોની સાથે ચર્ચા પણ કરવાના છે.આ દિવસે પીએમ મોદી કોરોનાની વેક્સિનને લઈને મોટી જાહેરાત પણ કરી શકે છે.પીએમ મોદીએ કોરોનાથી વધારે પ્રભાવિત હોય તેવા રાજ્યોના મુખ્યમંત્રી સાથે આજે બેઠક પણ યોજી હતી.દેશમાં કોરોનાના અત્યાર સુધી આવેલા કેસની સંખ્યા ૯૧ લાખને પાર થઈ ગઈ છે ત્યારે હવે લોકો પણ કોરોનાની વેક્સિનની રાહ જોઈ રહ્યા છે.(૯)

કેલિફોર્નિયા યુનિ.ના એક સંશોધનનું તારણ

સિગારેટ પીનારાને કોરોનાનુ સંક્રમણ લાગવાનો ખતરો ત્રણ ગણો વધારે

(એજન્સી સમાચાર)

કેલિફોર્નિયા,તા.૨૫

કોરોનાના હાલમાં ચાલી રહેલા સંક્રમણ વચ્ચે સિગારેટ પીનારાઓએ સાવધ રહેવાની જરુર છે તેવુ અમેરિકાના સંશોધકોનુ કહેવુ છે.

કેલિફોર્નિયા યુનિવર્સિટીના એક સંશોધનમાં સામે આવ્યુ છે કે, સિગારેટ પીવાની લત ધરાવતા લોકોને કોરોનાનુ સંક્રમણ લાગવાના ચાન્સ સામાન્ય લોકો કરતા ત્રણથી પાંચ ગણા વધારે છે.સંશોધકોના મતે વધારે સિગારેટ પીવાથી શરીરની રોગ પ્રતિકારક શક્તિ નબળી પડે છે.જેના કારણે કોરોના વાયરસ આસાનીથી શરીરમાં ઘૂસણકોરી કરી શકે છે.સ્મોકિંગ કરવાના કારણે શ્વાસોશ્વાલને લગતા બીજા ઈન્ફેશન થવાની શક્યતા પણ વધી જાય છે.સાથે સાથે ન્યૂમોનિયા, હાર્ટ એટેક અને હાઈ બ્લડ પ્રેશરનો પણ ખતરો વધી જતો હોય છે.આ સ્થિતિમાં સ્મોકિંગ કરનારા આસાનીથી કોરોના સંક્રમણની ચપેટમાં આવી શકે છે.

આ સંશોધન કરનારાઓનુ કહેવુ છે કે, સિગારેટમાંથી નિકળતા ધૂમાડાના કારણે શરીરમાં ઈન્ટરફેરોન નામના સેલ કામ કરવાનુ બંધ કરી દે છે.જેનાથી કોરોનાનો ચેપ લાગવાની શક્યતા વધી જાય છે.કારણકેઆ સેલ આપણા ફેફસાને કોરોના સહિતના કોઈ પણ પ્રકારના ઈન્ફેક્શનથી બચાવવા માટે એક શીલ્ડની જેમ કામ કરે છે.પણ સ્મોકિંગના કારણે આ શીલ્ડમાં ઠેર-ઠેર કાણા પડી જાય છે અને તેનાથી સંક્રમણ સામે લડવાની તેની ક્ષમતા પર પણ પ્રભાવ પડે છે.જો તમે ડાયાબિટિસના દર્દી હોવ અને સિગારેટ પીતા હોય તો શરીરની નસોમાં નબળાઈ આવે છે અને તેનાથી ફેફસાની કાર્યક્ષમતા પ્રભાવિત થાય છે.

તાજેરમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને પણ કહ્ત હતુ કે, સ્મોકિંગ કે ઈ સિગારેટના કારણે કોરોના વાયરસ સંક્રમણ લાગવાનો ખતરો વધી જતો હોય છે.(૯)

અમદાવાદમાં માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગના નિયમો નહીં પાળતી ૧૭ દુકાનો સીલ

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૨૫

અમદાવાદ શહેર માં કોરોનાના કેસોમાં આવેલા ભારે ઉછાળા બાદ સફાળા જાગેલા મ્યુનિ.તંત્રે માસ્ક નહીં પહેરતા નાગરિકો અને સોશિયલ ડિસ્ટન્સિંગ કોરાણે મુકીને વેપાર કરતા દુકાનદારો સામે પગલ લેવાનું શરૂ કર્યું છે. માસ્ક નહીં પહેરેલાઓના પહેલા રેપિડ ટેસ્ટ કરાવવામાં આવે છે. જો પોઝિટિવ હોય તે સમરસ કોવિડ સેન્ટરમાં દાખલ કરી દેવાય છે અને નેગેટિવ હોય તો રૂપિયા ૧,૦૦૦ નો દંડ કરીને જવા દેવામાં આવે છે. આજે સોમવારે ૧૭ એકમો સીલ કરાયા અને ૧.૬૬ લાખનો દંડ વસુલવામાં આવ્યો હતો.

આ અંગેની પ્રામ વિગતો મુજબ ઉત્તર પશ્ચિમ ઝોનના હેલ્થ વિભાગ દ્વારા વસ્ત્રાપુર કલ્યાણ ટાવરમાં આવેલી નચાય દોસ્તી નામની ચાની હોટેલ બંધ કરાવી દેવામાં આવી હતી. તેમાં એક ટેબલ પર એકને બેસાડવાને બદલે સાંકળી જગ્યામાં ત્રણ-ત્રણ જણાને બેસાડવામાં આવ્યા હતા. મોટાભાગના ગ્રાહકોએ તો માસ્ક પણ પહેર્યા નહોતા. હેલ્થ વિભાગે કામકાજ બંધ કરાવી દીધું હતું. ઉપરાંત સોલિડ વેસ્ટ વિભાગની ૧૫૧ ટીમો સાતેય ઝોનમાં કામે લાગી હતી. જે દરમિયાન ૧૧૩ લોકો માસ્ક વગરના દેખાતા તેમના ટેસ્ટ કરાયા હતા. જેમાંથી ૪ પોઝિટિવ આવતા તેમને સમરસ કોવિડ સેન્ટરમોકલી અપાયા છે.

અગાઉ ૨૫૬ ને ચેક કરતા ૯ જણા પોઝિટિવ જણાયા હતા. તેમજ માસ્ક નહીં પહેરેલા અને સોશિયલ ડિસ્ટન્સિંગ નહીં જાળવતા પાનના ગલ્લા, કરિયાણાની દુકાનો, ચાની કીટલી વગેરે મળીને ૧૭ એકમોનું કામકાજ બંધ કરાવી સીલ મારી દીધા હતા.તેમજ ૧.૬૬ લાખની રકમનો દંડ વસુલ્યો હતો. પગલા લેવાતા હોય છતાંય લોકો માસ્ક પહેરવામાં, સામાજિક અંતર જાળવવામાં અને સેનેટાઇઝરના ઉપયોગમાં બેદરકારી કેમ દાખવે છે.તે બાબત સમજી ન શકાય તેવી છે. કેસો વધવાના મૂળમાં પણ આજ બાબત જવાબદાર છે.

સરકારે લગ્ન સમારંભમાં ૧૦૦ લોકોને હાજર રહેવાની મંજૂરી આપી છે

રાજકોટ પોલીસે ૫૬૧ અરજીમાંથી ૧૦૦ કરતા વધુ લગ્નને મંજૂરી આપી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

રાજકોટમાં કોરોનાનું સંક્રમણ વધતા પોલીસ વિભાગ હરકતમાં આવ્યું છે. રાજકોટમાં છેલ્લા ત્રણ દિવસમાં પોલીસે ૩૪૯ લોકો સામે જાહેરનામા ભંગના કેસ, સોશિયલ ડિસ્ટન્સનાં ૧૯૨ અને ૨૩૪ વાહનો ડિટેઇન કર્યા છે. તો બીજી તરફ લગ્નને લઇને ૫૬૧ અરજીઓ આવતા ૧૦૦ કરતા વધુ લગ્ન માટેની મંજૂરીઓ આપવામાં આવી છે.

સૌરાષ્ટ્રમાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું છે ત્યારે સૌથી વધુ કોરોનાનાં કેસ રાજકોટમાં નોંધાઇ રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા રાજકોટમાં રાત્રી કર્ફ્યુ લગાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ પોલીસ દ્વારા રાત્રી કર્ફ્યુનું ચુસ્ત પાલન કરાવવામાં આવી રહ્યું છે. રાજકોટનાં ડીસીપી ઝોન ૨ મનોહરસિંહ જાડેજાએ પત્રકાર પરિષદમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, રાત્રી કર્ફ્યુમાં રાજકોટવાસીઓનો ખુબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. ૪૦ ચેક મુખ્ય પોસ્ટ અને ૩૨ ઇન્ટરનલ ચેકપોસ્ટ ઉભી કરવામાં આવી છે.

ત્રણ દિવસ દરમિયાન કર્ફ્યુ ભંગનાં ૩૪૯ કેસ, સોશ્યલ ડિસ્ટન્સનાં ૧૯૨ કેસ અને ૨૩૪ વાહનો ડિટેઇન કરવામાં આવ્યા છે. કરફ્યૂની અમલવારી થઇ તે પહેલા જ અલગ-અલગ ઉદ્યોગીક એસોશિએશનો અને હોટલ, પાર્ટીપ્લોટનાં એસોશિએશન સાથે બેઠક કરી હતી. જેમાં ઉદ્યોગોમાં રાત્રિ શિટમાં કામ કરતા કર્મચારીઓને સાંજે ૭થી સવારે ૭ વાગ્યા સુધીની શિટ કરવાની ચર્ચા કરવામાં આવી હતી. જ્યારે રાજકોટનાં વિવિધ પોલીસ સ્ટેશનમાં ૫૬૧ લગ્ન માટેની મંજૂરીની અરજીઓ આવી છે. જેમાંથી ૧૦૦ કરતા વધુ લગ્નને દિવસે લગ્ન માટેની મંજૂરી આપવામાં આવી છે. રાત્રી કરફ્યૂમાં મેડિકલ સ્ટાફ, પ્રેસ-મીડિયા અને સરકારી ઓન ડ્યુટી અધિકારીઓને જ બહાર નિકળવા દેવામાં આવશે.

૮ મહિનાથી ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓની આવક બંધ થતા ૭ લાખ કર્મચારીઓ હાલત કફોડી

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૨૫

કોરોનાને કારણે છેલ્લા ૮ મહિનાથી ગુજરાતની અનેક ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓ હાલાકીનો સામનો કરી રહી છે. ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓની સ્થિતિ અનલોક-૪ બાદ પણ જેમની તેમ જ છે. એક તરફ સરકારી ગાઈડલાઈનને લઈને લોકો કાર્યક્રમ કરવા કે ન કરવા તે વિશેની ગેરસમજનો ભોગ બની રહ્યા છે, તો બીજી તરફ રાત્રિ કરફ્યૂને કારણે ઈવેન્ટ ઈન્ડસ્ટ્રીને ૧૨૦૦ કરોડનું નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે. લોકડાઉનથી શરૂ કરીને અત્યાર સુધી આર્ટિસ્ટ તેમજ ઈવેન્ટ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોના પરિવારોનું ગુજરાન મુશ્કેલીમાં મૂકાયું છે. ત્યારે કોરોનાના ફેઝ-૨ ને કારણે રાત્રિ કરફ્યૂ જાહેર કરાતા કારણે માંડ માંડ થયેલા બુકિંગ પણ કેન્સલ થવા માંડ્યા છે.

જેને કારણે ઈવેન્ટ ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોના હાલ બેહાલ થયા છે. ઈવેન્ટ ઈન્ડસ્ટ્રીની વાત કરીએ તો સાઉથ ગુજરાતમાં નાના-મોટા મળીને અંદાજિત પાંચ જેટલા એસોસિએશન છે. તેમાં રજિસ્ટર્ડ લોકો ૧૨ હજારની આસપાસ છે અને તેમાં ૬:૩૦ થી ૭ લાખ જેટલો સ્ટાફ છે. આ ઈન્ડસ્ટ્રી મોટી છે અને લોકડાઉન ખૂલ્યા બાદ સરકારે થોડી ઘણી રાહત આપી છે તેને લીધે થોડા ઘણા બુકિંગ આવ્યા છે. કારણ કે લોકડાઉનને કારણે ઘણા વ્યક્તિઓના લગ્ન મોકૂફ થયા હતા. પરંતુ રાત્રિ કરફ્યૂને કારણે હવે બુકિંગ કેન્સલ થવા માંડ્યા છે.

જેને કારણે તેઓ ખૂબ મુશ્કેલીમાં મુકાયા છે. જેને લઈને હાલ આ ઈન્ડસ્ટ્રીને ૧૨૦૦ કરોડનું નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે અને સાથે જ સંકળાયેલા ૭ લાખથી વધુ લોકોની પરિસ્થિતિ પણ કફોડી બની છે. આ વિશે સુરતના વિકાસ જુનેજાએ જણાવ્યું કે, એક અંદાજ પ્રમાણે ઇવેન્ટસ, કેટરિંગ, મંડપ, લાઈટિંગ મળીને ૧૨૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થશે. કુલ મળીને આશરે ૨૫૦૦ થી ૩૦૦૦ જેટલા બુકિંગ હતા અને છેલ્લા ૭ મહિનાની મોકૂફ ઈવેન્ટ અમને આ દોઢ મહિનામાં કરી શકવાની આશા હતી. પરંતુ આ રાત્રિ કરફ્યુને કારણે તે શક્ય બનશે નહિ. અમને મોટું નુકસાન થશે. કારણ કે છેલ્લા આઠ મહિનાથી વેપાર થયો નથી. ઘણા લોકો એવા છે જે લોકોએ લોન લીધી હતી. હવે આ લોન કઈ રીતે ચૂકતે કરી શકાશે તે ચિંતા તેઓને ઘર કરી ગઈ છે.

રાજ્યો સોશિયલ ડિસ્ટન્સિંગ, માસ્કના અમલ મુદ્દે જોર આપેઃ અમિત શાહ

નવી દિલ્હી : અમિત શાહે કહ્યુ કે યુરોપ-અમેરિકામાં ફરીથી કેસ વધ્યા છે, એવામાં આપણે સાવધાન રહેવુ પડશે. અમિત શાહે રાજ્યોને સોશ્યલ ડિસ્ટન્સિંગ અને માસ્કને અનિવાર્ય કરવા પર જોર આપવાનું કહ્યુ. અમિત શાહ બાદ સ્વાસ્થ્ય સચિવે આગામી દિવસની જાણકારી આપતા કહ્યુ દિલ્હી, કેરળ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનને વિશેષ સાવધાની વરતવી પડશે.

ફરી લોકડાઉન થાય તો આર્થિક વૃદ્ધિની ગતિ ધીમી પડશેઃ નોમુરા

(એજન્સી સમાચાર)

ન્યુ દિલ્હી,તા.૨૫

ગુજરાત, મધ્યપ્રદેશ, ગુજરાત, હરિયાણા અને હિમાચલ પ્રદેશમાં ફરી લોકડાઉન જેવી સ્થિતિ સર્જાઈ છે જેનાથી આર્થિક વૃદ્ધિની ગતિ ધીમી પડી શકે છે. જાપાનની બ્રોકરેજ કંપની નોમુરાએ તાજેતરમાં કહ્યુ કે, તેનાથી બજારની ગતિવિધિઓના પુનારંભરનું પરિદ્રશ્ય ચિંતાજનક બની રહ્યુ છે. નોમુરા એ મહામારી બાદ બજારની ગતિવિધિઓમાં સુધારણાને માપવા માટે સૂચકાંક તૈયાર કર્યો છે. નોમુરાએ કહ્યુ કે, ૨૨ નવેમ્બરે સમાપ્ત સપ્તાહમાં સૂચકાંકે સાધારણ વૃદ્ધિ હાંસલ કરી છે. પરંતુ તે હજી પણ કોરોના મહામારી પૂર્વેના સ્તરથી નીચે છે. સૂચકાંકમાં એપલની સ્થિતિમાં તીવ્ર સુધારો જોવા મળ્યો છે જે અંતઃ કોરોનાની પૂર્વેના સ્તરે પહોંચી ગયો છે. તો ગૂગલમાં સુધારો જારી છે. અલબત્ત, ઘણા રાજ્યોમાં કોવિડ-૧૯ના કેસો ફરી વધતા સ્થાનિક લોકડાઉન કે કરયુ લાગુ કરવામાં આવ્યુ છે, જેને લઈને આર્થિક નિષ્ણાંતોએ ચિંતા વ્યક્ત કરી છે. નોમુકાએ ચેતવણી આપી છે કે, લોકડાઉન આગામી બેથી ત્રણ મહિનામાં તબક્કાવાર સુધારણાની ગતિને ધીમી પાડી શકે છે. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્ર સરકારે સોમવારે ફરી કોરોના વાયરસના કેસોમાં વધારો દર્શાવનાર રાજ્યોમાંથી આવતા મુસાફરો માટે સ્ટાન્ડર્ડ ઓપરેશન્લ પ્રોટોકોલ એટલે કે એસઓપી જારી કરી છે.

કોરોનાના આરટી-પીસીઆર ટેસ્ટનો રેટ નક્કી કરવા કેન્દ્ર,રાજ્ય સરકારોને સુપ્રિમનો આદેશ



(એજન્સી સમાચાર)

ન્યુ દિલ્હી,તા.૨૫

સુપ્રિમ કોર્ટે કોરોના વાયરસના આરટી-પીસીએર ટેસ્ટનો રેટ નક્કી કરવા અંગે કેન્દ્ર, રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશોનો નોટિસ જાહેર કરી છે. આ મામલે કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. આ અરજીમાં જણાવવામાં આવ્યું છે કે દેશમાં થઈ રહેલા આરટીપીસીઆર ટેસ્ટનો દર ૪૦૦ રૂપિયા નક્કી કરવામાં આવે, આ નિયત દર નક્કી કર્યા બાદ કોરોના વાયરસના ટેસ્ટમાં વધારો થશે. અને લોકોને લાભ પણ થશે. હાલમાં દેશમાં જીવલેણ વાયરસનો કહેર યથાવત છે. દિવસેને દિવસે કોરોના વાયરસથી સંક્રમિતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

આ અરજીને વકિલ અજય અગ્રવાલે દાખલ કરી છે, તેમને જણાવ્યા અનુસાર દેશમાં જીવલેણ કોરોના વાયરસના આરટીપીસીઆર ટેસ્ટના અલગ અલગ દર છે. સમગ્ર દેશમાં ઘાતક કોરોનાના આરટીપીસીઆર ટેસ્ટના એકજ દર નક્કી કરવામાં આવવા જોઈએ. આ મામલે જસ્ટિસ અશોક ભૂષણની ખંડપીઠે કેન્દ્ર, રાજ્ય સરકારોને નોટીસ ફટકારી છે. અને આ મામલે બે અઠવાડિયામાં જવાબ માંગ્યો છે.

તમને જણાવી દઈએ કે દેશની રાજધાની દિલ્હીમાં જીવલેણ વાયરસના વધતા મામલાને જોઈને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ અને કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડોક્ટર હર્ષવર્ધને આરટીપીસીએર મોબાઈલ ટેસ્ટિંગ લેબોરેટ્રીની શરૂઆત કરી હતી. કોરોના ટેસ્ટીંગ માટે આઈસીએમઆરે દેશમાં સ્પાઈસ જેટ અને સ્પાઈસ હેલ્થની સાથે ખાનગી ભાગીદારી સાથે શરૂઆત કરી હતી.

આગામી અઠવાડિયામાં ૧૦૦ કરોડની જમીન ખુલ્લી કરાવશે કલેકટર તંત્ર

વાવડી, કોઠારિયા સહિતના ગામોમાં ગેરકાયદે બાંધકામો તોડી પડાશે

સર્વે નં.૨૧૧, ૨૬૪ અને ૩૫૨માં નોટીસ પાઠવી : દબાણકર્તાઓએ સ્વેચ્છાએ બાંધકામો દુર કરે : ચરણસિંહ ગોહિલ

રાજકોટ જીલ્લામાં ખડકાઈ ગયેલા ગેરકાયદે બાંધકામોને તોડી પાડવા રાજકોટ કલેકટરતંત્ર સજ્જ બન્યુ છે આગામી અઠવાડિયામાં ૧૦૦ કરોડની જમીન ખુલ્લી કરવામાં આવશે. રાજકોટ પ્રાંત-૨ અધિકારી ચરણસિંહ ગોહિલએ વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજકોટ જીલ્લામાં વાવડી, કોઠારિયા સહિતના ગામોમાં બિનકાયદેસર ખડકાયેલા બાંધકામોતોડી પાડી આશરે ૧૦૦ કરોડની જમીન ખુલ્લી કરાશે વધુમાં જણાવ્યું હતું કે, સર્વે નં. ૨૧૧, ૨૬૪ અને ૩૫૨માં દબાણ કરતાઓને અગાઉ નોટીસ પાઠવી દેવામાં આવી છે. આગામી અઠવાડિયા સુધીમાં દબાણકર્તાઓએ સ્વેચ્છાએ ગેરકાયદે દબાણ દુર કરવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. દબાણકર્તાઓ સ્વેચ્છાએ દબાણ દુર નહી કરે તો તંત્ર દ્વારા તોડી પાડવામાં આવશે. વાવડી, કોઠારિયા સહિતના ગામોમાં ગેરકાયદે દબાણો તોડી પાડવા કલેકટર તંત્ર દ્વારા તૈયારીઓ આદરી દીધી છે.વધુમાં જણાવ્યું છે કે તંત્રનો કોઈ દર જ ન રહ્યો તેમ ભૂ-માફીયાઓએ સરકારી જમીન પર દુકાનો મકાનો ખડકલો કરી ભાડે કે વેચાણ કરી લાખો રૂપિયા કટકટાવાનું સાધન બની ગયું છે.કલેકટરતંત્ર દ્વારા ભૂ-માફિયાઓ સામે લાલ આંખ કરી છે. રાજકોટ જીલ્લામાં ગેરકાયદે બાંધકામો તોડી પાડવા પ્રાંત-૨ અધિકારીચરણસિંહ ગોહિલની ટીમ બુલડોઝર ફેરવવા સજ્જ બન્યા છે. (૧.૪)

૧૫૮ સુચિત સોસાયટીને નિયમીત કરાઇ

પૂર્વમાં ૪૭, પશ્ચિમમાં ૨૬, દક્ષિણમાં-૭૫ અને તાલુકાની ૧૩ સુચિત સોસાયટી નિયમીત કરાઇ

સુચિત સોસાયટીને નિયમીત કરવા તંત્ર દ્વારા ઝડપી કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. શહેરમાં આવેલ ચિત્રકુટ પાર્ક, શ્રી પાર્ક, વાલ્મીકી સોસાયટી, ખોડીયાર પાર્ક-૧ અને અક્ષર પાર્ક (રાજકોટ પૂર્વ) માટે સરકારમાં દરખાસ્ત રજુ કરવા ઠરાવાયું છે. સુભાષનગર-બી, રિધ્ધી-સિધ્ધી પાર્ક, મનહર વ્રજ ભૂમી(પૂર્વ) પુર્તતા પૂર્ણ કરવા ગાંધીનગર મોકલવા સિટી સર્વે કચેરીને જણાવાયું છે. રદ કરવા સરકારને મોકલી આપવામાં આવી છે. પૂર્વમાં ૪૭, પશ્ચિમમાં૨૩, દક્ષિણમાં ૭૫ અને રાજકોટ તાલુકામાં ૧૩ એમ કુલ ૧૫૮ સુચિત સોસાયટીને કાયદેસર કરાઇ છે. તા.૧-૧-૨૦૦૫ પહેલા બાંધકામ હોય તેના પુરાવા રહેવાસીઓએ કરવા પડશે.

સશસ્ત્ર સેના ઝંડા દિવસની ઉજવણી નિમિતે મહિલા પોલીસ દ્વારા સ્ટીકર ઝુંબેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)રાજકોટ,તા.૨૫

સશસ્ત્ર સેના ઝંડા દિવસ નિમિતે સરકાર દ્વારા આગામી દિવસોમાં ઉજવણી કરવાની હોય જેના ભાગરૂપે શહેરના જાહેર માર્ગો પર મહિલા પોલીસ દ્વારા ત્યાંથી નિકળતા રાહદારીઓને યોગદાન આવવા અનુરોધ કરવામાં આવતા આજે બપોરના સમયે રેસકોર્ષ રીંગ રો પર આવેલા મહિલા પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.આર. પટેલની સુચનાથી મહિલા પોલીસ સ્ટાફ દ્વારા રસ્તા પર લોકોને અનુરોધ કરવામાં આવતા જાહેર જનતાએ પણ સશસ્ત્ર સેના ઝંડા દિવસ ની ઉજવણીમાં સહભાગી બનવા સહયોગ આવી પોતાના વાહનામાં સ્ટીકર લગાવી ટીકીટની ખરીદી કરી હતી.

૧૫૦ ફુટ રીંગ રોડ પર ધ સ્પેસ બિલ્ડીંગના ૧૦માં માળેથી ઝંપલાવતો યુવાન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

અયોધ્યા ચોક પાસે ૧૫૦ ફુટ રીંગ રોહ પર આવેલા ધ સ્પેસ નામના બિલ્ડીંગના ૧૦માં માળેથી અજાણ્યા યુવાને ઝંપળાવી આપઘાત કરી લેતા અરેરાટી પ્રસરી જવા પામી છે બનાવના પગલે ગાંધીગ્રામ-૨ (યુનિ) પોલીસે તપાસ હાથ ધરી વાલી વારસની શોધખોળ આદરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા અયોધ્યા ચોક પાસે ધ સ્પેસ નામના બિલ્ડીંગના ૧૦માં માળેથી આજે બપોરના સમયે કોઈ અજાણ્યા યુવાને ઝંપળાવી આપઘાત કરી લીધો હોવાની જાણ ગાંધીગ્રામ-૨ (યુનિ) પોલીસમાં થતા હેડ કાઉન્સ્ટેબલ ક્રિપાલસિંહ સહિતનો પોલીસ કાફલા ઘટના સ્થળે દોડી ગયા હતા પોલીસે પ્રાથમીક કરતા આપઘાત કરનાર યુવાન પ્લસર બાઈક પર આવ્યો હોવાની જાણ થતા પોલીસે બાઈક નંબરના આધારે મૃર્તકના વાલી વારસની શોધખોળ આદરી છે. વધુમાં જાણવા મળ્યું હતું કે આપઘાત કરી બેનાર યુવાનનું નામ કૌશીક હોવાનું અને તેવો માનસીક બિમારીથી કંપની આ પગલુ ભર્યુ હોવાનું પોલીસને પ્રાથમીક કરવા મળ્યું હતું.

અહેમદ પટેલના નિધન પર ઉંડો શોક વ્યકત કરતા ડો.વસાવડા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

દિગ્ગજ કોંગ્રેસ નેતા અને રાજયસભા સાંસદ અહેમદ પટેલનુ દુ:ખદ અવસાન થતાં તેમને બિન સાંપ્રદાયિકતાના પ્રતિનિધિ ગણાવી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડા અને ઉપપ્રમુખ ડો.હેમાંગ વસાવડાએ ઘેરો શોક વ્યકત કર્યો હતો. રાહુલ ગાંધીને જેને કોંગ્રેસના સ્તંભ ગણાવ્યા છે તેવા ગુજરાતના પુત્ર અહેમદભાઈ પટેલના અવસાનથી કોંગ્રેસને આજે મોટી ખોટ પડી છે. બિન સાંપ્રદાયિકતાનું પ્રતીક એવા અહેમદભાઈએ ગુજરાતની કાયમ ચિંતા કરી છે. ગુજરાતમાં પડેલ દારૂણ દુષ્કાળ વખતે ઢોરવાડા ખોલી લાખો ગાયોનો જીવન બચાવનાર અહેમદભાઈ પટેલે કચ્છના ભૂકંપ વખતે દેશભરમાંથી મદદ લાવી કચ્છના પુનર્વસનમાં મોટો ભાગ ભજવ્યો હતો. પક્ષના નાનામાં નાના કાર્યકર સાથે અંગત સંબંધ ધરાવતા અહેમદભાઈ દેશભરના કોંગ્રેસ કાર્યકરોમાં પ્રિય હતા. પાંત્રીસ વર્ષ સુધી સર્વોચ્ચ સ્થાનની નજીક રહેલ અહેમદભાઈની વિદાયથી જાહેર જીવન અને ગુજરાતને મોટી ખોટ પડી છે.(૩)

રાજકોટમાં લગ્નની મંજુરી માટે પોલીસ સ્ટેશનમાં લોકોનો ધસારો

(તસવીરઃ રાજુ બગડાઇ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજય સરકારે અચાનક રાત્રિ કર્ફયુનો નિર્ણય લેતા લગ્ન સમારંભની મંજુરી માટે અનેક લોકો કંકોત્રી સાથે સ્થાનિક પોલીસ મથકમાં પહોંચ્યા હતા. શહેરમાં સેકડો લોકો રાતના સમયે રીસેપ્શન સહિતના આયોજનો કરતા હોય છે. ત્યાં જ રાત્રિ કર્ફયુ લાગુ કરાતા આવા લોકોની પરેશાની નિવારવા સ્થાનિક પોલીસની મંજુરી ફરજીયાત કરાતા લોકો કંકોત્રી સાથે જે-તે પોલીસ મથકે પહોચ્યા હતા. જે તસવીરમાં દ્રષ્ટિગોચર થાય છે.(૩)

બાલેન્દુશેખર જાનીની નવલકથા 'ડેથ ફીવર' ત્યાગવલ્લભ સ્વામિના હસ્તે વિમોચન

૨૫ વર્ષ પહેલા લેખકની પ્રથમ નવલકથાના વિમોચનનના સંભારણા તાજા થયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

જાણીતા લેખક પત્રકાર બાલેન્દુશેખર જાનીની ૧૪મી નવલકથા નડેથ ફીવરથનું અત્રે યોગીધામ સંકુલના અધ્યક્ષ એવા ત્યાગવલ્લભસ્વામીના વરદ હસ્તે વિમોચન થયું હતું. સાંપ્રત પરિસ્થિતિને કારણે કોઈ સમારોહના આયોજનના બદલે હરિપ્રસાદસ્વામીની પ્રતિમાં સમક્ષ પુસ્તક વિમોચન કરી ત્યાગવલ્લભસ્વામીએ લેખક બાલેન્દુશેખર જાનીને આશિર્વચન સાથે શુભેચ્છા પાઠવી હતી.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, બાલેન્દુશેખર જાનીની પ્રથમ લઘુકથા નહૈયાની કરચોથનું આજથી પચ્ચીસ વર્ષ પહેલા રાજકોટના રામનાથપરા સ્મશાન ખાતે ત્યાગવલ્લભસ્વામીએ વિમોચન કર્યું હતું. એ સંસ્મરણો તાજા કર્યા હતા.

બાલેન્દુશેખર જાનીની સત્રીજી મુલાકાત, છલના, ઇન્સાફ, તર્પણ, બંધ હોઠની ફરિયાદ, ઉઘાડી આંખનું સ્વપન, ભ્રમ, એક નદી બે કિનારા, પ્રાઇવેટ નંબર, પ્રેમભીના પત્રો, વસાહત, બંધ બાજી અને ૨૧ ડિસેમ્બર જેવી તેર નવલકથાઓ બાદ ગુજરાતની સુપ્રસિદ્ધ સાહિત્ય પ્રકાશન સંસ્થા ગૂર્જર પ્રકાશન દ્વારા પ્રસિદ્ધ કરાયેલી નવલકથા પડેથ ફીવરથ પ્રેમ રહસ્ય અને રોમાંચની ત્રિવેણી કથા છે. સહજ શૈલીમાં લખાયેલ આ કથા ભાવકોને ભાવમુગ્ધ બનાવશે તેમજ વાચકો માટે રહસ્યયાત્રા બની રહે તેવી છે. બાલેન્દુશેખર જાનીન શુભેચ્છકો વાચકો તરફથી અભિનંદનવર્ષા થઇ રહી છે.(૩)

અમદાવાદ મનપાનો અનોખો નિર્ણયઃ ભીડવાળા વિસ્તારમાં બોડીગાર્ડ ઉતારશે

કાલુપુર અને જમાલપુર માર્કેટમાં ભેગી થતી ભીડને કાબુમાં લેવા માટે બાઉન્સરોની મદદ લેવાશે : મુખ્ય માર્ગો પર થર્મલ ગન લઇને ઉભા રહેશે અને લોકોના ટેમ્પરેચર માપશે

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૨૫

અમદાવાદમાં કોરોના સંક્રમણના કેસમાં સતત વધારો થતા હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઇ ગઇ છે. દિવાળીના તહેવારો દરમિયાન શહેરમાં લોકોની ભીડ જોવા મળતા કોરોના સંક્રમણના કેસમાં વધારો થયો હતો. અમદાવાદમાં કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખીને ૭ ડિસેમ્બર સુધી રાત્રિ કરફ્યૂ આપવામાં આવ્યુ છે,જોકે, તેમ છતા લોકોની ભીડ જોવા મળી રહી છે. હવે કોરોના સંક્રમણને રોકવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનએ નવતર પ્રયોગ હાથ ધર્યો છે. અખઈ કોરોના સંક્રમણને રોકવા માટે ભીડભાડ વાળા વિસ્તારમાં બાઉન્સરને ઉભા રાખશે

અમદાવાદના કાલુપુર અને જમાલપુરમાં શાકભાજી લેવા માટે મોટી સંખ્યામાં લોકો એક સાથે ઉમટી પડતા હોય છે જેને કારણે કોરોના સંક્રમણ થવાનું પ્રમાણ વધી જાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કાલુપુર અને જમાલપુર માર્કેટમાં ભેગી થતી ભીડને કાબુમાં લેવા માટે બાઉન્સરોની મદદ લેવાનો નિર્ણય કર્યો છે. બાઉન્સરો માર્કેટમાં પ્રવેશવાના મુખ્ય માર્ગો પર થર્મલ ગન લઇને ઉભા રહેશે અને લોકોના ટેમ્પરેચર માપશે. સૌથી ઓછુ ટેમ્પરેચર હશે તો જ શાક માર્કેટમાં પ્રવેશ આપવામાં આવશે.બીજી તરફ પોલીસ પણ સતત શાક માર્કેટમાં પેટ્રોલિંગ કરશે.

અમદાવાદમાં કોરોનાના સૌથી વધારે કેસ સામે આવી રહ્યા છે. કોરોનાના વધી રહેલા કેસને લઈ તંત્ર એલર્ટ થઈ ગયું છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે હાલ શહેરમાં રાત્રિ કર્ફ્યુ લાગુ કરી દેવામાં આવ્યું છે. જો કે, હજી પણ ઘણા લોકો એવા જોવા મળી રહ્યા છે જે થોડાક પૈસા બચાવવા માટે પોતાના જીવ જોખમમાં નાખી રહ્યા છે. બજારમાં ૧૦ રૂપિયાની બચત કરવા માટે લોકોની ભારે ભીડ જોવા મળી રહી છે અને સોશિયલ ડિસ્ટન્સનો ભંગ પણ દેખાય છે

૧ જાન્યુઆરીથી લેન્ડલાઈનથી મોબાઈલ પર ફોન કરતી વખતે નંબરની પહેલાં ઝીરો લગાવવો પડશે

ટેલિકોમ કંપનીઓ મોબાઈલ સેવાઓ માટે ૨૫૪.૪ કરોડ એક્સ્ટ્રા નંબર બનાવી શકશે

(એજન્સી સમાચાર)

રાજકોટ,તા.૨૫

સ્માર્ટફોનના જમાનામાં આજે પણ ઘણા લોકોના ઘરમાં લેન્ડલાઈન ફોન જોવા મળે છે અને આપણા દેશમાં લોકો કલાકો સુધી લેન્ડલાઈન ફોન પર વાત કરવા ટેવાયેલા છે. જો તમે પણ ઘરમાં લેન્ડલાઈન ફોનનો ઉપયોગ કરતા હો તો આગામી ૧ જાન્યુઆરીથી નવો નિયમ લાગુ થવા જઈ રહ્યો છે. આ નવા નિયમ પ્રમાણે લેન્ડલાઈન પરથી મોબાઈલ ફોન લગાવતાં પહેલાં મોબાઈલ નંબરની આગળ ઝીરો લગાવવો પડશે.

ટેલિકમ્યુનિકેશન્સ ડિપાર્ટમેન્ટએ ટ્રાઈ એટલે કે ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટીની ભલામણો સ્વીકારી લીધી છે. ત્યારબાદ નવા નિયમનો અમલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

TRAIએ લેન્ડલાઈન પરથી મોબાઈલ નંબરો પર થતા કોલ માટે ૨૯ મે ૨૦૨૦ના રોજ મોબાઈલ નંબર પહેલાં ઝીરો નંબર લગાવવાની ભલામણ કરી હતી. આનાથી ટેલિકોમ કંપનીઓને વધુ નંબર બનાવવાની સુવિધા મળશે

. ટેલિકોમ વિભાગે ૨૦ નવેમ્બરના રોજ જાહેર કરેલા એક સર્ક્યુલરમાં કહ્યું હતું કે, લેન્ડલાઇનથી મોબાઈલ પર નંબર ડાયલ કરવાની રીત બદલવાની TRAIની ભલામણો સ્વીકારી લેવામાં આવી છે. તેનાથી મોબાઈલ અને લેન્ડલાઈન સર્વિસીસને પૂરતી માત્રામાં નંબરો બનાવવાની સુવિધા મળશે. ટેલિકોમ વિભાગે જણાવ્યું કે, ટેલિકોમ કંપનીઓએ તમામ લેન્ડલાઈન ગ્રાહકોને ઝીરો ડાયલિંગ સુવિધા આપવાની રહેશે. આ સુવિધા અત્યારે તમારા ક્ષેત્રની બહાર કોલ કરવા માટે ઉપલબ્ધ છે.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

વેકિસનને હજુ વાર છે, સાવધાનીને બેદરકારીની ખીટીએ ન ટીગાડતા

સલામત રીતે સાંમે કાંઠે પાર ઉતરી જશે. સૌરાષ્ટ્ર ક્રાંતી અખબારની જનતા જનાર્દન જોગ એવી જાહેર અપીલ છે કે, વેકિસન આવે નહીં ત્યાં સુધી અને સફળતાની ખાતરી ન થાય ત્યાં સુધી સાવચેતી અને સાવધાનીનો પટ્ટો ઉતારીને બેદરકારીની ખીટીએ લટકાવી ન દેશો. ત્યાં સુધી નક્કર ઇલાજ ઉપલબ્ધ ન બને ત્યાં સુધી કોરોના જેવી મહામારીથી બચવાનો સર્વશ્ઠ ઇલાજ એકજ છે, સતત માસ્ક ધારણ કરવું અને ઘરની બહાર અવર-જવર વખતે ત્રણ ફૂટનું સામાજીક અંતર જાળવવું સમય ઘણો કપરો છે. જરા જેટલી ગફલત અતિષય ઘાતક પૂરવાર થઇ શકે છે. રાજકોટની સજદારી પર સૌવને પૂર્ણ વિશ્વાસ છે. અને એ વિશ્વાસ અને શ્રધ્ધાના સહારે આપણે કોરોના સામે નિશ્ચીત પણે જય પ્રાપ્ત કરશું.

પ્રસિધ્ધ રામનાથ મંદિરના જીર્ણોધારનું કામ રોકવામાં સ્થાનિક ભાજપી નેતાગીરીની ભૂંડી ભૂમિકા

યોજના સૌપ્રથમ જુલાઇ ૨૦૧૭માં તૈયાર કરવામાં આવી હતી. ઉદ્યોગ અને ખાણ-ખનીજ વિભાગે રામનાથ મહાદેવ મંદિરના જીર્ણોધાર માટે જે તે સમયે રૂ.૪.૯૨ કરોડ મંજૂર કર્યા હતા. કામગીરી ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાશ બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવી હતી. યોજના તૈયાર થયાને ત્રણ-ત્રણ વર્ષના વાહણા વાઇ ગયા છે. પરંતુ નવીની કરણનું કામ શરૂ થવાનું તો બાજુએ રહયું સાવ ખોરંભે પડી જવા પામ્યું છે. વિકાશની ડિઝાઇન ખામી યુકત છે એ કારણે કામ હાલ બંધ કરાયું છે. એવો સત્તા વાર ખુલાસો કરવામાં આવી રહયો છે. પરંતુ પર્દા પાછળની કહાની અતિસય ગંભીર અને નિદાનીય કાવાદાવાઓનો સંકેત આપી રહી છે. કહેવાય છે કે, મંદિર પરિષયમાં કામ ચાલુ થયા બાદ ભાજપના નેતાઓએ ડિઝાઇનમાં ફેર બદલની માંગણી કરી હતી. અને કામ અટકાવી દિધુ હતું. ત્યાર બાદ ધાક-ધમકીથી કંટાળી એક કોન્ટ્રાકટર કામ છોડી ચાલ્યો ગયો હતો. હવે જેને કામ સોંપાયું છે એ આ પ્રોજેકટના નોડલ અધિકારીએ કલેકટરને પત્ર પાઠવી પોલીસ રક્ષણની માંગણી કરી છે. આ રીતે ભાજપના નેતાઓ અને તંત્ર વચ્ચેની રામાયણને પગલે ભોળાનાથ મહાદેવનું આ પવીત્ર સ્થાન નવીની કરણની રાહમાં આજી નદીના કાંઠે અડગ ઉભુ છે. ભોળાનાથ સૌવને સદ્ બુધ્ધી આપે એવી મહાદેવના ભકતો પ્રાર્થના કરી રહયા છે.

કુવાડવા પોલીસ મથકનું બોર્ડ જ ખોટું !

રાજકોટ: કોઈ પણ પ્રજાને પોતાની માતૃભાષા માટે ખુબ પ્રેમ હોય છે. મુંબઈગરાઓ મરાઠી ભાષા માટે ગમે તેવી લડત માટે હંમેશા તૈયાર હોય છે ભાષાની જાણવણી સરકારી તંત્રએ પહેલા કરવી જોઈએ અહી આપદા શહેર રાજકોટના કુવાડવા રોડ પોલીસ સ્ટેશનનું બોર્ડ તસ્વીર નજરે પડે છે. કુવાડવા રોડનું નામ વગર ચશ્માએ કુવાડાવા વાંચી શકાય એવું છે. પ્રાથમિક શાળાનો ટાબરિયો પણ વાંચી શકે એ બોર્ડ બે વર્ષથી લટકે છે. કદાચ અંગ્રેજી માધ્યમમાં ભણેલા અધિકારીઓના પ્રતાપ આવું થતું હશે !

ન્યુ સાગર સોસાયટીમાં વૃધ્ધાનો એસીડ પી આપઘાત

ગાંજા સાથે ઝડપાયેલા શખ્સને પીઆઇટી એનડીપીએસ દરખાસ્ત હેઠળ જેલમાં ધકેલાયો

સૌરાષ્ટ્ર ક્રાંતીના કોલમીસ્ટ મમતા પટેલનો આજે જન્મદિવસ

રાજકોટ: મુંબઇના રહેવાસી અને સૌરાષ્ટ્ર ક્રાંતીના કોલમીસ્ટ મમતાબેન પટેલનો આજે જન્મદિવસ છે. મમતાબેનને જન્મદિવસનિમિત્તે સગા-સ્નેહીઓ, મિત્રવર્તુળ તરફથી શુભેચ્છાઓનો ધોધ વહી રહી રહ્યો છે. ત્યારે મમતાબેનને સૌરાષ્ટ્રક્રાંતી પરીવાર તરફથી જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ..

અવસાન નોંધ

રાજકોટ: સ્વ.નિશેષભાઈ (નિશુભાઈ પ્રેસ એન્ડ કોમ. ફોટોગ્રાફર) (ઉ.વર્ષ ૫૬) રાજકોટ નિવાસી તે સ્વ.ગુણવંતભાઈ વ્રજલાલ સેદાણી (ફૂલછાબ પ્રેસ ફોટોગ્રાફર) તથા સ્વ.ઈન્દીરાબેન ગુણવંતભાઈના સુપુત્ર, તે આદિત્યભાઈના પિતા, તે પ્રો.હરિનભાઈ, પ્રો.શશીકાન્તભાઈ, ડો.પ્રવિણભાઈ તથા તરૂણભાઈ (વિડીયોગ્રાફર)ના ભત્રીજા, તે હિતેશભાઈ તથા જયેશાબેન કિર્તીભાઈ સેજપાલ (મુંબઈ)ના નાનાભાઈ, તે હિંમતભાઈ કાનજીભાઈ પોંદા (ભાવનગર)ના જમાઈ, તે નિતીનભાઈ ધનેશાના વેવાઈનું તા.૨૪ ને મંગળવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. ટેલિસેનીક બેસણું આવતીકાલે રાખેલ છે. મો.૯૪૨૮૨૫૦૨૯૮, ૯૧૬૭૪૫૬૮૦૧

આવતીકાલે વિધાનસભા અધ્યક્ષોને વડાપ્રધાનનું ઓનલાઈન સંબોધન

તમામ કાર્યકરોને સંબોધન નિહાળવા શહેર પ્રમુખ મિરાણીનો અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી, મહામંત્રી દેવાંગ માંકડ, જીતુ કોઠારી, કિશોર રાઠોડની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવેલ છે કે આવતીકાલે તા.૨૬ નવેમ્બર૨ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે સંવિધાન દિવસ અંતર્ગત દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ધ્વારા દેશના વિધાનસભા અને વિધાન પરિષદના અધ્યક્ષોઓને વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સંબોધન કરશે.

આ તકે વધુમાં તેઓએ જણાવેલ કે લોકશાહીનું આ સદન જ્ઞાનનો મહાકુંભ છે ત્યારે મહાત્મા ગાંધી, ડો. રાજેન્દ્ર પ્રસાદ, ડો. બાબાસાહેબ આંબેડકર, સરદાર વલ્લભભાઈ પટેલ જેવા અનેક મહાપુરૂષોએ પોતાનું જીવન સમર્પિત કર્યું છે. ત્યારે આજે દેશને આઝાદી મળ્યાને સાત-સાત દશકા પછી પણ દેશવાસીઓએ સંવિધાન ને આંચ નથી આવવા દીધી એટલે બંધારણની ભાવના અટલ-અડગ રહી છે અને મજબુત બંધારણથી એક ભારત-શ્રેષ્ઠ ભારત બન્યું છે ત્યારે વડાપ્રધાન

દેશનો દરેક નાગરીક પોતાના કર્તવ્યનું પાલન કરી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી બને

નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને આહવાન કરતા જણાવ્યું હતું કે દેશનો દરેક નાગરીક પોતાના કર્તવ્યનું પાલન કરી રાષ્ટ્રનિર્માણમાં સહભાગી બને. ત્યારે આવતીકાલે સંવિધાન દિવસ છે ત્યારે બંધારણમાં અધિકાર અને ફરજ પ્રત્યે દેશવાસીઓમાં જાગૃતતા આવે એ જરૂરી છે ત્યારે એક નાગરીક તરીકે દરેક દેશવાસી પોતાના કર્તવ્યનું સભાનપણે પાલન કરે એ જરૂરી છે કારણકે કર્તવ્યમાં જ અધિકારોની રક્ષા રહેલી છે.(૩)

રૂડાએ રીંગ રોડ-૨ ના બ્રિજ-રોડના કામના ટેન્ડર બહાર પાડયા

ચોથા ફેઈઝમાં ભાવનગર રોડના કાળીપાટથી માલિયાસણ વચ્ચે બનનાર ચાર બ્રિજના ટેન્ડર પ્રસિધ્ધ કર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

રાજકોટ શહેર પર વધતા જતા ટ્રાફિક ભારણમાં ક્રમશઃ ઘટાડો કરી પરિવહન માટે શક્ય તેટલી સાનુકુળ પરિસ્થિતિ ઉભી કરવા મહાનગર પાલિકાની માફક જ શહેરી વિકાસ સત્તામંડળ (રૂડા) દ્વારા પણ રિંગ રોડ-૨ નો મહત્વપૂર્ણ પ્રોજેક્ટ આગળ ધપાવવામાં આવી રહયો છે. રૂડા દ્વારા શહેરની ફરતે આવેલ રીંગ રોડ-૨ ની ફેઝવાઇઝ કામગીરી હાથ ધરવામાં આવેલી છે. જેમાં રીંગરોડ-૨ ના ફેઝ-૪ ભાવનગર રોડ(કાળીપટ) થી અમદાવાદ રોડ (માલીયાસણ) સુધીના રસ્તા તથા બ્રીજ કામનાં ટેન્ડરો રૂડાના ચેરમેન ઉદિત અગ્રવાલ દ્વારા પસિધ્ધ કરવામાં આવેલ છે.

આ પ્રોજેક્ટ વિશે વાત કરતા રૂડાના ચેરમેનએ એમ જણાવ્યું હતું કે, રિંગ રોડ-૨ ના ફેઝ-૧ મા જામનગર રોડથી કાલાવડ રોડ સુધીના ૮.૯૬ કી.મીના રસ્તાની (ત્રણ) બ્રીજ સાથે ૨-માર્ગીય રસ્તાની કામગીરી પુર્ણ કરેલ છે. જ્યારે ફેઝ-૨મા ૧૦.૬૦ કી.મી ૨-માર્ગીય રસ્તાની કામગીરી પુર્ણ કરેલ છે, અને રસ્તાની પથરેખામાં આવેલ (ત્રણ) બ્રીજ પૈકી (બે) બ્રીજની કામગીરી પુર્ણ થયેલ છે અને (એક) બ્રીજની કામગીરી પ્રગતિમાં છે. તેમજ ફેઝ-૩ માં ૧૦.૬૬૫ કી.મી રસ્તાની અને રસ્તાની પથરેખામાં આવેલ ૫(પાંચ) બ્રીજીસની કામગીરી પ્રગતિમાં છે. સત્તામંડળ દ્વારા બાકી રહેલ રીંગરોડ-૨ પૈકી ફેઝ-૪ એટલે કે ભાવનગર રોડ(કાળીપટ) થી અમદાવાદ રોડ(માલીયાસણ) સુધીના રસ્તાની બ્રીજ સાથેની કામગીરી હાથ ધરવામા આવેલ છે.

આ રસ્તાની અંદાજીત લંબાઇ ૧૦.૩ કી.મીની છે, તેમજ પહોળાઇ ૯.૨૫ મી છે. રસ્તાની પથરેખામાં કુલ (બે) મેજર બ્રીજ આવેલ છે જે બ્રીજીસની કામગીરી ભવિષ્યના ટ્રાફીક ભારણને ધ્યાને લઇ ૩-માર્ગીય બનાવવાનું આયોજન છે. આ રસ્તાની અંદાજીત રકમ રૂ.૩૧.૭૭ કરોડ અને (બે) બ્રીજની અંદાજીત રકમ રૂ.૧૨.૬૬ કરોડ માટેની ટેકનીકલ સેન્કશન અને વહીવટી મંજુરી મેળવી ટેન્ડર પ્રસિધ્ધ કરેલ છે. જે ફાઇનલ થયે રસ્તા તેમજ બ્રીજીસની કામગીરી અંદાજીત ૧૮ માસમાં પુર્ણ કરવાનું કરવાનું આયોજન છે. ઉપરોકત કામગીરી થયે સદરહું રસ્તો અમદાવાદ તથા ભાવનગર માટે બાયપાસ રસ્તા તરીકે ઉપયોગી થઇ શકશે.

કર્ફ્યુના ચોથા દિવસેજાહેરનામા ભંગના ૧૩૧ કેસઃ કર્ફ્યુનો ચુસ્તપણે અમલ

રાજકોટઃ કોરોના વાયરસની મહામારી ફેલાતી અટકાવવા માટે ગત.તા .૨૧/૧૧થી કર્ફ્યુનો અમલ દરરોજ રાત્રીના કલાક ૯ થી સવારના ૬ સુધી અમલ કરવાનો હોય કર્ફ્યુ દરમ્યાન શહેર કમિશનરેટ વિસ્તારમાં રહેતા રહેવાસીઓએ પોતાના રહેણાંક મકાનની બહાર નીકળવું નહીં તેમજ કોઇપણ માર્ગ, જાહેર રાહદારી રસ્તાઓ, રાજમાર્ગો, જાહેર જગ્યાઓ ઉપર ઉભા રહેવું નહીં , રખડવું નહી અથવા પગપાળા કે વાહનો મારફતે હરવું ફરવુ નહી જે અંગે જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે જે કર્ફ્યુ સમય દરમ્યાન જાહેરનામાનો જનતા ચુસ્તપણે પાલન કરે તે માટે શહેર પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલ તથા ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ શહેર પોલીસ કાર્યવાહી કરી રહેલ છે તા , ૨૪ / ૧૧ / ૨૦૨૦ ના રાત્રીના કલાક ૯થી સવારના કલાક ૬ સુધી કર્ફ્યુ સમય દરમ્યાન શહેરના ચાર રસ્તાઓ , એન્ટ્રી પોઇન્ટ તેમજ જાહેર રોડ ઉપર ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવેલ તેમજ સઘન પેટ્રોલીંગ ફરી કર્ફ્યુ નું પાલન કરાવવામાં આવેલ છે જે દરમ્યાન કર્ફ્યનું પાલન નહીં કરનાર વિરૂધ્ધ કુલ ૧૩૧ જાહેરનામા ભંગના ગુન્હાઓ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પોલીસની મંજુરીની જોવાતી રાહ

બીઈંગ ફાઈન્ડ ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક સેનેટાઈઝેશન આયોજન

બસ સ્ટેશન, જંકશન, સીટી બસ, ધાર્મિક સ્થળો સહિતની જગ્યાઓ પર સેનેટાઈઝેશન હાથ ધરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

રાજકોટમાં સતત કોરોનાનું જેમ સંક્રમણ વધી રહ્યું છે. ત્યારે રાજકોટમાં વિવિધ જગ્યાએ બીઈંગ ફ્રાન્ડ ફોન્ડેશન દ્વારા સેનેટાઈઝેશન કરવાની નિઃશુલ્ક સેવા આપવાનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમ રાજકોટમાં સ્થાનિક પોલીસની મંજુરી મેળવી અનેક જગ્યાએ સેનેટાઈઝેશનની કામગીરી શરૂ કરાશે.

બીઈંગ ફિન્ડ ફોઉડેશન દ્વારા આજે રાત્રે ૧૦ થી ૧૧ રાજકોટ બસ પોર્ટ તેમજ લીમડા ચોક બસ સ્ટેન્ડ રાત્રે ૧૧ થી ૧૨ સેનેટાઈઝેશન કરવામાં

આવશે. તેમજ આવતીકાલે ભક્તિનગર રેલ્વે સ્ટેશન રાત્રે ૯ થી ૧૦ તેમજ રાત્રે ૧૦ થી ૧૨ દરમિયાન જંકશનને સેનેટાઈઝેશન કરાશે. બીઈંગ ફાઉન્ડ ફાઉન્ડેશન દ્વારા સેનેટાઈઝેશનની કામગીરી શુક્રવારના રોજ પણ કરાશે જેનો બપોરે ૨ થી ૪ કિશાનપરા ચોક, બીઆરટી એસની બસો ૯ થી ૧૦ તેમજ સીટી બસો રાત્રે ૧૦ થી ૧૨ કરાશે. કોરોના સાને લડવા બીઈંગ ફાઉન્ડ ફાઉન્ડેશન સ્થાનિક પોલીસ સ્ટેશન મંજુરી મેળ્યા બાદ સેવાકીય પ્રવૃતિ હાથ ધરશે.

સેનીટાઈઝરની સેવા કાર્યો માટે બીઈંગ ફિન્ડ ફાઉન્ડેશનએ પોલીસની પરવાનગી મેળવી નથી પરંતુ કોરોના સંક્રમણને ધ્યાનમાં લઈ વિવિધ જગ્યાએ સ્થાનિક પોલીસની મંજુરી મળશે તેવો આશાવાદ એનજીઓની યાદીમાં યાદીમાં વ્યકત કરાયો છે.

ગોંડલમાં લગ્નના આયોજન અંગે બે દિવસમાં ૫૮૪ અરજી આવીઃ લગ્નમાં નિયમોની જાણકારી માટે પ્રાંત અધિકારીએ બેઠક કરી

સોશિયલ મીડિયામાં ફેક ન્યુઝ વાયરલ કરનારની ધરપકડ

શહેરમાં કોરોનાનું સંક્રમણ વધતા આવતીકાલથી કર્ફ્યું હોવાનો અંબાજી કડવા પ્લોટના પટેલ શખ્સે ખોટો મેસેજ વાયરલ કર્યો હતો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

દેશમાં કોરોના મહામારી વકરી રહી છે ત્યારે સોશિયલ મીડિયામાં ખોટા મેસેજ વાયરલ કરી લોકોમાં ભય ફેલાવતા શખ્સો સામે પોલીસે લાલ આંખ કરી છે ત્યારે શહેરના અંબાજી કડવા પ્લોટ વિસ્તારમાં રહેતા પટેલ શખ્સે સોશિયલ મીડિયામાં ફેક ન્યુઝ વાયરલ કરી લોકોને ભયભીત કરતા પોલીસે ધરપકડ કરી છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ જી.ટી.પી.એલ. ચેનલના લોકેશન હેડ દ્વારા અંગે સાયબર ક્રીમ પોલીસમાં ફરિયાદ કરી હતી કે, કોઈ અજાણ્યા શખ્સે ચેનલના લોગો સાથે ફેક ન્યુઝ વાયરલ કરી આવતી કાલથી કર્ફ્યું હોવાના ખોટો મેસેજ વાયરલ કર્યો હોવાથી ફરિયાદ નોંધાવતા પી.આઈ. વી.જે.ફર્નાન્ડીસ, એ.એસ.આઈ. જે.કે.જાડેજા, એ.એસ.આઈ. પી.એન.ત્રિવેદી, એ.એસ.આઈ. એમ.એમ.ચાવડા, હેડ.કોન્સ. સંજયભાઈ, જયદેવભાઈ સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી ગઈ તા ૧૯-૧૧ના જી.ટી.પી.એલ. ચેનલના લોગા સાથે રાજકોટ શહેરમાં કોરોનાનું સંક્રમણ વધતા આવતી કાલથી કર્ફ્યું રહેશે તેવા ખોટા ન્યુઝ વાયરલ કરનાર અંબાજી કડવા પ્લોટમાં ગરબી ચોક પાસે પી.ડી.એમ. કોલેજ પાછળ રહેતો પારસ સુરેશભાઈ રૈયાણી નામના પટેલ શખ્સની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

સ્પોર્ટ્સ

વિરાટ કોહલી ખરાબ કેપ્ટન નથી, પરંતુ રોહિત શર્મા તેનાથી વધુ સારોઃ ગંભીર

(એજન્સી સમાચાર) ભારતીય ક્રિકેટ ટીમની કમાની કરવા માટે કોણ વધુ યોગ્ય- વિરાટ કોહલી કે રોહિત શર્મા? આ અંગે વિવિધ દિગ્ગજો પોતાના અભિપ્રાય આપી રહ્યા છે. આ વચ્ચે પૂર્વ ઓપનર ગૌતમ ગંભીરે કહ્યું કે, આ ભૂમિકામાં કોહલી વધુ સારો થઈ શકે છે, પરંતુ વાઈસ કેપ્ટન રોહિત આ મામલે તેનાથી વધુ સારો છે. ગંભીરે સ્ટાર સ્પોર્ટ્સના શો ક્રિકેટ કનેક્ટેડમાં કહ્યું કે, વિરાટ કોહલી ખરાબ કેપ્ટન નથી, પરંતુ રોહિત શર્મા તેનાથી સારો છે. બંનેની કમાન તરીકેની ક્વોલિટીમાં આ સૌથી મોટો ફર્ક છે. જો આપણે આંકડાની વાત કરીએ તો રોહિતને ૨૦૧૩માં મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. એ સીઝનમાં તેણે પહેલીવાર મુંબઈને ચેમ્પિયન બનાવ્યું. ત્યારથી લઈને રોહિતે અત્યાર સુધીમાં મુંબઈને પાંચ વાર ચેમ્પિયન બનાવ્યું છે. જ્યારે કોહલી ૨૦૧૩થી રોયલ ચેલેન્જર્સ બેંગલોરની કમાની કરી રહ્યો છે, પરંતુ હજી સુધી એકપણ વાર ચેમ્પિયન બનાવી શક્યો નથી.(૧૦)

ભારત ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ નવી જર્સીમાં નજરે પડશેઃ ધવને ફોટો શેર કર્યો

(એજન્સી સમાચાર) ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયાના પ્રવાસે લિમિટેડ ઓવર્સની સીરિઝ રમવા તૈયાર છે. વનડે અને ટી-૨૦ સીરિઝમાં ભારતીય ટીમ નવી જર્સી સાથે મેદાન પર જોવા મળશે. ટીમ ઈન્ડિયાના ઓપનર શિખર ધવને મંગળવારે સોશિયલ મીડિયા પર ફોટો શેર કરીને આ જાણકારી આપી. તેણે લખ્યું કે, નવી જર્સીમાં નવા મોટિવેશન સાથે જીતવા માટે તૈયાર.રેટ્રો થીમ ટી-શર્ટ સાથે ભારતીય ટીમની નવી જર્સી ૭૦ના દાયકાથી પ્રેરિત છે. લિમિટેડ ઓવર્સના ક્રિકેટમાં ટીમ હવે પારંપરિક સ્કાઈ બ્લૂની જગ્યાએ નેવી બ્લૂ શેડમાં નજર આવશે. જર્સી પર નવા સ્પોન્સર એમપીએલ સ્પોર્ટ્સનો લોગો પણ રહેશે. તે ડિસેમ્બર ૨૦૨૩ સુધી ટીમ ઈન્ડિયાની નવી કિટ સ્પોન્સર રહેશે.ટી-૨૦ સીરિઝમાં ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ પણ ખાસ ડિઝાઈન વાળી સ્વદેશી જર્સી પહેરશે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ હાલમાં જ નવી જર્સી લોન્ચ કરી હતી. આ જર્સી ૧૮૬૮ની ઓસ્ટ્રેલિયન ટીમને સન્માન આપવા માટે તૈયાર કરવામાં આવી છે. જેને આંટી ફ્રિયોન ક્લાર્ક અને કોર્ટની હેગને ડિઝાઈન કરી છે.(૧૦)

ધોનીને ઝાટકો, બિહાર ક્રિકેટ એસોસિએશનના ઉપાધ્યક્ષ રહેલ દેવલ સહાયનું નિધન

(એજન્સી સમાચાર) બિહાર ક્રિકેટ એસોસિએશનના ઉપાધ્યક્ષ રહેલ દેવલ સહાયનું નિધન થયુ હતુ. ૭૩ વર્ષના દેવલ દાએ રાંચીની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. તેઓ છેલ્લા ત્રણ મહિનાથી બીમાર હતા. રાંચી ક્રિકેટના ભીષ્મ પિતામહ ગણાતા દેવલ સહાય ટીમ ઈન્ડિયાના પૂર્વ કેપ્ટન મહેન્દ્ર સિંગ ધોનીના મેન્ટર હતા. ક્રિકેટ અને ફૂટબોલના શાનદાર ખેલાડી રહેલ દેવલ દા સેન્ટ્રલ કોલફીલ્ડ્સ લિમિટેડના નિર્દેશક પદથી સેવાનિવૃત્ત થયા પછી ૨૦૦૬માં રમત ગમત ક્ષેત્રથી પોતાને અલગ કરી દીધા હતા. તેમના નિધનથી અલગ અલગ સંગઠનો સાથે જોડાયેલ રમત ગમત પ્રેમીમાં શોકની લહેર છવાઈ ગઈ છે. દેવલ સહાયે ક્રિકેટમાં એટલો શાનદાર માહોલ તૈયાર કર્યો તેમની દેખરેખમાં એક ડઝનથી વધારે ક્રિકેટરો દેશ અને રાજ્યનું પ્રતિનિધિત્વ કર્યુ છે. મહેન્દ્ર સિંહ ધોની, પ્રદીપ ખન્ના, આદિલ હુસૈન, અનવર મુસ્તફા, ધનંજય સિંહ, સુબ્રત દા જેવા ક્રિકેટર શામેલ છે.(૧૦)

'સસુરાલ સિમર કા'ના એક્ટર, અભિનેતા અને વોઈસ ઓવર આર્ટિસ્ટ આશિષ રોયનું નિધન

(એજન્સી સમાચાર) 'સસુરાલ સિમર કા' જેવી ટેલિવિઝન સિરિયલોમાં જોવા મળેલા અભિનેતા આશિષ રોયનું મુંબઈમાં નિધન થયું છે. જાણવા મળેલી માહિતી પ્રમાણે ૨૪ નવેમ્બરની સવારે લગભગ ૪ વાગ્યે આ ૫૫ વર્ષીય અભિનેતાએ પોતાના ઘરમાં અંતિમ શ્વાસ લીધા. આશિષ છેલ્લાં કેટલાંક વર્ષોથી કિડનીની બીમારીનો સામનો કરી રહ્યા હતા અને તેમની પાસે સારવારના પણ પૈસા નહોતા. છેલ્લા એક વર્ષમાં તેઓ ઘણી વખત સોશિયલ મીડિયા દ્વારા લોકો પાસે આર્થિક મદદ માગી ચૂક્યા હતા.આશિષના નજીકના મિત્ર સૂરજ થાપરે તેમના નિધનના સમાચારની પુષ્ટિ કરી. દિવ્ય ભાસ્કર સાથેની વાતચીતમાં સૂરજે કહ્યું કે, 'છેલ્લાં કેટલાક વર્ષોથી આશિષ કિડનીની બીમારી સામે લડી રહ્યો હતો. તે આર્થિક રીતે પગભર થવાનો ઘણો પ્રયાસ કરી રહ્યો હતો અને અમુક હદ સુધી સફળ પણ થઈ ચૂક્યો હતો. બંને કિડની ખરાબ થઈ ગઈ હોવા છતાં તે તેની સારવાર કરાવી રહ્યો હતો અને લોકો પાસે કામ માગી રહ્યો હતો.સૂરજે વધુમાં કહ્યું કે, કલર્સ ચેનલની સાથે એક શોની વાતચીત પણ ચાલી રહી હતી અને થોડા દિવસ પહેલાં ડબિંગ પણ કર્યું હતું. અચાનક સવારે લગભગ ૩.૩૦ વાગ્યે તેમને શ્વાસ લેવામાં તકલીફ થવા માંડી. તેમને છાતીમાં ઘણો દુખાવો થવા માંડ્યો હતો. જે છોકરો તેમની સાથે રહે છે, તેણે તેમના દુખાવા વિશે જણાવ્યું હતું. છોકરા સાથે વાતચીત દરમિયાન જ તેના ખોળામાં તેમનું મોત થયું.(૧૦)

શાહરુખ ખાન સાથે દીપિકાએ ફિલ્મ પઠાણનું શૂટિંગ શરૂ કરી કર્યા હોવાના આપ્યા સંકેત

(એજન્સી સમાચાર) બોલિવૂડ એક્ટ્રેસ દિપીકા પાદુકોણ કોરોના વાયરસને કારણે ઘણા સમયથી ફિલ્મોથી દૂર થઈ ગઈ હોય તેમ લાગતું હતું. વચ્ચે તે ડ્રગ્સ વિવાદમાં પણ સપડાઈ હતી અને એનસીબીએ તેની પૂછપરછ પણ કરી હતી. જોકે તે ફરીથી વ્યસ્ત બની ગઈ છે. તેણે શાહરુખ ખાન સાથે તેની નવી ફિલ્મ પઠાણનું શૂટિંગ શરૂ કરી દીધું હોવાના સંકેત આપી દીધા છે. દિપીકાએ ઈન્સ્ટાગ્રામ પર એવો સંકેત આપ્યો હતો તેણે એક નવી શરૂઆત કરી દીધી છે. તેણે સોશિયલ મીડિયા પર આવો સંકેત આપ્યા બાદ તેના ફેન્સની આતુરતા વધી ગઈ છે. તેઓ આ અંગે વધુ વિગતો જાણવા માટે ઉત્સુક બની ગયા છે. તેણે ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું હતું કે શુભ આરંભ. આ પોસ્ટ જોઈને તેના ફેન્સે રિએક્શન આપ્યા હતા.(૧૦)

બોલીવુડ

ટીવી અભિનેત્રી માલવી મલ્હોત્રાને જાનથી મારી નાંખવાની ધમકી મળી

(એજન્સી સમાચાર) અંદાજીત એક મહિના પહેલા ટીવી અભિનેત્રી માલવી મલ્હોત્રા ઉપર જીવલેણ હુમલો થયો હતો. જેમાં તે ઈજાગ્રસ્ત થઈ હતી. પોલીસે આરોપીની ધરપકડ પણ કરી લીધી હતી. પરંતુ માલવીની મુશ્કેલી ઓછી નથી થઈ. હવે અભિનેત્રી અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી મળી રહી છે.૧૮ નવેમ્બરે બાઈક ઉપર સવાર એક વ્યક્તિએ માલવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. એક ઈન્ટરવ્યુમાં માલવીએ કહ્યું કે, ૧૮ નવેમ્બર રાત્રે ૯ વાગ્યા પોતાના માતા પિતા સાથે બિલ્ડીંગના કંપાઉન્ડમાં વોકિંગ કરી રહી હતી. ત્યારે બાઈક ઉપર માસ્ક પહેરી એક વ્યક્તિ મારી પાસે આવ્યો હતો અને મારા પિતાને કહેવા લાગ્યો કે, યોગેશને જલદીથી જામીન મળી જશે, તેના પછી અમે બતાવીશું તમારી સાથે શું થઈ શકે છે.માલવી આ ઘટના પછી ખુબ જ ચિંતામાં છે. તેણીએ કહ્યું કે આ પછીથી મારી નિંદર ઉડી ગઈ છે. જલદીથી આ ઘર બદલી નાખવાનું વિચારી રહી છું. માલવીની તબિયત હાલ સારી નથી. તે ઘરની બહાર માત્ર ત્યારે જ નિકળે છે જ્યારે તેને મેડિકલ ચેકઅપ માટે જવાનું હોય છે. ડોક્ટરે તેને ચાલવાની સલાહ આપી છે. માલવીએ કહ્યું કે, મારા પર હુમલા પછી મારા માટે કસરત જરૂરી છે. આશા છે કે તે વ્યક્તિ ઉપર જલદીથી કોઈ કાર્યવાહી કરવામાં આવશે.(૧૦)

બ્લેક કલરના સ્વેટરમાં મૌની રોયે કરાવ્યું બોલ્ડ ફોટોશૂટ, ફોટો વાયરલ

(એજન્સી સમાચાર) બોલિવૂડ અભિનેત્રી મૌની રોય સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તે હંમેશાં તેના હોટ અને બોલ્ડ ફોટા ફેન્સ સાથે શેર કરતી હોય છે. હવે નાગિન ફેઇમ અભિનેત્રી મૌની રોયે ઈન્સ્ટાગ્રામ પર પોતાની કેટલીક બોલ્ડ તસવીરો શેર કરી છે જે ઝડપથી વાયરલ થઈ રહી છે. આ તસવીરોમાં મૌની રોય માત્ર સ્વેટર પહેરીને બોલ્ડ સ્ટાઈલમાં પોઝ આપતી જોવા મળી રહી છે. મૌની રોયે ન્યુડ મેકઅપ કરેલું છે. તેનો કિલર લૂક ફેન્સને ક્રેઝી બનાવી રહ્યો છે. અભિનેત્રીઓની આ તસવીરો પર યુઝરો જબરજસ્ત કોમેન્ટો કરી રહ્યા છે. ટીવી સીરિયલ 'નાગિન'થી ઘરે ઘરે પ્રખ્યાત થયેલી અભિનેત્રી મૌની રોયે અક્ષય કુમાર સાથે ફિલ્મ 'ગોલ્ડ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. તાજેતરમાં તેની રિલીઝ થયેલી ફિલ્મ 'લંડન કોન્ફીડેન્શિયલ' વિશે ઘણી ચર્ચાઓ થઈ રહી છે. મૌની રોય ફિલ્મ 'બ્રહ્માસ્ત્ર'માં પણ જોવા મળશે. તેમાં રણબીર કપૂર અને આલિયા ભટ્ટની સાથે અમિતાભ બચ્ચન પણ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મમાં મૌની રોય નેગેટિવ ભૂમિકામાં જોવા મળશે.(૧૦)

રાજકોટ પુરવઠા શાખાની કામગીરી સામે અનેક સવાલ

દુકાનદારના બોલને ઝીંલી લેતી પુરવઠા ટીમ!

સસ્તા અનાજના દુકાનદાર બદરૂદીને અનાજનો જથ્થો છૂટક વહેંચી નાખ્યાનું જણાવી દેતા પુરવઠા ટીમે વિસ્તારમાં જઈ તપાસની પણ તસ્દી ન લીધી!

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

પુરવઠા તંત્ર દ્વારા સમયસર ચેકીંગ હાથ ધરવામાં નહીં આવતા સસ્તા અનાજના દુકાનદારોને મોકળુ મેદાન મળી ગયા હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે! ગત તા.૨૧ ના રોજ શહેરના ડીસીબી પોલીસ વિભાગ દ્વારા સસ્તા અનાજના પરવાનેદાર બદરૂદીનન સહરૂદીન વિરાણીની દુકાનેથી બારોબાર ચોખાનો ૨૩૫૦ કિલોનો જથ્થો વેચાણ માટે બારોબાર લઈ જતા દિનેશભાઈ રાજકુમાર નિયાણીની અટક કરવામાં આવી હતી. સસ્તા અનાજના દુકાનદાર બદરૂદીન વિરાણીની દુકાનની પુરવઠા ટીમ દ્વારા ઓનલાઈન સ્ટોક પત્રકની તપાસ કરતા ઘંઉ ૪૧૦૨ કિલો, ચોખા ૧૬૧૮ કિલો, ખાંડ ૧૯૧ કિલો, તેલ ૧૭ લીટર અને કેરોસીન ૧૭૨ લીટર કુલ ૩૫,૭૯૫ રૂપિયાનો હાજર જથ્થો સીઝ કરી ૯૦ દિવસ માટે લાયસન્સ મોકૂફ રાખ્યો.

પુરવઠા ટીમ દ્વારા ઓનલાઈન સ્ટોક પત્રકમાં સસ્તા અનાજની દુકાનમાં ઘંઉ, ચોખા સહિત જથ્થામાં ઘટ બહાર આવી પણ દુકાનદાર બદરૂદીન વિરાણીએ અનાજનો જથ્થો કોને-કોન વહેંચી નાખ્યો તેની વિગત બહાર લાવવામાં પુરવઠા તંત્ર નિષ્ફળ રહ્યું છે. પુરવઠા ટીમ દ્વારા સઘન તપાસ કરવામાં આવી હોત તો સત્ય બહાર આવી શકત પણ ખોરા ટોપરા જેવી નીતિથી દુકાનદારે કહ્યા પ્રમાણે સંતોષ માની લીધો! પુરવઠા ટીમ દ્વારા એવુ જણાવાયું છે કે, દુકાનદાર બદરૂદીનએ ઘંઉ, ખાંડ, તેલ અને ખાંડનો જથ્થો છૂટક વહેંચી નાખ્યો છે. પુરવઠા ટીમ દ્વારા વિસ્તારમાં રેશનકાર્ડ ધારકો તેમજ લોકો પાસેથી જાણકારી મેળવી હોત તો દુકાનદાર બદરૂદીન છેલ્લા કેટલા સમયથી અનાજનો જથ્થો બારોબર વહેંચી રહ્યા હોવાનું બહાર આવી શકત પણ પુરવઠા ટીમે દુકાનદાર બદરૂદીનએ કહ્યા પ્રમાણે નોંધ કરી તપાસ કર્યાનો સંતોષ માની લીધા હોવાની ચર્ચાઓ થઈ રહી છે.(૧.૧)

પંચાયતની ચૂંટણીની પૂર્વ તૈયારી આદરી

ગોંડલના દેરડી વિસ્તારમાં કોંગ્રેસનું ખાટલા બેઠક રૂપે સ્નેહમિલન

(અમારા પ્રતિનિધિ દ્વારા)

વડિયા,તા.૨૫

કોરોના કાળ વચ્ચે યોજાયેલી ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણી બાદ આગામી સમયમાં આવનારી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત ની ચૂંટણીઓની તૈયારી હાલ સ્નેહમિલન રૂપે શરુ થઇ હોય તેવું લાગી રહ્યુ છે. રાજકોટ જિલ્લા પંચાયત તેના છેલ્લા પાંચ વર્ષના શાસનમાં રોજ ખેંચતાણમાં જોવા મળી હતી તેની હવે મુદત પૂર્ણ થવાની હોય એટલે આવનારા દિવસોમાં આ ચૂંટણીઓ યોજવાની છે. ત્યારે કોંગ્રેસ દ્વારા ફરી જિલ્લા, તાલુકા માં વર્ચસ્વ જમાવવા રાજકોટ જિલ્લા પંચાયતની દેરડી સીટ પર ગુજરાત કોંગ્રેસ પ્રદેશના બક્ષીપંચ મોરચાના મંત્રી આવે મુકેશ દેથળીયા દ્વારા સંગઠન રૂપે દેરડી વિસ્તારમાં સ્નેહ મિલન રૂપે ખાટલા બેઠકો યોજવાની શરૂ છે તેના પરથી આવનારા દિવસોમાં રાજકોટ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં જંગ એ વાત નક્કી છે.

એ માટે કોંગ્રેસ દ્વવારા આગોતરી તૈયારી કરવામાં આવતી હોય તેવું જણાય રહ્યુ છે. જેમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા હરદેવસિંહ જાડેજા, ગોંડલ તાલુકા કોંગ્રેસ પ્રમુખ દિલીપભાઈ સોજીત્રા અને મુકેશ દેથલીયા દ્વારા દેરડી વિસ્તારમાં ખાટલા બેઠકો યોજી ચૂંટણીની તૈયારી શરુ કરી હોય તેવું જણાય રહ્યુ છે. જો કોંગ્રેસ આવી રીતે જાગૃત થઇ કામગીરી કરે તો ચોક્કસ જીત તરફ જઈ શકે.(૩.૩)

મુખ્યમંત્રીની શુભેચ્છા મુલાકાત લેતા જોહરબંધુ

નવાવર્ષની શુભેચ્છા પાઠવી મુખ્યમંત્રીને દાઉદી વ્હોરા સમાજ દ્વારા ચાલતા ''પ્રોજેક્ટ રાઈસ'' અંગે માહિતગાર કર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫: દાઉદી વ્હોરા સમાજના યુસુફઅલીભાઈ તથા હસનેનભાઈ જોહરકાર્ડ્સ વાળાએ દિવાળી નિમિતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની શુભેચ્છા મુલાકાત લીધી હતી તેઓના નિવાસસ્થાને જઈને નવા વર્ષની શુભકામનાઓ પાઠવેલ હતી. અને દાઉદી વ્હોરા સમાજ દ્વારા ચાલતા પ્રોજેક્ટ રાઈસની મુખ્યમંત્રીને માહિતીઓ આપી તે અંગે વાકેફ કર્યા હતા.

પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગની આજે જન્મજયંતી

આજથી વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી તેમની રચનાઓ વૈશ્વિક બનશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

લોકસાહિત્યના ઘૂઘવતા સાગર સમા પદ્મશ્રી કવિ દુલાભાઈ ભાયાભાઈ કાગ (ગઢવી)નો જન્મ તા.૨૫/૧૧/૧૯૦૨ ના રોજ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના સોડવદરી ખાતે મોસાળમાં થયો હતો. અમરેલી જિલ્લાના રાજુલા પંથકનું મજાદર (કાગધામ) એ તેઓની કર્મભૂમિ છે. તેમણે પાંચ ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. કવિ કાગે કંઠ, કહેણી અને કવિતાનો સુમેળ સાધીને જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય જેવા વિષયો પર અણમોલ સાહિત્યની રચના કરી છે.

સંત મુક્તાનંદજીની કૃપાથી નાની ઉંમરમાં જ કવિતાની સરવાણી ફૂટી અને તેઓ લોક રામાયણના વાલ્મીકિ બન્યા. મહાભારત અને રામાયણ જેવા પ્રાચીન ગ્રંથોની ગહન વાણીને સરળ ભજનો દ્વારા રજૂ કરી છે તેથી જ તેઓ ભગતબાપુના ઉપનામથી પણ જાણીતા છે. ભજનો ઉપરાંત દોહા-છંદ, કવિત, છપ્પય, સવૈયા વગેરે ક્ષેત્રે પણ તેઓનું નોંધપાત્ર પ્રદાન છે. વિનોબા બાવની, સોરઠ બાવની, ચંદ્ર બાવની, તો ઘર જાશે જાશે ધરમ, ગુરુ મહિમા, શક્તિ ચાલીસા ઉપરાંત કાગવાણી ભાગ - ૧ થી ૮ માં લોક પરંપરાના પ્રાચીન કલેવરમાં અર્વાચીન સંવેદનાઓ ગૂંથવાનો કવિએ ઉમદા પ્રયત્ન કર્યો છે. રવીન્દ્ર પારિતોષિક ઉપરાંત ભારત સરકારે પદ્મશ્રીના ખિતાબથી તેઓનું બહુમાન કર્યું હતું.

હવે યુવાપેઢીને પણ ચારણી સાહિત્ય અને ડાયરામાં રજૂ થતાં સપાખરું ગીતનો ચસ્કો લાગ્યો છે ત્યારે તેઓની જયંતીના શુભ દિનથી જ કવિની રચનાઓ ડિજિટલ ઉપરાંત વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી હાથવગી સહિત વૈશ્વિક બનશે. આજે કવિ દુલા કાગ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા વેબસાઈટ **www.kavikag.com** અને **Kag Sahitya** મોબાઈલ એપ્લિકેશનનો શુભારંભ થવા જઈ રહ્યો છે. તેમ હિતેશભાઈ ગઢવીની યાદીમાં જણાવ્યું છે.(૩.૨)

ઉનામાં આખલા યુધ્ધથી અફડાતફડી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ઉના,તા.૨૫



ઉનાના ટાવર ચોક પાસે આખલાઓ વચ્ચે યુદ્ધ. ઉનાના ટાવર ચોક વિસ્તારમાં આંખલાનો ત્રાસ વધી રહ્યો છે. ત્યારે ટાવર ચોક વિસ્તારમાં આંખલાઓ સામ સામે યુદ્ધ કરતા ટાવર ચોક પાસે એક કુટની લારી ઊંધી વાળી હતી.

ઉનામાં ત્રિકોણ બાગ ટાવર ચોક બસ સ્ટેશન વગેરે જગ્યાઓએ આંખલાઓ યુદ્ધ કરતી વખતે રાહદારીઓ અને વાહનોને ભારે નુકશાન કરતા હોય છે ત્યારે આ આંખલાઓને તંત્ર દ્વારા ખસેડવામાં આવે તેવી સ્થાનિકોની માંગ છે.(૩)

ખાનગી બેકોના license કોને માટે?

ગયા અડવાડિયે **RBI "p internal working group (iwg)** નવી ખાનગી બેકોના **license** અને **ownership** માટે પોતાનો અહેવાલ જાહેર કર્યો.

એમાં બે મહત્વ ના મુદ્દા હતા . પહેલી મોટા ઉદ્યોગ ગ્રહો ને ખાનગી ક્ષેત્રે બેકો સ્થાપવા પરવાનગી આપવી અને બીજી મોટી **NBFC** ને ખાનગી બેકમાં પરિવર્તન કરવાની પરવાનગી આપવી.

(C.A.)
(ઉમેશ ગોસર-મુંબઈ)

આવો જ એક **draft discussion paper** ૨૦૧૦ માં આવેલું અને એના પછી **final guidelines** ૨૦૧૩ માં આવેલી . ૨૦૦૧ થી લઈને ૨૦૧૫ સુધી બે જ બેક ને પરવાનગી આપેલી એક **yes bank and Kotak Mahindra bank**. એના પછી **lobbying** ને લીધે કોઈ મોટી બેન્ક ખાનગી ક્ષેત્રે આવી નથી.

અત્યારે મીડિયામાં ચર્ચા થઈ રહી છે કે મોટા ઉદ્યોગગ્રહોને બેકના **license** આપવા કે નહીં. **RBI** ના ભૂતપૂર્વ ગવર્નર શ્રી રઘુરામ રાજને સ્પષ્ટ શબ્દોમાં ના પાડી છે. એનું મોટું કારણ એ છે કે આપણે ત્યાં **corporate goverence and supervisions** નું **standard** ખૂબજ નબળા છે જેને લીધે **depositor** ના રૂપિયા પાછા મોટા ઉદ્યોગગ્રહો ને કોઈ પણ રીતે મળી જશે અને એના ઉપર કોઈ પણ પ્રકાર નું નિયત્રંણ નહીં હોય.

પણ આની સામે દેશ ના આર્થિક વિકાસ દર વધારવા માટે દેશને **financial resources** ની જરૂર છે અને એને માટે મજબૂત **financial system** જોઈએ . અત્યારે જાહેર ક્ષેત્ર ની બેકો ઋણ આપી શકતી નથી અને ખાનગી ક્ષેત્રે કોઈ મોટી સ્પર્ધા નથી એટલે **financial resources** ની કમી છે.

આની સાથે બીજો મોટો પ્રશ્ન છે બેકો સર્વિસની ગુણવતાનો અને ભરવા પડતા **charges** નો. ખાનગી બેકો પોતાના ખાતેધારકોને **mutual fund and insurance policy** આપીને કમાણી કરે છે અને એમાં મોટાભાગે ગેરમાર્ગે દોરીને આપાવે છે. આના ઉપર કોઈ પણ નિયમનકાર સંસ્થાઓનું નિયત્રંણ નથી. આનાથી મોટું નુકસાન ખાતા ધારકોને થાય છે.

એટલે **consumer or deposit holder** ના હિતો ની રક્ષા કરવામાં ના આવે અને **iwg guidelines** હેઠળ મોટા ઉદ્યોગગ્રહોને **license** બેકો માટે આપવમાં આવે તો ફાયદો કોનો એતો આવનારો સમય જ કહેશે .

લાંબા ગાળા પછી લખવાની શરુઆત કરી એને માટે વાચકમિત્રો ની માફી અને નવું વર્ષ ૨૦૭૭ બધા વાચક મિત્રો ને શુભ નીવડે એવી આશા સાથે પાછા મળશું આવતે અડવાડિયે ત્યાં સુધી જે જે

ઉમેશ ગોસર

માંગરોળ બંદરના રહેણાંક વિસ્તારમાં સિંહના આંટાફેરા કેમેરામાં કેદ

બારા બંદર જંગલમાંથી માનવ વસવાટમાં આવતા લોકોમાં ફફડાટ



(અમારા પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ,તા.૨૫

માંગરોળ બંદરના રહેણાક વિસ્તારમાં સિંહના આંટાફેરા કેમેરામાં કેદ થયા છે તો સિંહોના આટાફેરાથી લોકો ભયનો માહોલ ફેલાયો છે.

માંગરોળના બંદર વિસ્તારમાં સિંહોના આંટાફેરા કરતા વીડિયો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે જેને લઈ લોકોમાં ફફડાટ ફેલાયો છે લોકોમાં સિંહના આટાફેરાથી ભયનો માહોલ જોવા મળ્યો છે જોકે રહેણાક વિસ્તારની નજીક જ બારા બંદર જંગલ વિસ્તાર હોય. જેથી જંગલ વિસ્તારમાંથી સિંહો રહેણાક વિસ્તારમાં ચડી આવતા હોય છે.

ત્યારે વન વિભાગ ની બેદરકારી પણ છતી થતી જોવા મળતી હોય છે કે સિંહો જંગલ છોડી રહેણાક વિસ્તારમાં આવી જતા હોય છે તો સિંહોના માનવ વસવાટમાં આંટાફેરા થતા દ્રશ્યો ભભર્દિ કેમેરામાં કેદ થયા હતા મોડી રાત્રીના સમયે સિંહોના માનવ વસાહતમાં આંટાફેરા થયા હતા વધુ કોઈ જાનહાનીના સમાચાર પ્રાપ્ત નથી પણ લોકોમાં હાલ તો સિંહોના આંટાફેરાથી ભયનો માહોલ ફેલાયો છે.(૩.૧)

જસદણ કોવિડ કેર સેન્ટરની ઉત્કૃષ્ટ કામગીરી

કોરોનાને હરાવવા મજબૂત મનોબળ જરૂરી: ગૌતમ ધાંધલ

કોરોનામૂકત દર્દીએ વહેલુ નિદાન, આયુર્વેદિક દવા, ઉકાળા, ગુણવતાયૂકત ભોજન અને ડોકટરોની કામગીરીને બિરદાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

રોગથી વધુ રોગનો ડર મનુષ્ય માટે ઘાતક સાબિત થાય છે, પણ જો મનુષ્યનું આત્મબળ મજબૂત હોય તો કોઈ પણ રોગ પરાસ્ત થઈ જાય, આવા જ મજબૂત મનોબળના વ્યક્તિ એટલે ગૌતમભાઈ ધાંધલ જેમણે તાજેતરમાં કોરોનાને પરાસ્ત કર્યો છે. ગૌતમભાઈને ન્યુમોનિયા થવાથી શરીરમાં તાવ અને કળતર થવા લાગ્યા, તેથી તેઓ તુરંત જસદણ કોવિડ કેર સેન્ટરમાં ટેસ્ટ કરાવવા માટે પહોંચી ગયા ત્યાં તેમનો રિપોર્ટ પોઝિટિવ આવતા, સ્થાનિક ડોકટરની સૂચના અનુસાર તેમને જસદણ કોવિડ કેર સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા. પોતાની સારવારના અનુભવને વર્ણવતા ગૌતમભાઈ જણાવે છે કે, ન્યુમોનિયા થવાથી મારી તબિયત ખૂબ જ બગડી ગઈ હતી, તેમાંય મારો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો, એ સમયે મેં નક્કી કરી લીધું કે કોરોના થયો તો શું થયું ? આત્મબળ મજબૂત હોય તો કોરોનામુક્ત પણ થઈજ શકાય. અને આ આત્મબળને વધુ મજબૂત કર્યું કેર સેન્ટરમાં કાર્યરત ફરજ નિષ્ઠ ડોકટરોએ સમયસર થતું હેલ્થ ચેક-અપ, આયુર્વેદીક દવા, ઉકાળા, ગુણવત્તાયુક્ત ભોજન અને ડોકટરથી લઈને સ્ટાફની લાગણીભરી સારવારથી મારુ આત્મબળ વધુ મજબૂત બન્યું છે. ખાસ તો હું અન્ય લોકોને પણ માસ્ક, સેનેટાઇઝર અને સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવા અનુરોધ કરૂં છું'થથ આમ,જસદણ કોવિડ કેર સેન્ટરમાં કાર્યરત ફરજનિષ્ઠ આરોગ્ય કર્મીઓની સેવા-સુશ્રુષાને પરિણામે ગૌતમભાઈ જેવા અનેક દર્દીઓ કોરોનામુક્ત થઇ રહ્યા છે.(૩)

'રાષ્ટ્રીય પ્રેસ ડે' અંતર્ગત માહિતી કચેરી રાજકોટ દ્વારા

'કોરોના દરમિયાન મીડિયાની ભૂમિકા, તેની અસરો' વિષય પર વેબિનાર યોજાયો

ગુજરાત પ્રેસ અકાદમીના સહયોગથી યોજાયેલ કાર્યક્રમમાં મુખ્ય વકતા ભવેન કચ્છી તેમજ પુલક ત્રિવેદી, એસ.એમ.બુંબડીયા સહિતે પોતાના વિચાર પ્રગટ કર્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગર અને પ્રાદેશિક માહિતી કચેરી-રાજકોટના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય પ્રેસ ડે અંતર્ગત કોવિડ-૧૯ મહામારી દરમિયાન મીડિયાની ભૂમિકા અને તેની અસરો વિષય પર **Google Meet** ના માધ્યમથી વેબિનાર યોજાયો હતો.

મુખ્ય વક્તા તરીકે ગુજરાતના વરિષ્ઠ પત્રકાર, ખ્યાતિ પ્રાપ્ત લેખક અને જાણીતા કોલમિસ્ટ ભવેન કચ્છીએ કોવિડ-૧૯ મહામારી દરમિયાન મીડિયાની ભૂમિકા અને તેની અસરો વિષય ઉપર જણાવ્યું હતું કે,પ્રિન્ટ મીડિયા હોય કે સરકારી મિડિયા(માહિતી ખાતુ) બંનેની કામગીરી નાગરિકોને સાચી માહિતી પહોંચાડવાની અને નાગરિકોમાં ફેલાયેલી ગેરસમજો દૂર કરવાની છે. હાલમાં સોશિયલ મીડિયામાં અનેક વાર ફેલાતી અફવા અને ખોટી માહિતીને પણ અટકાવવામાં આપણી સવિશેષ ભૂમિકા છે.

ભવેન કચ્છીએ કહ્યું હતું કે, સૈકા બાદ કોરોના જેવી મહામારીમાં વિશ્વ ઝડપાયું છે. ત્યારે આ મહામારી સામે ઝઝૂમવા, તેમાંથી ઉગરવા અને આગળ વધવા માટે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ શ્રેષ્ઠ કોમ્યુનિકેશન (પ્રચાર પ્રસાર)ની કળા દ્વારા લોકોને કોરોનાની મહામારી સામે જાગૃત કરી પ્રજાને યોગ્ય માર્ગદર્શન પૂરુ પાડયું હતું.

મુખ્યમંત્રી રૂપાણીએ સી-એમ ડેશબોર્ડના માધ્યમ દ્વારા સીધો જનસંપર્ક સાધીને લોકોની કોરોના સંબંધી જાણકારી મેળવી, દર્દીઓના આરોગ્યની પૃચ્છા કરીને તેમને હુંફ આપી છે. તેમજ મીડિયાના માધ્યમથી કોરોના વોરીયર્સ એવા ડોકટર્સ, પોલીસ કર્મીઓ, સફાઈ કર્મીઓની કાબિલે-દાદ કામગીરી આપણે છેવાડાના માનવી સુધી પહોંચાડીને તેમને કોરોના સામે લડાઈ લડવાની સકારાત્મકતા પુરી પાડી છે.તેમ શ્રી ભવેન કચ્છીએ ઉમેર્યુ હતું.

ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગરના સચિવ અને અધિક માહિતી નિયામક પુલક ત્રિવેદીએ વેબિનારમાં ઉપસ્થિત તમામને વિશ્વ પ્રેસ ડેની શુભકામના પાઠવી અકાદમીની કામગીરીની આછેરી ઝલક આપી કહ્યું હતું કે, કોરોનાની મહામારીથી બચવા માટે મીડિયાની ભૂમિકા ખૂબ મહત્વની છે. મીડિયા અને માહિતીખા તાના કર્મયોગીઓ દ્વારા વારંવાર લોકોને હેમર (વારંવાર) ટેકનીકથી સોશ્યિલ ડિસ્ટન્સ, માસ્ક, કોરોના ટેસ્ટ વગેરે વિશે સતતને સતત જાગૃત કરવામાં આવી રહયા છે. આપણે સાચા અને હકારાત્મક વિચારો લોકો સુધી પહોચાડી શકીશું અને લોકોને પ્રેરિત કરી શકીશું.

આ પ્રસંગે એસ. એમ. બુંબડીયા, સંયુક્ત માહિતી નિયામક - રાજકોટએ સ્વાગત પ્રવચન કર્યું હતું. વેબિનારનું સંચાલન નાયબ માહિતી નિયામક નિરાલા જોષીએ કર્યું હતું. સહાયક માહિતી નિયામક સોનલબેન જોષીપુરા અને નરેશભાઇ મહેતાએ વેબિનારનું સંકલન કર્યું હતું. આભાર વિધિ સિનિયર સબ એડિટર પારૂલબેન આડેસરાએ કરી હતી. આ વેબીનારમાં રાજકોટ રીજિયન-જિલ્લાના પત્રકારો, માહિતી પરિવારના કર્મયોગીઓ તથા અનેક લોકો ઓનલાઇન જોડાઇને રસપ્રદ માહિતીથી લાભાન્વિત થયા હતા.(૩)

સુલતાનપુર ગામે ભાયુભાગ માંગવા ગયેલા યુવાન પર હુમલો

કૌટુંબિક કાકા અને ભાઈએ લાકડી વડે માર મારી હાથમાં ફેક્ચર કરી નાસી જતા યુવાને ફરિયાદ નોંધાવી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

ગોંડલના સુલતાનપુર ગામે જમીન અને મકાનમાં ભાયુભાગ માંગવા ગયેલા પટેલ યુવાનને કાકા અને ભાઈએ લાકડી વડે માર મારી હાથમાં ઈજા કરતા સારવારમાં ખસેડવામાં આવ્યો છે.બનાવ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગોંડલના સુલતાનપુર ગામે પાણીના ટાંકા પાસે રહેતા ભરત નાનજીભાઈ ગોંડલીયા (ઉ.વ.૪૭) નામના પટેલ યુવાને ગોંડલ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે જેમાં આરોપી તરીકે તેના કૌટુંબિક કાકા ભૂપત નાનજીભાઈ ગોંડલીયા તથા તેના પુત્ર કેતન ભૂપત ગોંડલિયા નામ આપ્યા છે યુવાને ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ગઈકાલે પોતે ભાયું ભાગમાં આવતી જમીન અને મકાનના ભાગ માંગવા બાબતે તેના પિતાના ઘરે ગયો હતો ત્યારે તેના કાકા ભૂપત અને તેના દીકરા કેતનએ લાકડી વડે માર મારી હાથમાં ફેકચર કરી નાખી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી જતા યુવાને પોલીસમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. આર કે ચાવડા એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

ધોરાજીમાં દારૂ-બીયરના જથ્થા સાથે ત્રણની ધરપકડ

પોલીસે ઓટોરીક્ષા અને બીયરના ટીન નંગ ૫૦૮ સહીત કુલ રૂ.૭૫૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ, તા.૨૫: ધોરાજીમાં દારૂ-બીયરના જથ્થાની રિક્ષામાં હેરાફેરી કરતા ત્રણ શખ્સોને પોલીસે દબોચી લઇ રૂ.૭૫૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ કોન્સ્ટેબલ સહદેવસિંહ તથા હેડકોન્સ્ટેબલ સીટી વસૈયા સહિતના સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે ધોરાજીમાં આવેલા ચિસ્તીયા કોલોનીમાં રેડ કરતા નવાજ અમીન ડોસાણી, સલીમ ઉર્ફે બાબર ખુરેશી, ઇમરાન જીમા ખુરેશી સહીત ત્રણ શખ્સોને પોલીસે દારૂ-બીયરના ૫૦૮ ટીન કિંમત રૂ.૬૨૪૦૦ તથા રિક્ષામાં હેરાફેરી કરતા દબોચી લઇ કુલ રૂ.૭૫૪૦૦નો મુદ્દામાલ કબજે કરી ત્રણેય શખ્સોની ધરપકડ કરી છે.

આઈશ્રી સોનલમાં ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા
જામનગર ખાતે માઁ સોનલ અન્નપૂર્ણા ભંડારનું ભૂમિપૂજન
પ.પૂ. પાલુભગતે ચારણ સમાજ જાગૃતિ, વ્યસનમૂકિત અને સંસ્કૃતિ ટકાવી રાખવાની બાબતો પર ભાર મુકયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
જામનગર,તા.૨૫

આઈશ્રી સોનલ માં શૈક્ષણીક અને સામાજિક અને ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગત તારીખ ૨૩ સોમવારના રોજ પ.પૂ.પાલુભગત તેમજ ચારણ સમાજની બાળા દ્વારા આઈ શ્રી સોનલ મંદિર સોનલધામ ખાતે માં સોનલ અન્નપૂર્ણા ભંડારનું ભૂમિપૂજન સંપન્ન કરવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં પધારેલ પરમ પૂજ્ય પાલુભગત આર્થી વચનમાં ચારણ સમાજ માટે જાગૃતતા, ચારણ સમાજ વ્યસન થી મુક્ત રહે તેમજ ચારણ સમાજની સંસ્કૃતિ ટકાવી રાખવા જેવી બાબતો પર પ્રવચન આપ્યું હતું.

સ્વાગત ટ્રસ્ટના પ્રમુખ દેવિદાનભાઈ ગઢવીએ પધારેલ સૌવડીલોને આવકાર્યા હતા તેમજ માં સોનલ અન્નપૂર્ણા ભંડારના દાતા વિપુલ ભાઈજયારે દાન આપેલ ત્યારે જલારામ જયંતિ હતી અને દાતા પણ વિરપુરના મળ્યા કારણ કે બાપાને અન્નપૂર્ણા ભંડાર સાથે ખુબજ લગાવ હતો. તે ઉપરાંત પોતાને તેમજ સમાજને જેની હાલ માં ખોટ દેખાય છે એવા દિવ્ય આત્મા સ્વ.હાથિયાભાઈ, સ્વ. ગુલાબદાનભાઈ, સ્વ.લાખાભાઇ, સ્વ.હરસુરભાઈ, સ્વ.પુનરવબાપાના સ્મરણો યાદ કર્યા હતા તથા સૌદાતાઓને આવકાર્યા હતા.

આ કાર્યક્રમમાં ગઢવી યુવક મંડળના પ્રમુખ અશ્વિનભાઈ ગઢવી દેવી પુત્ર ચારણ સમાજના પ્રમુખ ઉમેદભાઈ ઠાકરીયા, મુકેશભાઈ ગઢવી, મહેશભાઈ ગઢવી તેમજ ચારણ સમાજના વડીલો હાજર રહ્યા હતા તેમજ આ કાર્યક્રમમાં પધારેલ વડીલોનું સન્માન ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગઢવી હરધોરભાઈ નાથાભાઈ ગામણા, ગઢવી સામતભાઈ ભોજાભાઈ બુચડ, ગઢવી કરશનભાઈ ભીખાભાઈ સાખરા, ગઢવી થાભાઈ રામભાઈ જામ, ગઢવી રાણશીભાઈ સામરાભાઈ મુંગાણીયા, ગઢવી રાણાભાઈ મુળુભાઈ ભાન, ગઢવી પબુભાઈ દેવાભાઈ વડ, ગઢવી પતાપદાનભાઈ દેવીદાનભાઈ ઈસરાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં ટ્રસ્ટના ઉપપ્રમુખ રાણાભાઇ ધમાં ટ્રસ્ટીઓ હિતેષભાઇ જાળફવા, જાલનભાઈ ચારણ, વિમલભાઈ ગઢવી, લક્ષમણભાઇ પી. મંધરીયા, અશપારભાઈ માયાણી, સ્વરાજભાઈ ગિલવા, ધનસુરભાઈ નાગદેવ, પરેશ ગઢવી, મોહનભાઇ ગઢવી વગેરેઓએ જહેમત ઉઠાવી હતી.(૩)

શહેર પોલીસનું વધુ એક માનવતાભર્યું કાર્ય
માતાના મઢથી મોડીરાત્રીના આવેલા પરિવારને ગ્રીનલેન્ડ ચોકડીથી પીઆઇ ઔસુરાએ પોલીસવાનમાં રૈયા ચોકડીએ પહોંચાડયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૫

કોરોના મહામારીના કેસોમાં વધારો નોંધાયા બાદ સરકાર દ્વારા રાજકોટ શહેરમાં રાત્રી કર્ફ્યુનો સમય કરવાની સુચતાના પગલે શહેર પોલીસ દ્વારા શહેરભરમાં રાત્રી કર્ફ્યુનો ચુસ્તપણે પાલન કરાવવાનું શરૂ કર્યુ છે. જયારે બહારગામથી મોડીરાત્રીના નાના બાળકો સામે આવતા પરિવારોને કોઈ વાહન નહીં મળતા કડકડતી ઠંડીમાં પરિવાર સામે હેરાન ગતી થતી હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે ત્યારે પોલીસે પણ આવા પરિવારોની મદદ કરી પોલીસની વાનમાં ઘર સુધી પહોચાડવાની વ્યવસ્થા કરી આપી માનવતા કર્યુ છે. કર્ફ્યુના પ્રથમ રાત્રીના નવથી સવારના છ વાગ્યા સુધી રાત્રી કર્ફ્યુ શરૂ થયા બાદ માથાવાર ચોકડી પાસે જામનગરથી મોડીરાત્રીના પરત બાળકો સામે આવેલા પરિવારને કોઈ વાહન નહીં મળતા ગાંધીગ્રામ પોલીસના પીઆઈ વાળા સહિતના સ્ટાફે મોડીરાત્રીના કચ્છ બાજુથી આવતા શ્રમિક પરીવાર જે માતાના મઢથી આવેલ હોય અને જેને રાજકોટમાં રૈયા ચોકડી જવું હોય પરંતુ એસ.ટી. બસ ગ્રીનલેન્ડ ચોકડી સુધી જ આવતી હોય નાના બાળકો સાથે આવેલ પરીવાર રજળી પડેલ હતા. હાલ કરફ્યુ નો સમય હોય વાહનની અવર જવર પર સખત પ્રતિબંધ હોય રૈયા ચોકડી જવા સારું વાહનની વ્યવસ્થા ન હોય પોલીસ ઇન્સપેકટર એમ.બી.ઔસુરા બી ડિવિઝનની શ્રમિક પરિવાર પર નજર જતા. તાત્કાલિક પીસીઆર બોલાવી તેમને રૈયા ચોકડી જવા માટે વ્યવસ્થા કરી આપી માનવતા ભર્યુ કાર્ય કર્યુ હતું.

સુરતમાં પિસ્ટલ વેચવા આવેલા બે શખ્સો ઝડપાયા
જહાંગીરપુરા પોલીસે ચોક્કસ બાતમીના આધારે ઈસ્કોન સર્કલ પાસેથી દબોચી લઈ રૂ.૨૦૯૦૦નો મુદ્દામાલ કબજે કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
સુરત, તા.૨૫

સુરત શહેરમાં પિસ્ટલ વિચવા આવેલા યુપી અને મહારાષ્ટ્રના બે શખ્સોને બાતમી આધારે દબોચી લઇ રૂ. ૨૦૯૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ જહાંગીરપુરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર પી.આઈ. કે.એ.ગઢવીની સુચનાથી પી.એસ. આઈ. પી.એન.પઢિયાર, પી.એસ. આઈ.જી કે રાઠોડ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે સ્ટાફને મળેલ ચોક્કસ બાતમીના આધારે જહાંગીરપુરામાં આવેલા ઇસ્કોન સર્કલ પાસે શંકાસ્પદ ઉભેલા મુંબઈમાં કલ્યાણ ભીવડી બાયપાસ પર ટાટા હાઉસિંગ મકાનમાં રહેતા શુભ્મિસંગ રામસિંગ તથા યુપીના સુલતાનપુરનો વતની સુશીલ કુમાર અરૂણ કુમાર મિશ્રા નામના બન્ને શખ્સોની પોલીસે અટકાયત કરી તલાસી લેતા તેના કબજામાંથી દેશી બનાવટની પિસ્ટલ કીમત રૂ.૨૦ હજારની તથા નવ જીવતા કાર્ટીસ મળી આવતા પોલીસે બન્ને શખ્સોની ધરપકડ કરી રૂ.૨૦૯૦૦નો મુદ્દામાલ કબજે કરી સઘન પુછપરછ હાથ ધરતા હતા બન્ને શખ્સો હથિયાર વેચવા સુરત આવ્યા હોવાની કબુલાત આપી હતી

આજે દેવ ઉઠી એકાદશીઃ તુલસી વિવાહ


સંકલનઃ
શાસ્ત્રી બટુક મહારાજ
(સ્વામિનારાયણ મંદિરના પૂજારી, કાળીપાટ)

ઈન્દ્રનો ગર્વ ઉતારવા ભગવાન શંકરે જાલંધરને ઉત્પન કર્યો પરંતુ સવળું કરતા અવળું થયું તે દેવોને ભારે પડી ગયું જાલંધર પોતાની પત્નિ વૃંદાની શીલ શકિતના પ્રભાવથી અમર રહ્યો હતો. ત્રિભોવનમાં તેમનો ત્રાસ વધી ગયો હતો દેવતાઓ ભગવાન પાસે રક્ષા માંગવા જાય છે. ભગવાન વિષ્ણુ રહ્યા માટે કપટ કરે છે. ભગવાન જાણતા હતા કે જો વૃંદાનું સતીત્વ ભંગ થશે તોજ જાલંધરનો ત્રાસ દૂર થશે આથી ભગવાન વિષ્ણુ જાલંધરનું બનાવટી રૂપ ધારણ કરી વૃંદા આગળ ઉભા રહે છે. બીજી તરફ વૃંદા પતિને આવેલા દેખી તેમને ભેટી પડે છે. અને વિષ્ણુ તેમની સાથે રહેવા લાગે છે. આમ વૃંદાનું સતીત્વ ભંગ થાય છે. અને જાલંધર નિર્બળ બની મૃત્યુ પાપે છે. વૃંદાને સાચી સ્થિતીની જાણ થાય છે. અને શોક કરવા લાગે છે. ભગવાનને શ્રાય આપે છે કે તમને પણ પત્નિ વિયોગ થશે બીજા જન્મે તને મારી પટરાવ્રત બનાવીસ પછી વિષ્ણુ ભગવાન શાલીગ્રામ કાળો પથ્થર બની ગયા અને વૃંદા વનસ્પતિ તુલસી બની ગયા એટલે ભગવાનના વેધમાં તુલસી પત્ર હોવા જોઈએ બીજો જન્મે વિષ્ણુ રામ બન્યા અને સતિ વૃંદા સીતા બન્યા આજના શુભ દિવસે સાંજે ભગવાન વિષ્ણુ અને શાલીગ્રામ સાથે વનસ્પતી તુલસીના લગ્ન થાય છે ભગવાનની સાક્ષી વિના કોઈપણ કાર્ય સફળ થતું નથી આથી જ શુભકાર્ય થાય છે. આમ તે વૃંદા તુલ્ય હોવાથી ભગવાનની સાથે તુલસી વિવાહ થાય છે.

ઉપલેટામાં મહિલા સંચાલિત જુગારધામ પકડાયુંઃ સાતની ધરપકડ
ગોંડલમાં જાહેરમાં તીનપતિનો જુગાર રમતા સાત ઝડપાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૫

ઉપલેટામાં આવેલા તુલસી ટાવર પાસે રાજમોતીનગરમાં રહેતી મહિલા પોતાના રહેણાંક મકાનમાં બહારથી મહિલાઓને બોલાવી નશીબ આધારીત જુગાર રમાડી કલબ ચલાવતી હોવાથી ઉપલેટા પોલીસે દરોડો પાડી જુગાર રમતી સાત મહિલાને દબોચી લઈ રૂ.૭૧૦૦૦ ની રોકડ કબજે કરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ઉપલેટા પોલીસના પીઆઈ કે.જે.રાણાની સુચનાથી એએસઆઈ એ.એસ.કાછડ કોન્સ્ટેબલ વાસુદેવસિંહ, એએસઆઈ જે.એસ. ઝાપડિયા સહિતના સ્ટાફે ચોકકસ બાતમીના આધારે ઉપલેટામાં આવેલા તુલસી ટાવર પાસે રાજમોતીનગરમાં રહેતી ભાવના સંજય માકડીયા નામની પટેલ મહિલાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા ભાવના માકડીયા બહારથી મહિલાઓને બોલાવી નાલ ઉઘરાવી જુગાર કલબ ચલાવતી હોવાથી પોલીસે રહેણાંક મકાનમાં જુગાર રમતી ભાવના માકડીયા અનુ રમેશ પટેલ, હેતલ જગદીશ ગોસાઈ, નર્મદાનથુ વાણીયા, મુમતાજ રફિક મંડમ, અલ્પા સંજય ચાવડા, જયશ્રી નિલેશ રાખોલીયા સહિત સાત મહિલાઓની ધરપકડ કરી રોકડા રૂ.૭૧૦૦૦ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જયારે અન્ય એક બનાવમાં ગોંડલના શીવરાજગઢ ગામે દેવડા ગામે જવાના રસ્તે જાહેરમાં તીનપતિનો જુગાર રમતા પ્રવિણ ગોરધન વોરા, પ્રવિણ નરશી વોરા, દિનેશ ઉર્ફે ઠાકોર, દેવજી વોરા, વિનુ સવજી જાદવ, નયન જીણા વોરા, બાબુ અરજણ ખુંટ, ગોવિંદ ભીમજી મેર સહિત સાત શખ્સોની પોલીસે ધરપકડ કરી રોકડા રૂ.૧૬૧૩૦ તથા બાઈક સહિત કુલ રૂ.૨૮૧૩૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

તંત્ર દ્વારા આંખ આડા કાન
ધોરાજીમાં નિયમો નેવે મુકી ખાનગી વાહનોમાં ખીચોખીચ ભરાતા પેસેન્જરો
માર્કેટીંગ યાર્ડમાં પણ કોરોના ગાઈડલાઈનનું ઉલ્લંઘન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
ધોરાજી,તા.૨૫

ધોરાજીમાં જાણે ખાનગી ટ્રાવેલ્સ સંચાલકોને પોલીસનો કોઈ ભય જ ના હોય એવું લાગી રહ્યું છે. ત્યારે માત્ર ને માત્ર શહેરભરમાં રસ્તા પર નીકળતા લોકો પર અને વેપારીઓ પર માસ્કના પહેરવા બાબતે દંડ વસૂલ કરવામાં આવી રહી છે પહેલા પોલીસ સ્ટાફ દ્વારા ત્રણ દરવાજા પાસે નીકળતા મજૂર વર્ગના લોકોને માસ્ક બાબતે દંડ કરવામાં આવતો હતો હજુ પણ સ્થિતિ તેજ છે પોલીસ દ્વારા માત્ર દંડ વસૂલ કરવાનું સ્થળ બદલાયું છે એવી લોક ચર્ચા છે પરંતુ દંડ તો હજુ નબળા અને ગરીબ અને મજૂર લોકો પાસેજ દંડ વસૂલ થઈ રહ્યો છે અને જાણે મજૂર અને ગરીબ વર્ગ જ પોલીસના ટાર્ગેટ પર હોઈ એવું લાગી રહ્યું છે

ધોરાજી પોલીસને માત્ર ધોરાજીમાં રસ્તે નીકળતા રાહદારીઓ જ કદાચ માસ્ક વગર દેખાતા હશે પરંતુ કોવિદ ૧૯ અંગે સરકારની ખાનગી ટ્રાવેલ્સમાં પેસેન્જર ભરવાની જે ગાઈડ લાઇન છે એનું ખાનગી ટ્રાવેલ્સ સંચાલકો નિયમોને નેવે મૂકી રહ્યા છે નીતિ નિયમોનું ઉલાળીયો થઈ રહ્યો છે બેફામ પેસેન્જર ભરી દેવામાં આવે છે બસમાં સોશિયલના લીરે લીરા ઉડતા જોવા મળે છે ખાનગી ટ્રાવેલ્સ સંચાલકો સામે સરકારની ગાઈડ લાઇન પ્રમાણે જાહેરનામાં ભંગની કાર્યવાહી કરવામાં પોલીસ શરમ અનુભવતી હોય એવું લાગી રહ્યું છે ટ્રાવેલ્સ સંચાલકો દ્વારા નીતિ નિયમોનું ઊલડીયો થતો જોવા મળી રહ્યો છે ગેલેક્સી ચોક સરદાર ચોક અને ત્રણ દરવાજા પાસે ખાનગી ટ્રાવેલ્સ રસ્તા વચે ઊભી રહી ટ્રાફિક જામ સર્જે છે તે વાત પોલીસની ધ્યાને આવતીના હોઈ અથવા પોલીસ આખ આડાં કાન કરી રહી હોઈ એવું લાગી રહ્યું છે ત્રણ દરવાજા પાસે જો પોલીસને માસ્ક વગરના લોકો દેખાઈ આવે છે તો ટ્રાવેલ્સમાં ખીચોખીચ ભરવામાં આવતા પેસેન્જર કેમ નથી દેખાતા અને પોલીસ આવા ટ્રાવેલ્સ સંચાલકો સામે કાયદેસર કાર્યવાહી કરવામાં સંકોચ અનુભવી રહી હોય એવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે અને ખાસ કરી અને ધોરાજીના માર્કેટિંગ યાર્ડમાં પણ સવાર નાં સમયે વેપારીઓ અને કમીશન એજન્ટો દ્વારા કપાસ અને મગફળીની હરાજીમાં ટોળે ટોળા વળતા જોવા મળી રહ્યા છે માસ્ક વગર વેપારીઓ બિંદાસ ફરી રહ્યા હોય છે ત્યાં પણ પોલીસ જાહેરનામાંનું પાલન કરાવવામાં આખ આડાં કાન કરી રહી છે માત્ર ને માત્ર ધોરાજી પોલીસ દ્વારા શહેરમાં નીકળતા લોકોને માસ્કના દંડ બાબતે બાનમાં લેવામાં આવે છે માર્કેટિંગ યાર્ડ હોઈ કે ખાનગી ટ્રાવેલ્સ વગેરેમાં લોકો વધુ પ્રમાણમાં એકઠા થવાથી ધોરાજીમાં

કોરોનાનું સંક્રમણ વધી શકે એમ છે પરંતુ માત્ર ને માત્ર રાહદારીઓ પાસે માસ્કના નામે દંડ લેવાથી અથવા ટુ વહિક ડીટેન કરવાથી કોરોનાનું સંક્રમણ ઓછું નહિ થાઈ વધુ પ્રમાણમાં ભીડ એકઠી થતી હોય એવા સ્થળો પર પણ જાહેરનામાં ભંગ અને માસ્ક ન પહેરવા બદલ અને ભીડ એકઠી કરવા બાબત પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવી જોઈ.(૩)

ગારિયાધારમાં એમ્બ્યુલન્સનો લોકાર્પણ સમારોહ સંપન્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
ગારીયાધાર,તા.૨૫

ગારીયાધાર સામુહિક આરોગ્ય કેન્દ્રને અદ્યતન પ્રકારની આઇસીયુ યુનિટ જેવી એમ્બ્યુલન્સ નો લોકાર્પણ સમારોહ સોમવારે તાલુકા પંચાયતના પટાંગણમાં ભજ્ઞક્ષામ ૧૯ ના નિયમોનું પાલન થાય તે રીતે સંપન્ન થયો. આ કાર્યક્રમમાં બોલતા વિપક્ષના નેતા પરેશભાઇ ધાનાણીએ જણાવ્યું કે ગારીયાધાર જેવા આરોગ્યની દ્રષ્ટિએ સુકા તાલુકામાં આ એમ્બ્યુલન્સ એ હરતું ફરતું આઇસીયુ યુનિટ છે. અને તેમાં ઓક્સિજન સપોર્ટ સિસ્ટમ અને કાડીયાક એટેક માટે ની પણ વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ છે. તેથી અનેક દર્દીઓને તેનો લાભ મળશે. આપણે ન ઈચ્છીએ કે કોઈને આ એમ્બ્યુલન્સનો ઉપયોગ કરવાનું આવે પરંતુ જો આવે તો તે બચી જાય તે દિશામાં એમ્બ્યુલન્સ ખૂબ મહત્વની ભૂમિકા ભજવશે તેવી શ્રદ્ધા છે આ એમ્બ્યુલન્સ માટે મથામણ કરનાર સૌ આગેવાનો ને હું અભિનંદન આપું છું. રાજ્ય સભાના સાંસદ અમીબેન યાજ્ઞિકે જણાવ્યું કે કોરોના જેવી મહામારીના આપતી કાળમાં ધારાસભ્યો સંસદસભ્યોનું અનુદાન આ પ્રકારના કાર્યોમાં વપરાય તે આનંદનો વિષય છે.(૩.૪)

રેલવે પોલીસની પ્રશંસનીય કામગીરી
સુરેન્દ્રનગર પોલીસે ૩ મહિનામાં મહિનામાં પોલીસ સ્ટેશન બનાવ્યું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
સુરેન્દ્રનગર,તા.૨૫

કોરોના કાળમાં લોકડાઉન સમયે મળેલી ફુરસદમાં રેલવે પીએસઆઈ એન.એચ.ચાવડા અને ૪૦ કરતાં વધારે પોલીસ જવાનોએ જાતે જ કડીયા કામ કરીને પોલીસ સ્ટેશનની ઈમારત ઉભી કરી દીધી.રેલવે એસપી પરિક્ષિતા રાઠોડના હસ્તે પોલીસ સ્ટેશનની નવી ઈમારતનું લોકાર્પણ કરાયું ત્યારે કડીયા કામ કરનાર તમામ પોલીસ અધિકારી પોલીસ જવાનોની આંખોમાં અશ્રુ વહ્યા હતા.

પીએસઆઈ એન.એચ. ચાવડાની તા.૮ જુલાઈ ૨૦૨૦ના રોજ રાજકોટથી બદલી કરાઈ.તેમને સુરેન્દ્રનગર રેલવે પોલીસ સ્ટેશનમાં મુકવામાં આવ્યા.બદલીના ૧૦ જ દિવસ બાદ મુશળધાર વરસાદ વરસ્યો.રેલવે પોલીસ સ્ટેશન નીચાણવાળા વિસ્તારમાં હોવાથી ચારેબાજુ પાણી પાણી હતું.પોલીસ સ્ટેશન પણ પાણીમાં ગરકાવ થઈ જતું હતું.જે કાયમી પ્રશ્નનો ઉકેલ લાવવા માટે પીએસઆઈ ચાવડાએ દ્રઢ સંકલ્પ કર્યો કે કોઈપણ સંજોગોમાં નવી ઈમારત બનાવવી જ છે.તેમણે રેલવેના કામ કરતા કોન્ટ્રાક્ટર અને દાતાઓનો સંપર્ક કરી પોલીસ સ્ટેશન બનાવવા માટે મદદ લોકોના સહકારથી પોલીસ સ્ટેશન બનાવવાનું કામ શરુ કર્યું.તેણે લોકોને સમજાવ્યા.દાતાઓએ તેમને રોકડ રકમ આપવાનું શરુ કર્યું પણ આશ્ચર્યની વાત એ હતી કે પીએસઆઈ રોકડ રકમ સ્વિકારતા ન હતા,પરંતુ દાતાઓ પાસેથી સીમેન્ટની થેલી,કપચી,ગ્રીટ અને ઈંટોનો સ્વિકાર કરવા લાગ્યા

લોકડાઉનમાં ટ્રેનની અવરજવર બંધ થઈ ગઈ હતી.તે સમયે રેલવે પોલીસ પાસે કોઈ કામ ન હતું.જેથી પીએસઆઈ ચાવડા અને પોલીસ જવાનો જાતે જ કડીયા કામ કરતા હતા.તે સમયે એક ભાઈ પીએસઆઈ પાસે આવ્યા અને સીધો સવાલ કર્યો કે મારા ઘરે કડીયા કામ કરવા આવવું છે? જોગાનુંજોગ તે સમયે એક પોલીસ કન્સ્ટેબલ પીએસઆઈ પાસે આવ્યો અને સલામ મારી. આ દ્રશ્ય નિહાળી તે ભાઈએ પુછ્યું કે કડીયાને કેમ સલામ મારે છે.તો પોલીસ જવાને કહ્યું કે આ છે અમારા,કડીયા નથી,પીએસઆઈ ચાવડા છે.જે સાંભળી તે માણસ ફફડી ગયો. પોલીસ સ્ટેશનને પાણીમાં ગરકાવ થતું અટકાવવા અને કાયમી પ્રશ્ન હલ કરવો હોય તો પોલીસ સ્ટેશનની ઉંચાઈ વધારવી જરૂરી હતી.એટલે ઉંચાઈ વધારવા માટે ૨૫૦ ટ્રેક્ટર ભરીને માટી લવાઈ હતી.ઉપરાંત વરસાદી પાણી આવતું રોકવા તથા ગટર કરતાં ઉંચાઈ વધારવા માટે માટે ૨૦૦ ફુટની દિવાલ પણ પોલીસે ચણી દીધી.રેલવે એસપી પરિક્ષિતા રાઠોડના હસ્તે નવનિર્મિત પોલીસ સ્ટેશનની ઈમારતનું લોકાર્પણ કરાયું તે સમયે દરેક પોલીસ અધિકારી અને પોલીસ જવાનોની આંખો અશ્રુભીની થઈ ગઈ હતા.

ખાંભા રેવન્યુ વિસ્તારમાં ૫ પશુનું મારણ કરતા સાવજ
૭ દિવસમાં ૫ પશુનો શિકાર થતાં ભાડ, તાલણીયા સહિતના ગામના પશુપાલકોમાં ફફડાટ

(અમારા પ્રતિનિધિ દ્વારા) અમરેલી, તા.૨૫ઃ ખાંભા-તુલસીશ્યામ રેન્જ અને રેવન્યુ ગીરમાંસૌથી વધુ સિંહોનો વસવાટ હોય. શિયાળાની ઋતુની શરૂઆત થતાં જ વન્ય પ્રાણીઓની જાણે ભૂખ ઉઘડી હોય તેમ ખાંભા રેવન્યુ વિસ્તારમાં ભાડ, તાતણીયા સહિતનાં વિસ્તારોમાં છેલ્લા ૭ દિવસમાં ૫ પશુઓનાં મારણ કરી ખાંભા રેવન્યું વિસ્તારમાં વસતા ૨ સિંહણ તથા ૫ સિંહબાળ દ્વારા મારણ કરી મિજબાની ઉડાવી હતી.(૩)

સાવરકુંડલા પાલિકા બાદ વનવિભાગના કર્મચારી દ્વારા ભ્રષ્ટાચાર
અમરેલીમાં વનવિભાગના નિવૃત કર્મચારી પાસેથી બેનામી સંપતિ ઝડપાઈ
સામાજીક વનીકરણ વિભાગના વાઘજી ડવ પાસેથી આવક કરતા રૂ.૧.૦૪ કરોડના વધારાના વ્યવહારો તમાસમાં ખૂલ્યા

(અમારા પ્રતિનિધિ દ્વારા)
અમરેલી, તા.૨૫

અમરેલી જિલ્લામાં જુદા-જુદા સરકારી વિભાગોમાં ફરજ બજાવીને જાહેર સેવકનાં હોદાનો દુરૂપયોગ કરીને ભ્રષ્ટાચાર કરીને લાખો રૂપિયાની બેનામી સંપત્તિ એકત્ર કરનાર બાબુઓ વિરૂધ્ધ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોએ લાલ આંખ કરી છે. થોડા દિવસો પહેલા સાવરકુંડલા પાલિકાનાં વર્ગ-૩નાં કર્મી મનોજ ત્રિવેદી વિરૂધ્ધ ફરિયાદ નોંધાયા બાદ સામાજીક વનીકરણ વિભાગમાં ફરજ બજાવી નિવૃત્ત થયેલ વર્ગ-૩નાં એક કર્મચારી વિરૂધ્ધ ફરિયાદ નોંધાતા ભ્રષ્ટ બાબુઓમાં ફફડાટ ફેલાયો છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીનાં સામાજીક વનીકરણ વિભાગનાં વર્ગ-૩નાં નિવૃત્ત કર્મી વાઘજીભાઈ મુળજીભાવ ડવે જાહેર સેવક તરીકે હોદાનો દુરૂપયોગ કરીને ઘરની તિજોરી ભરવાનાં ધંધા કરતાં એસીબીએ તપાસ આદરી હતી.

આક્ષેપિતના પગારઅને તેમના અન્ય બેંક એકાઉન્ટ તેમજ તેમના આશ્રીતોનાં બેંક એકાઉન્ટોમાં ચેક પીરીયડ તા. ૧/૪/૨૦૧૧થી તા. ૩૧/૩/૨૦૨૦ સુધીનાં સમયગાળામાં કુલ રૂા. ૪૫,૩૯,૮૬૦ની રોકડ રકમ તેમના જુદા જુદા બેંક એકાઉન્ટોમાં જમા કરાવેલ છે.

તેમજ રોકડ રકમથી સ્થાવર/ જંગમ મિલ્કત ખરીદી ખર્ચ અને રસોડા ખર્ચ રૂા. ૧૬,૪૬,૦૭૫ કરેલ છે. આ કુલ રૂા. ૬૧,૮૫,૯૩૫ની રોકડ રકમ બેંક ખાતામાં જમા કરેલ તેમજ મિલ્કત ખરીદી અને રસોડા ખર્ચ પેટે ચુકવેલ છે અને ચેક પીરીયડનાં સમયગાળા દરમિયાન બેંક ખાતાઓમાંથી ઉપાડેલ રોકડ રકમ રૂ. ૮,૭૮,૦૯૩ છે. તેમજ નોટબંધીના સમયગાળા દરમિયાન આક્ષેપિતનાઓએ તેમના તથા આશ્રિતોનાં બેંક ખાતાઓમાં કુલ રૂા. ૧૫,૭૨,૦૦૦ જેટલી માતબર રોકડ રકમ જમા કરાવેલ હોવાનું જણાઈ આવેલ છે.

આમ આક્ષેપિતનાઓએ પોતાની કાયદેસરની ફરજ દરમ્યાન પોતાના જાહેર સેવક તરીકેના હોદાનો દુરૂપયોગ કરી, ઈરાદાપૂર્વક ગેરકાયદેસર રીતે પોતે ધનવાન થવા માટે, વિવિધ ભ્રષ્ટ રીતરસમો અપનાવી, ભ્રષ્ટાચારથી નાણાં મેળવી, તે નાણાંનો ઉપયોગ કરી પોતાના તથા આશ્રીતોના નામે મિલ્કતોમાં રોકાણ કરેલાનું પ્રાથમિક દ્રષ્ટિએ ફલિત થયેલ છે.

આક્ષેપિતનાઓ વિરૂધ્ધ તપાસ કરનાર અધિકારી બી.એલ. દેસાઈ, મદદનીશ નિયામક જુનાગઢ એકમ, જુનાગઢનાઓએ સરકાર પક્ષે ફરિયાદબની ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ મુજબ ગુનો દાખલ કરાવેલ છે.(૩)

નાગેશ્રી ટોલનાકા પર ટેક્ષના ઉઘરાણા બંધ ન થાય તો આંદોલન
ગોકળ ગતિએ ચાલતા સોમનાથ-ભાવનગર હાઈવેના કામથી ત્રસ્ત ઉનાના જાગૃત નાગરિકની મુખ્યમંત્રીને રજૂઆત

(અમારા પ્રતિનિધિ દ્વારા)
અમરેલી, તા.૨૫

ઉનાના જાગૃત નાગરિક શૈલેષકુમાર નાંઢાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે. પત્રમાં જણાવેલ છે કે, સોમનાથ ભાવનગર ફોર લેન રોડનું કામ વર્ષોથી ગોકળગાયની ગતિએ ચાલુ છે. જેનાથી વાહન ચાલકો અને આજુબાજુના રહીશોને બહુ તકલીફ ભોગવવી પડી છે. હજુ સુધી આ ફોર લેન રોડનું કામ અધૂરૂ હોવા છતાં જાફરાબાદ તાલુકાના નાગેશ્રી નજીક નેશનલ હાઈવેના સતાધીશોએ પોતાની મનમાની કરી ટોલ નાકુ ઉભુ કરી ત્યાંથી પસાર થતા વાહન ચાલકો પાસેથી ટોલ ટેકસ ઉઘરાવવાનું ચાલુ કરી દીધું છે.

આ રસ્તાનું અંતર લગભગ ૮ કિલોમીટર જેટલું છે અને ૮ કિલોમીટર રસ્તો અતિ બિસ્માર છે. સોમનાથથી ભાવનગર સુધી જયાં જુઓ ત્યાં ડાઈવર્જન આપવામાં આવ્યા છે અને જે રસ્તો પણ ખાબડ ખુબડ વાળો હોય વાહન ચાલકોએ કિંમતી વાહનોમાં થતી ભાંગતુટથી નુકસાની વેઠવી પડે છે. ખરાબ રસ્તાના કારણે પારાવાર એકસીડેન્ટના બનાવો પણ બનેલા છે. હાલ ચોમાસા પછી પણ સમગ્ર રસ્તા પર ધૂળની ડમરીઓ ઉડી રહી છે અને સામાન્ય લોકો ધૂળના કારણે જુદી જુદી બીમારીઓના ભોગ બની રહયા છે. જેવા કે દમના રોગ, ફેફસાના રોગ, આંખના રોગ વગેરે આ બાબતે વારંવાર લાગતા વળગતા તમામ લોકોને રજૂઆતો કરવા છતાં કોઈ નકકર કાર્યવાહી કરવામાં આવી નથી. તેમજ દર વખતે ઠાલા વચનો આપી અરજદારોને પાછા મોકલી દેવામાં આવે છે અને હજુ આ રોડનું ઘણું ખરૂ કામ બાકી છે છતાં જવાબદારો એવું કહે છે કે ફોર લેન રોડનું ૮૦ ટકા કામ પૂરૂ થઈ ગયેલું છે જે સદંતર જુઠ છે.

વધુમાં જણાવેલ છે કે, જાફરાબાદ તાલુકાના નાગેશ્રી નજીક શરૂ થયેલું ટોલ નાકા પર લેવામાં આવતો ટેકસ સોમનાથ ભાવનગર ફોર લેન રોડનું કામ સંપૂર્ણપણે પુરૂ ના થાય ત્યાં સુધી તાત્કાલિક બંધ કરવામાં આવે જેથી વાહન ચાલકોને બેવડો માર ના પડે. આ રજૂઆતને યોગ્ય ન્યાય નહીં મળે અને તાત્કાલિકધોરણે સોમનાથ ભાવનગર ફોર લેન રોડનું કામ પરિપૂર્ણ ના થાય ત્યાં સુધી જાફરાબાદ તાલુકાના નાગેશ્રી નજીક શરૂ થયેલું ટોલ નાકા પર લેવામાં આવતો ટોલ ટેકસ બંધ કરવામાં નહીં આવે તો નાછૂટકે અમારે ગાંધી ચિંધ્યા માર્ગે ઉપવાસ ઉપર ઉતરવાની ફરજ પડશે તેમ અંતમાં જણાવેલ છે.(૩)

Dt.25-11-2020 8 બુધવાર

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

સાવધાન ઠંડીનું આકરું મોંજુ આવે છે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ) રાજકોટ : ઠંડીમાં વધઘટ જોવા મળી રહી છે. ફૂંકાતા ઠંડા પવનના કારણે વ્હેલી સવારે અને રાત્રીના સમયે ઠંડીનો વધુ અહેસાસ થઈ રહ્યો છે. હવામાન ખાતાએ જણાવ્યું છે કે હાલમાં લઘુતમ તાપમાન ૧૦ થી ૧૫ ડીગ્રી આસપાસ રહેશે. જયારે આગામી ડીસેમ્બર અને જાન્યુઆરીમાં ઠંડીનું ખૂબ જ જોર રહે તેવી શકયતા છે. આ સમયગાળામાં ઠંડીનો પારો ૧૦ ડીગ્રીની નીચે ઘૂમતો જોવા મળશે. સૌરાષ્ટ્ર- ગુજરાતમાં કેટલાક સ્થળોએ ઠંડીનું જોર વધુ જોવા મળી રહ્યું છે. તો દરિયાઈ વિસ્તારમાં ઠંડીની ખાસ અસર જોવા મળતી નથી. અમુક શહેરોને બાદ કરતાં લઘુતમ તાપમાન ૧૫ ડીગ્રી આસપાસ જોવા મળે છે. વ્હેલી સવારે અને રાત્રીના સમયે ઠંડીનો વધુ અહેસાસ થઈ રહ્યો છે. ઘર, ઓફિસ, દુકાનોમાં પંખા, એસી બંધ થઈ ગયા છે અથવા તો ધીમા થઈ ગયા છે. દિવસ દરમ્યાન પણ ગરમીનો ઓછો અનુભવ થઈ રહ્યો છે. હવામાન ખાતાએ જણાવ્યું છે કે હાલમાં ઠંડીનો પારો ૧૦ થી ૧૫ ડીગ્રી આસપાસ રહેશે. વેસ્ટર્ન ડીસ્ટર્બન્સની અસરથી જમ્મુ કાશ્મીરમાં આજે અને આવતીકાલે બરફવર્ષા થશે. જયારે જમીની વિસ્તારોમાં વરસાદ પડશે. જેની અસરથી સૌરાષ્ટ્ર- ગુજરાતમાં આગામી શનિવારથી બે- ત્રણ દિવસ સુધી ફરી ઠંડીના ચમકારા અનુભવાશે.

આઠ–આઠ દિવસથી સર્જાયેલી સમસ્યા છતાં પગલા લેવામાં ઘોર બેદરકારી

પેડક રોડ પર પાઇપ લાઇન લીકેજથી પાણીનો જંગી બગાડ

મહાપાલિકા અને જીઇબીની હુંસાતુંસી વચ્ચે હજારો લોકો માટે સંર્જાતું શીરદર્દ

પાઇપ લાઇનથી વછૂટતી કામચલાઉ પાણીની નદીની બાજુમાં જ જીઇબીની ૧૧ કેવીની લાઇન??

આસપાસના રહેવાસીઓ અને વટેમાર્ગુઓ પર લટકતી અકસ્માતની તલવાર

રજૂઆતો કરીને થાકયા વોર્ડ નં.૫ના અગ્રણી સામાજીક કાર્યકર અરવિંદ ભેંસાણીયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

રાજકોટમાં સામાકાંઠાના મહત્વની વિસ્તાર પેડક રોડ પાસે માટૃતી નગર મેઈન રોડ પરની પીવાના પાણીની ૪૦૦ની પાઇપલાઇન લીકેજ થઇ જતા લાખો લીટર પાણીનો બગાડ થઇ રહયો છે. પરિણામે આ વિસ્તારની જનતા, પસારથતા વટે માર્ગુઓ અને વાહનચાલકો માટે નરકાદાર જેવો અનુભવ થય રહયો છે. હદ અને આશ્ચયની પરિસ્થિતિમાં એ છે કે એક-બે દિવસ નહીં પણ છ-સાત દિવસથી આખી પાઇપલાઇન લીકેજ થઇ રહી છે. અને દૈનિક અંદાજે ૩૦ હજાર લીટર જેટલું પાણી વેડફાઇ રહયું છે. સૌથી વધુ ગંભીર અને તાકીદનું ધ્યાન માંગી લેતો મુદ્દો એ છે કે, પાણીની જયાં નદી વહી રહી છે. તેની બાજુમાંથી જીઇબીની ૧૧ કે.વી.ની લાઇન પસાર થાય છે. જો આ કરંટ પાણીમાં પસાર થાય અને તેના કારણે લોકોને વિજ આચકો લાગે તો ગંભીર હોનારત સર્જાય શકે છે. આટલી ગંભીર પરસ્થિતિ હોવા છતાં કહેવાય છે કે, જીઇબી તેમજ મહાપાલિકા તંત્ર વચ્ચેની હુશા કુશીને કારણે પાણીના નિકાલ કામ અટકી પડયું છે. અને વિજ લાઇન પણ બંધ કરી શકાય નથી. પરિણામે સેકડો હજારો લોકોના જાન જોખમમાં મુકી દેવામાં આવ્યા છે.

વોર્ડ નં.૫ના કોર્પોરેટર દક્ષાબેન ભેંસાણીયાના પતિ અને આ વિસ્તારના અગ્રણી સામાજીક કાર્યકર અરવિંદભાઇ ભેંસણીયાએ છેલ્લા એક સમાહથી જીઇબી અને મહાપાલીકા તંત્ર સમક્ષ રજૂઆતોનો ધોધ વહાવી દીધો છે. પણ તેમની મહેનતનું હજુ કોઇ પરિણામ આવ્યું નથી. કેમ કે આખો મામલો એક સામાન્ય મુદ્દા પર અટવાઇ ગયો છે.

અરવિંદભાઇએ સૌરાષ્ટ્ર ક્રાંતીને સીલસીલા બંધ વિગતો આપતા જણાવ્યું હતું કે, છેલ્લા એક સમાહથી પાણીની મહાકાય પાઇપલાઇન લીકેજ થઇ ગઇ છે. આ પાઇપલાઇન મારફત આખા રણછોડ નગર વિસ્તારને પીવાનું પાણી પહોંચાડવામાં આવે છે. કિંમતી પાણીના જથ્થાનો વેડફાટ થઇ રહયો છે. મહાપાલીકા તંત્રને રજૂઆત કરવામાં આવતા ડે.ઇજનેર જતીનભાઇ પંડયાએ એવું જણાવ્યું હતું કે, જીઇબી વીજ લાઇન બંધ કરે એ પછીજ ત્યાંજ કામકાજ શરૂ થઇ શકે. વીજ લાઇન ચાલુ હોય ત્યારે પાણીની લાઇન લીકેજ બંધ કરવાની કામગીરી જોખમ લઇ શકાય તેમ નથી. તેવું જાણવા મળ્યું છે કે, જીઇબી તંત્ર પહેલા રિપેરીંગના નાણા જમા થાય એ પછી લાઇન બંધ કરવાનો હઠાગ્રહ રાખીને બેઠો છે. આ રીતે બે સ્થાનિક તંત્રની ઉસાતુસી અને અહમને કારણે આ વિસ્તારમાં ગંભીર હોનારતનો ખતરો ઉભો થયો છે. અરવિંદભાઇએ કહયું હતું કે, જીઇબી અને મહાપાલીકા નાણાની ટેકનીકાલીટીના ક્ષલલક મુદ્દા પર લડીને હજારો માનવ જીદગીઓને જોખમમાં મુકવાની અમાનવીય વૃતીના દર્શન કરાવી રહયા છે. જેના કારણે આ વિસ્તારની જનતામાં જબરો રોષ ઉભો થવા પામ્યો છે.

ફંડની સમયસરની ફાળવણી છતાં કેમ ખોરંભે

રામનાથ મંદિરના જીર્ણોધ્ધારમાં ભાજપીઓની ભૂંડી ભૂમિકા

એક કોન્ટ્રાકર ધમકીના કારણે પલાયન, બીજાએ માગ્યું પોલીસ રક્ષણ : શહેરમાં ભારે ચર્ચા

(તસવીરઃ રાજુ બગડાઇ)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

માત્ર રાજકોટ નહીં સૌરાષ્ટ્ર ભરના હજારો લાખો હિન્દુ ભાવિકોના આસ્થાના કેન્દ્ર સમાન અને આજીનદિના કાંઠે બિરાજત શહેરના અતિ પૌરાણીક અને ઐતિહાસીક રામનાથ મહાદેવ મંદિરનું નવિની કરણ અને જીણોધારનું પવિત્ર કાર્ય અટકાવવામાં સ્થાનિક ભાજપના જ કેટલા નેતાઓને ભૂડી ભૂમિકાનો પર્દા ફાસ્ટ થતા સમગ્ર શહેરમાં આ પ્રકરણ ચર્ચાના ચકડોળે ચડયું છે. એવું કહેવાય છે કે, ભાજપના એક ચોક્કસ નેતાની ધમકીને કારણે એક કોન્ટ્રાકટર ડરીને કામ છોડીને પલાયન થઇ ગયો છે. જયારે હાલ કામ સંભારનાર બીજા કોન્ટ્રાટરે પોલીસ રક્ષણ મળે તો જ કામગીરી થાય એવી ધા નાખતા સનસનાટી મચી જવા પામી છે. હાલ તુરતતો વિકાસની ડિઝાઇન ખામી યુકત હોવાનું કારણ સત્તાવાર રીતે દર્શાવવામાં આવ્યું પરંતુ પર્દા પાછળની હક્કિત જુદી છે. અને નેત્ર વિસ્ફારીત કરી મુકી તેવી છે. આખો મામલો હવે મુખ્યમંત્રીના દરબારમાં પહોંચશે તેવું જાણવા મળ્યું છે.

સુમાહિત સાધનો પાસેથી જાણવા મુજબ આજીનદીના કાંઠે સુધ્ધી કરણ કરીને આ પૌરાણીક મંદિરનો વિકાસ કરવાની

(અનુ.પાના નં.૫ ઉપર)

ધમકી આપનાર જે કોઇ હોય તેમના ચહેરા કલેકટરે ખુલ્લા કરવા જરૂરી

રજકોટ : રામનાથ મહાદેવ મંદિરના જીણોધારનું કામ સ્થગિત થઇ જતા લોકોમાં રોષને વેદના નિપરીત પ્રતિભાવો જોવ મળી રહયા છે. કોઇ કહે છે ભાજપ નેતાઓની ધમકીના કારણે કામ બંધ થયું.સત્તા વાર રીતે ડિઝાઇનનો વાંક કાઠવામાં આવી રહયો છે. જયારે લોકો ઇચ્છે છે કે કલેકટરે ધમકી આપનાર જે કોઇ હોય તેમના ચહેરા પ્રજા સમક્ષ ઉઘાડા કરી દેવા જોઇએ. જેમ કે આ સમગ્ર મામલો લોકોની આસ્થા સાથે સંકળાયેલો છે. એટલે કામ બંધ કરવનાર લોકોને પ્રજા ઓળખે એ જરૂરી છે.

મંદિરનું ગંભીર પ્રકરણ મુખ્યમંત્રીના દરબારમાં પહોંચશે

રાજકોટ : રાજકોટ શહેર મુખ્યમંત્રીનું વતન છે. કર્મભુમી છે. રાજકોટની પ્રજાએ મુખ્યમંત્રીને અપૂર્વ પ્રેમ આપ્યો છે. ટેકો આપ્યો છે. ગમે તેવા પડકારો વચ્ચે રાજકોટની જનતા મુખ્યમંત્રીની પડખે રહી છે. ત્યારે તેમના શહેરમાં આસ્થાના કેન્દ્ર જેવા મંદિરનું કામ તેમનાજ પક્ષના કેટલાક તત્વોને કારણે અટકી પડે એ ગંભીર બીના છે. આ આખો મામલો મુખ્યમંત્રીના દરબારમાં પહોંચવાની શકયતા છે.

શહેર ભાજપમાં તાકાત હોય તો નેતાઓને ખુલ્લા પાડે : અશોક ડાંગર

શહેર કોંગ્રેસ પ્રમુખ અશોક ડાંગરે જણાવ્યું હતું કે, ભાજપના નેતાનું કયું હીત સમાયેલું છે કે, કોન્ટ્રાકટરને ધાક-ધમકી આપવી પડી ? સ્વયંભુ શ્રી રામનાથ મહાદેવના દર્શનાર્થે દરરોજ હજજારો ભકતો આવે છે. ભાજપના નેતાઓએ કોન્ટ્રાકટરને ડીઝાઇનને બદલે અન્ય બાંધકામ કરવાની ધાક-ધમકી આપતા કોન્ટ્રાકટરે કામ છોડી દિધું તે વાતને લઇને શહેર ભાજપના નેતાઓમાં તાકાત હોય તો કોન્ટ્રાકટરને ધામ-ધમકી આપનાર નેતાઓને ખુલ્લા પાડે.

કલેકટર નામ આપે તો તપાસ કરીશ : શહેર ભાજપ પ્રમુખ મીરાણીની હૈયા ધારણ

રાજકોટ : રામનાથ મહાદેવ મંદિરએ આસ્થાનું કેન્દ્ર છે અને તેનું કામ ચોક્કસ પણે પૂરૂ થવું જોઇએ એવી. લગણી વ્યકત કરતા શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઇ મીરાણીએ સૌરાષ્ટ્ર ક્રાંતી સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, કામકાજ આડે કોઇ નાની મોટી સમસ્યા હોય તો વહીવટી તંત્રએ વહેલાસર તેનો વહેવારુ ઉકેલ સોધી કાઠવો જોઇએ. આ કામ મુખ્યમંત્રીની લાગણીને ધ્યાનમાં રાખીને શરૂ કરાવ્યું છે. ભાજપ નેતાઓએ ધમકી આપી હોવાના આક્ષેપ અંગે તેમણે જણાવ્યું હતું કે, મને કોઇ એવી ધમકી અંગે જાણકારી નથી હા જો કલેકટર પાસે નામ હોય અને મને આપેતો હું ચોક્કસ પણે તપાસ કરીશ.

રાજકોટમાં ૨૪ કલાકમાં ૨ના મોત

શહેરની ગોલ્ડન સુપર માર્કેટની ૩ સેલ્સ ગર્લનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૫

રાજકોટમાં કોરોનાનું સંક્રમણ વધતુ જાય છે. ૨૪ કલાકમાં રાજકોટમાં ૨ દર્દીના કોરોનાથી મોત નીપજ્યા છે. શહેરમાં કુલ કેસની સંખ્યા ૧૦૩૭૭ પર પહોંચી છે. હાલ રાજકોટમાં ૬૮૮ દર્દી સારવાર હેઠળ છે. રાજકોટમાં ગઇકાલે ૮૩ પોઝિટિવ કેસ નોંધાયા હતા.રાજકોટના અમીન માર્ગ પર આવેલી ગોલ્ડન સુપર માર્કેટની ત્રણ સેલ્સ ગર્લનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આથી મનપાએ આ માર્કેટમાં કાર્યવાહી હાથ ધરી છે.રાજકોટમાં ટેસ્ટિંગ બૂથ, ધનવંતરી રથ, સંજીવની રથ, ૧૦૪ સેવા રથ દ્વારા ટેસ્ટિંગ ટેસ્ટિંગ બૂથ, ધનવંતરી રથ, સંજીવની રથ, ૧૦૪ સેવા રથ, કોવિડ-૧૯ ટેસ્ટિંગ વેહિકલ તેમજ આરોગ્ય કેન્દ્ર ખાતે પણ વિનામૂલ્યે કોરોના ચેક-અપ કરાયું છે. શાકભાજીના ફેરિયા, ઝોમેટો સહિતની એજન્સીના ડિલિવરીબોયના કોરોના ટેસ્ટ કરવાની શરૂઆત કરી છે, જેના ભાગરૂપે મંગળવારી બજાર અને લક્ષ્મીનગર ખાતે આવેલા હોકર્સ ઝોન ખાતે કોરોના ટેસ્ટ માટે કેમ્પનું આયોજન કરાયું હતું, જેમાં ૨૦૦ એન્ટિજન ટેસ્ટ કરતાં ત્રણ ફેરિયાના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે.રાજકોટ શહેરમાં કોરોના સંક્રમણ અટકાવવા માટે સુપર સ્પ્રેડર ગણાતા શાકભાજીના ફેરિયાઓનાં કોરોના પરીક્ષણ શરૂ કર્યાં છે, જેમાં મંગળવારી બજાર અને લક્ષ્મીનગર હોકર્સ ઝોન ખાતે કોરોના ટેસ્ટ માટે કેમ્પ યોજાયો હતો. દિવસ દરમિયાન આ બન્ને સ્થળ પર ૨૦૦ જેટલા ફેરિયાઓના એન્ટિજન કિટથી કોરોના ટેસ્ટ કરાયા, જેમાં ત્રણ ફેરિયા પોઝિટિવ આવ્યા છે. આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે સુપર સ્પ્રેડરના મોબાઇલના આધારે ફેરિયાઓ કોને મળ્યા અને તેમની પાસેથી કોણે કોણે શાકની ખરીદી કરી તેની યાદી તૈયાર થશે અને હાઇરિસ્ક ફેક્ટર ગણાતા પોઝિટિવ આવેલા ફેરિયાઓના પરિવારજનોનો ટેસ્ટ થશે તેમજ ફેરિયાઓના ગ્રાહકોનું ચેક-અપ થશે.

૧૩૬ ફૂડ ડિલવરી બોયને હેલ્થ કાર્ડ ઇસ્યુ કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ : કોરોનાનું સંક્રમણ પ્રસરતુ અટકાવવા માટે મહાપાલિકાએ જોર સોરથી કામગીરી શરૂ કરી છે. સ્વીગી અને ઝોમેટોમાં કામ કરતા ડિલિવરી બોયનું સ્ક્રીનીંગ અને ટેસ્ટીંગ કરવાનો ખાસ કેમ્પ મહાપાલીકાના વેસ્ટ ઝોન કચેરીમાં શરૂ કરી દેવામાં આવ્યો છે. આ કેમ્પમાં ૩૦૦ થી વધુ ડિલિવરી બોર્યસનું સ્ટેસ્ટીંગ કરવામાં આવશે. અને તેમને હેલ્થ કાર્ડ આપવામાં આાવશે. ૧ મહિના બાદ ફરીથી ચકાસણી કરવામાં આવશે. સુપર સ્પ્રેડર બનવાની શકયતા ધરાવતા. શાકભાજી ધંધાર્થીઓ રેકડી અને કેબીનો વાળા તમામને ટેસ્ટીંગ પ્રક્રિયામાં આવરી લેવામાં આવશે.

આજે શહેરના વોર્ડ નં.૮, ૧૧ અને ૧૩ના અનેક વિસ્તારોમાં પાણી વિતરણ ખોરંભે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

રાજકોટ મહાપાલિકાના વોર્ડ૨ વર્કસ હસ્તકના ચંદ્રેશ નગર, પમ્પીંગ સ્ટેશન પર જીએસઆર સફાયની કામગીરી હાથ ધરવાની હોવાથી આ પમ્પીંગ સ્ટેશન હેઠળ આવતા વિસ્તારોમાં ગુરૂવારે પાણીનું વિતરણ કરવામાં આવશે નહીં. વોર્ડ નં.૮ (પાર્ટ), વોર્ડ નં.૧૧ (પાર્ટ) અને વોર્ડ નં.૧૩ (પાર્ટ)માં તા.૨૬ને ગુરૂવારે પાણી વિતરણ થશે નહીં.

જેની જાહેર જનતાને નોંધ લેવા વોર્ટર વર્કસ વિભાગના એ.ડી. સીટી એન્જીનીયરની એક યાદીમાં જણાવ્યું છે. પાણી વિતરણ ૦૫ થવાને કારણે ગૃહીણીઓને મુશકેલીનો સામનો કરવો પડશે. અનેક સોસાયટીઓ આ ત્રણ વોર્ડમાં આવેલી છે. ઉદ્યોગીક સંકુલો પણ આવેલ છે.

દેશનું પથદર્શન કરવાની કાયમી ખાસિયત અને લાક્ષણીકતા રાજકોટ જાળવી રાખે

વેકિસનને હજુ વાર છે, સાવધાનીને બેદરકારીની ખીંટીએ ન ટીંગાડતા

કોરોનાની મહામારી સામે જીતનો એકજ માર્ગ, સતત માસ્ક અને બે ગજની દૂરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૫

વેકિસન આવી રહી છે. આવી ગઇ એવા ટીવી અહેવાલો જોઇ જોઇને સાવધાની તર્ક કરવાની વૃતિ જોર પકડી ન જાય એ જોવાની જવાબદારી એક નાગરિક તરીકે દરેક દરેક વ્યકિતના શીરે રહે છે. અને રાજકોટ હમેશા રાષ્ટ્રીય પ્રવાહો સાથે રહી હમેશા ગુજરાત અને દેશના પથ દર્શન કરતા અભિગમ માટેની ખ્યાતી ધરાવે છે. રાજકોટની એ સર્વોતમ ઇમેજને ઝાંખપ ન લાગે એવી અપેક્ષા રાજકોટવાસીઓ પાસેથી રાખીએ તો વધુ પડતું નહી ગણાય.

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આમ આદમી અને વહીવટી તંત્ર કોરોનાની મહાભયાનક આફત સામે અસાધારણ સંઘષ કરી રહયા છે. હજુ આ યુધ્ધ પુરૂ થયું નથી. લડાઇ ચાલુ જ છે. નરી આંખે જોઇ ન શકાતો દુશ્મન આપણા પર એક યા બીજા ખુણેથી ધા ઉપર ધા કરી જ રહયો છે. રોજે રોજ કોરોના પોઝિટિવના કેસો નિકળીજ રહયા છે. માનવ જિંદગી ઓ એક પછી એક કોરોના રાક્ષશના મુખમાં સ્વાહા થઇ રહી છે. એવા સંજોગોમાં નકકર અસર કરતી વેકિસનના જરા જેટલા સમાચાર પણ લોકોના અંતર મનને ખુશ કરી દે એ સમજી શકાય છે. પરંતુ હજુ આપણે ઘણા માઇલો કાપવાના છે. પાંચ જેટલી વેકિસન તૈયાર થઇ હોવાના દાવા થઇ રહયા છે. જે હજુ પ્રયોગોના તબકામાં જ છે. કોઇ વૈજ્ઞાનિક હજુ નક્કર દાવો કરી શકવાની સ્થિતિમાં નથી. ટ્રાયલ ચાલી રહી છે. ઇલાજ શરૂ થયો નથી. એ ભેદ રેખા સમજવાની જરૂર છે. પાંચ પૈકીની માત્ર એક વેકિસનની ટ્રાયલ ૭૦ ટકા સફળ જણાય છે. અન્યોની અસરકારકતાની ટકાવારી હજુ માત્ર ૫૦ થી ૬૦ ટકા જેવી રહી છે. એટલે બે ફિકર થઇ જવાનો કોઇ અવકાશ રહેતો નથી. એ સૌવે ગણીને ગાંઠે બાંધવાની આજના સમયની જરૂરીયાત છે.

સામાન્ય રીતે ઘોર નિરાસાના અંધકાર જયારે જયારે છવાય ત્યારે આશાનું એક તણખલુ જોઇને હરખ પદુડા થઇ જવાની માનવીય નબળાઇ રહી છે. અલબત રાજકોટ અને સૌરષ્ટ્રની જનતાની વાત કરીએ તો આફતના સમયમાં બહુધા લોકોએ અસાધારણ સમજદારીના દર્શન કરાવ્યા છે. અને રાજકોટટીયનના એ ગુણ જોઇને જ સૌરાષ્ટ્ર ક્રાંતી આજે તેના પાંના ઉપરથી પુરા વિશ્વાસ સાથે તે કહી શકે છે કે, રાજકોટ ચોક્કસ પણે આફતના ઘોડા પુરમાંથી તરીને

(અનુ.પાના નં.૫ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, ATIKA SOUTH ARATI SOC. DHEBAR ROAD RAJKOT-360002 GUJARAT.